"હે ઈમાનવાળાઓ ! અમે તમારી તરફ
લિબાસ ઉતાર્યો જે તમારી શર્મગાહોને છુપાવે."
(સૂરએ અહ્ઝાબ, પારા–૮, રુકૂઅ–૧૦)

# પર્દો શા માટે ?


★ લેખક ★

**હઝરત મૌલાના મુહમ્મદ અન્વર નિઝામી મિસ્બાહી**

રુકન : અલ મજમઉલ ઈલ્મી–મંડઈ (હઝારીબાગ, યુ.પી.)

★ અનુવાદક ★

**પટેલ શબ્બીર અલી રઝવી**



★ પ્રકાશક ★

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા.જિ. ભરૂચ.

ફોન : (૦૨૬૪૨) ૮૨૭૯૨, ૮૨૯૧૧

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૯૬<br>૬–રજબ | આવૃત્તિ–૧<br>હિ.સ. ૧૪૨૩ | પ્રત : ૩૦૦૦<br>સપ્ટેમ્બર–૦૨ |

નૂરાની આર્ટ–દયાદરા. ફોન : ૮૨૭૯૨


## ટી.વી. કા વબાલ

T. V., Video, Disc, C.D. કા હૈ યે ફૈઝાન દેખ !
હો ગયે કિતને મુસલમાં કે કમઝોર ઈમાન દેખ !

સુબ્હ ઉઠકર તૂને T. V. ચાલુ કર દી હૈ મગર
કિસ કદર તન્હા પળા હૈ તાક મેં કુર્આન દેખ !

કૈસે તેરે ઘરમેં રહમત કે ફરિશ્તે આએગેં
નાચતા ફિરતા હૈ તેરે ઘરમેં તો શૈતાન દેખ !

સરબરાહોં કે યહાં દેખા જો T. V. કા વબાલ
આમ લોગોં પર નહીં હોતા મૈં અબ હૈરાન દેખ !

અબ કહીં જાકર હૂઈ ઈબ્લીસ કો રાહત નસીબ
એક T. V. મેં હઝારોં ઝુક ગયે મુસલમાન દેખ !

T. V. પે આરતી હો રહી હૈ દેખ રહા હૈ આશિક તૂ !
ઈમાનકા જનાઝા ન જાયે તો કયા જાયે નાદાન દેખ !

હિચકિચાતા હૈ તૂ T. V. નિકાલને કે વાસ્તે
વકત આયા તો તુઝે દેની પળેગી જાન દેખ !

મેં કહાં તન્હા હૂં મેરે સાથ હૈ આ'લે રસૂલ
કિસ કદર ચેલેન્જ સે કેહતા હૈ **"આકિબ"** ખાન દેખ !
(આકિબ બરકાતી–પેટલાદી)

## ઈમાન તથા અમલ બચાવવા અણમોલ કિતાબો મંગાવો

ડુંગર દૂરથી રળિયામણાં ! જેમ ભ્રામક વાતો કરી કહેવાતા એજ્યુકેટેડ પણ દીનથી અજ્ઞાન એવા લોકોને ભોળવનારી ગુમરાહ **મૌદૂદી જમાઅત** યાને **કહેવાતી જમાઅતે ઈસ્લામી**નો તાર્કિક ધર્મ કેટલો ખતરનાક છે તેને સમજી તેનાથી બચોલ ઈમાનને મજબૂત બનાવો. કેમ કે ઈમાનનો મજબૂત તાયો હશે તો જ અમલની ઈમારત તેના પર ટકી શકશે, નહીં તો કબર તથા કયામતમાં સૌ ભરમો મસ્મિભૂત થઈ જશે. માટે આજે આ કિતાબ મંગાવો :–

**કહેવાતી જમાઅત ઈસ્લામીનો**

**★ શીશ મહલ ★**

(હદિયો ફકત ૩૦/– રૂા.)

તકલીદના મુન્કિર કહેવાતા અહલે હદીષ ગૈર મુકલ્લિદોની ગલત માન્યતાઓનો પર્દો ચાક કરતી કિતાબ

**★ જાઅલ હક્ક (ભાગ–૩) ★**

(હદિયો : ૨૦/– રૂા.)

વહાબી દેવબંદી તબ્લીગી જમાઅતની અસલિયતની ઓળખ આપતી તેમજ સર્વ બાતિલ ફિર્કાઓ શા માટે બાતિલ છે તેને સાદી સરળ ગુજરાતી ભાષામાં સમજ આપતી કિતાબ નવી આવૃત્તિમાં આજે જ મંગાવો :–

**★ રહનુમાએ હક્ક ★**

(હદિયો : ૫૦ રૂા.)

દેવબંદીની ડબલ પોલીસી રજુ કરતી લાજવાબ કિતાબ તમારા ઘરમાં વસાવો :–

**★ ઝલ્ઝલા ★**

(હદિયો : ૩૫/– રૂા.)

## અમારા આગામી પ્રકાશનો

- ★ તોહફાએ નજાત (ભાગ–૮)
- ★ સહાબાનો ઈશ્કે રસૂલ
- ★ રૂહાની હિકાયતો (ભાગ–૨)
- ★ અન્વારુલ કુર્આન
- ★ જાઅલ હક્ક (ભાગ–૪)
- ★ તબ્લીગી જમાઅત

આ કિતાબો ક્રમે ક્રમે બહાર પડશે તો અંજુમન તરફથી બહાર પડતી કિતાબો ૨ બેઠાં **મફત** મેળવવા માટે **૧૫૦/–** M.O. કરી આજે જ મેમ્બર બનો. ઈલ્મે દીન હાંસલ કરો અને ઈમાનને મજબૂત બનાવો તથા અમલની સુધારણા કરો.

## એ ઉપરાંત હાલ નીચે પ્રમાણે કિતાબો અમારે ત્યાં મળશે

| | |
|---|---|
| ★ ફયૂઝાને શરીઅત | ૧૫૦ |
| ★ ઝલઝલા | ૩૫ |
| ★ તોહફાએ નજાત (ભાગ–૨) | ૨૦ |
| ★ તોહફાએ નજાત (ભાગ–૫) | ૫૦ |
| ★ તોહફાએ નજાત (ભાગ–૬) | ૫૦ |
| ★ જાઅલ હક્ક (ભાગ–૧) | ૧૫ |
| ★ જાઅલ હક્ક (ભાગ–૨) | ૧૫ |
| ★ જાઅલ હક્ક (ભાગ–૩) | ૨૦ |
| ★ ઈસ્લામ અને વિશ્વશાંતિ | ૫૦ |
| ★ ઈમામ અહમદ રઝા | ૨૫ |
| ★ સ્ત્રી પુરૂષ ઈસ્લામી રોશનીમાં | ૧૫ |
| ★ ખુત્બાતે નૂરી (તકરીરો) | ૨૦ |
| ★ તોહફાએ મેઅરાજ (નમાઝ) | ૨૦ |
| ★ બુરહાને હક્ક | ૩૦ |
| ★ ઈસ્લામી પ્યારાં નામ | ૧૫ |
| ★ રૂહાની હિકાયતો (ભાગ–૧) | ૨૦ |
| ★ નમાઝનુ મહત્વ તથા જરૂરી મસાઈલ (પોકેટ સાઈઝ) | ૧૫ |
| ★ ગૌષિયા તકવીમ (નમાઝનુ ટાઈમ ટેબલ) ચાર્ટ | ૫ |
| ★ Qanoone Shariat (Part-1) | 75 Rs. |
| ★ Noorani Ta'lim (Part-2 & 5) | 90 Rs. |
| ★ Bahare Shariat (Part-1) | 35 Rs. |
| ★ Wahabi & Deobandi Beliefs | 30 Rs. |
| ★ અકાઈદે ઉલમાએ દેવબંદ | ૦૫ |
| ★ બરકાતે સુન્નત (ભાગ ૧ તથા ૨) | ૧૫ |
| ★ ફયૂઝાને કુર્આન | ૦૮ |
| ★ ઝિના ગુનાહે કબીરા | ૦૫ |
| ★ તાલીમાતે આ'લા હઝરત | ૨૦ |
| ★ સલ્તનતે મુસ્તફા | ૧૫ |
| ★ રહમતે ખુદા બ વસીલાએ અવલિયા | ૧૫ |
| ★ ૧૯૯ દુઆઓ (રહમતોનો ખજાનો) (પોકેટ સાઈઝ) | ૨૦ |
| ★ અકાઈદે ઉલમાએ દેવબંદ | ૨૫ |
| ★ ગૌષિયા તકવીમ (નમાઝનુ ટાઈમ ટેબલ) પોકેટમાં | ૪ |

**પ્રકાશકના સરનામે M.O. કરો.**

| ક્રમ | વિષય | પેજ |
|---|---|---|
| ★ | અનુવાદક તરફથી બે બોલ | ૦૩ |
| ૧ | કિતાબ તથા લેખક વિશે (અઝ : મુફતી શરીફુલ હક્ક رحمۃ اللہ علیہ) | ૦૭ |
| ૨ | પ્રાસ્તાવિક | ૦૯ |
| ૩ | ઈસ્લામમાં પર્દાની ફિલોસોફી | ૧૪ |
| ૪ | પર્દાના વિરોધનાં કારણો | ૧૫ |
| ૫ | સ્ત્રી આઝાદી એટલે શું ? | ૧૬ |
| ૬ | પર્દો ઈજ્જત છે બેઈજ્જતી નથી | ૧૭ |
| ૭ | બે પર્દાપણાની બર્બાદીઓ | ૧૮ |
| ૮ | પર્દાના ફાયદાઓ | ૨૦ |
| ૯ | બેપર્દાપણુ બુરાઈઓની જડ છે | ૨૧ |
| ૧૦ | ઈસ્લામી પર્દો આ જ બુરાઈઓની ઢાલ છે | ૨૨ |
| ૧૧ | પર્દો દિલની પાકીનો સામાન છે | ૨૩ |
| ૧૨ | પર્દા વિશે ગલત ફહમીઓનો ખુલાસો | ૨૪ |
| ૧૩ | પર્દો ઓછામાં ઓછો કેટલા પ્રમાણમાં ? | ૨૬ |
| ૧૪ | નિકાબ | ૨૬ |
| ૧૫ | કયા લોકોથી પર્દો ફર્ઝ છે ? | ૨૬ |
| ૧૬ | પીરથી પણ પર્દો ફર્ઝ છે | ૨૮ |
| ૧૭ | સ્ત્રીઓથી બય્અતનો તરીકો | ૨૯ |
| ૧૮ | સ્ત્રીના માટે સૌથી શ્રેષ્ઠ | ૩૧ |
| ૧૯ | ઈસ્લામમાં હયાનું મહત્વ | ૩૧ |
| ૨૦ | એક હયાવાળી સ્ત્રી | ૩૩ |
| ૨૧ | સ્ત્રીનો અવાજ પણ છુપાવવાની ચીજ છે | ૩૪ |
| ૨૨ | જેવા સાથે તેવા ! | ૩૬ |
| ૨૩ | પોશાક અને પર્દો | ૩૭ |
| ૨૪ | કેટલો પોશાક ફર્ઝ છે ? | ૩૮ |
| ૨૫ | કપડાં પહેર્યા છતાં નગ્ન સ્ત્રીઓ ! | ૪૧ |
| ૨૬ | બારીક કપડાં નીચે જાડાં કપડાં હોય તો વાંધો નથી | ૪૪ |





| ક્રમ | વિષય | પેજ |
|---|---|---|
| ૨૭ | સલ્વાર (ઈજાર) પસંદગી પામેલ પોશાક | ૪૭ |
| ૨૮ | આંખો જીભ નથી પણ... | ૪૭ |
| ૨૯ | પહેલી નજર | ૪૮ |
| ૩૦ | ઈબ્લીસનું ઝહેરમાં બુઝાવેલ તીર | ૪૯ |
| ૩૧ | લા'નત તથા ઈબાદત | ૪૯ |
| ૩૨ | વાળોના પ્રદર્શનનો અંજામ | ૫૧ |
| ૩૩ | નીચી નજર રસ્તાનો હક્ક છે | ૫૧ |
| ૩૪ | સ્ત્રીઓના ઉતરેલા વાળ અને કાપેલા નખો | ૫૨ |
| ૩૫ | શું સ્ત્રી નામહરમને જોઈ શકે ? | ૫૩ |
| ૩૬ | રજા લેવી અને પર્દો | ૫૪ |
| ૩૭ | રજા મેળવવી વાજિબ છે | ૫૫ |
| ૩૮ | બીજાના ઘરનો મતલબ | ૫૬ |
| ૩૯ | પુખ્ત (બાલિગ) બાળકો પુરૂષના હુકમમાં છે | ૫૬ |
| ૪૦ | હોશિયાર બાળકો પણ રજા લે | ૫૬ |
| ૪૧ | માં પાસે પણ રજા લેવી ! | ૫૭ |
| ૪૨ | રજા લેવાની રીત | ૫૮ |
| ૪૩ | રજા ન મળતાં પાછા જાવ ! | ૫૯ |
| ૪૪ | રજા વિના ઝાંકવું પણ જાઈઝ નથી | ૬૦ |
| ૪૫ | ઝાંકવાવાળાની આંખો ફોડી નાખો | ૬૧ |
| ૪૬ | ગૈરો સાથે એકાંત ! | ૬૨ |
| ૪૭ | સ્ત્રીઓનું ઘરોથી નીકળવું | ૬૪ |
| ૪૮ | સ્ત્રી કયારે ઘરેથી નીકળી શકે ? | ૭૦ |
| ૪૯ | ઘરેણાનો ઝનકાર ! | ૭૧ |
| ૫૦ | ખૂશ્બૂ લગાડીને નીકળવું ! | ૭૪ |
| ૫૧ | સ્કૂલોમાં છોકરીઓના શિક્ષણ પર એક નજર | ૭૬ |
| ૫૨ | પ્રોગ્રામોમાં સ્ત્રીઓની હાજરી | ૮૨ |
| ૫૩ | સ્ત્રી અને રોજીની કમાણી | ૮૫ |

## ★ અનુવાદક તરફથી બે બોલ ★

# ☆ દિલ પર હાથ રાખીને વિચારશો ...! ☆

(અઝ : પટેલ શબ્બીર અલી રઝવી—દયાદરવી)

بسم الله الرحمن الرحيم

**પ્યારા દીની ભાઈઓ તથા બહેનો !** કુર્આને પાકમાં આપણને પૈદા કરનાર, આપણને રોજી આપનાર, આપણા વજૂદના અંગ અંગનો, રવે રવાંનો માલિક શું ફર્માવે છે તે જાણો છો ?! સાંભળો ! :–

مَاكَانَ لِمُؤْمِنٍ وَلاَ مُؤْمِنَةٍ اذا قَضٰى اللّٰهُ وَرَسُلُهٗ اَمْرًا
اَنْ يَّكُوْنَ لَهُمُ الْخِيَرَةُ مِنْ اَمْرِهِمْ. وَمَنْ يَّعْسِ اللّٰهَ
وَرَسُوْلَهٗ فَقَدْ ضَلَّ ضَلاَلاً مُّبِيْنًا

**તર્જુમો** : "કોઈ મુસલમાન પુરૂષ તથા સ્ત્રીની એ શાન નથી કે જ્યારે **'અલ્લાહ અને તેના રસૂલ'** કોઈ મામલામાં ફેંસલો ફર્માવી દે, ત્યાર પછી પણ તેને (તે સ્ત્રી કે પુરૂષને) પોતાના મામલામાં અધિકાર બાકી રહે. અને જેણે **'અલ્લાહ અને તેના રસૂલની'** નાફર્માની કરી તે **ઉઘાડો ગુમરાહ** થઈ ગયો." *(સૂરએ અહ્ઝાબ, પા.૨૨, રુકૂઅ–૨)*

હે મુસલમાનો ! આ આયતના તર્જુમાને વારંવાર મનનપૂર્વક, એક એક વાકય કરીને ધ્યાનથી વાંચો ! અને વિચારો કે **મુસલમાનની શાન શું** છે ? અને **અલ્લાહ વ રસૂલ**ના ફેંસલાની વિરૂધ્ધ વર્તવાર **"ઓપનલી ગુમરાહ"** થઈ જાય છે એવું અલ્લાહ ફર્માવે છે.

હવે તમે આંખો બંધ કરીને તમારા દિલને પ્રશ્ન કરો કે **આજે તમે અલ્લાહના ફેંસલા વિરૂધ્ધ, રસૂલના ફેંસલા વિરૂધ્ધ કેટલાં કામો કર્યાં તથા કરતા રહો છો ?!** નમાઝનો હુકમ અલ્લાહ વ રસૂલના તરફથી આવ્યો છે, જૂઠ ન બોલવું, હરામ રોજી ન કમાવવી, નીચી નજરે



ચાલવું, પારકી સ્ત્રીઓને **રોડ પર** કે **ટી.વી. પર** ગમે ત્યાં ન ઝાંકવી ન જોવી, મર્દે પર સ્ત્રીઓનો સ્ત્રીએ પર પુરૂષોનો સ્પર્શ હરગિઝ ન કરવો, વ્યભિચારની નજીક પણ ન જવું ! કોઈનો માલ હજમ ન કરવો, ઉછીના લઈને હાથ ઊંચા ન કરી દેવા, અમાનતમાં ખયાનત ન કરવી, સ્ત્રીએ પર્દામાં રહેવું, માંબાપની ઈજ્જત કરવી, તેમનું દિલ ન દુઃખવવું, બાળકોથી પ્રેમ રાખવો, મોટાઓનું માન રાખવું, પુરૂષે દાઢી રાખવી, સ્ત્રીએ ન આઈબ્રો બનાવવું કે ન ચોટી કતરાવવી, શરાબને હાથ ન લગાડવો, નશાકારક ચીજોથી દૂર રહેવું, જુગાર ન રમવું, નાચ, ગાન, ગીત સંગીતની મેહફિલો ન સજાવવી, ગાળો ન બોલવી, ગીબત ચુગલી ન કરવી, જાનદારના ફોટા ન પાડવા ન પડાવવા, હક્કની તરફદારી કરવી, જૂઠી સાક્ષી ન આપવી.........વગેરે વગેરે.

હવે તમે સોચો કે અલ્લાહના કલામની દ્રષ્ટિએ તમે તો તે ઉઘાડા ગુમરાહોમાં નથી આવી જતા ને ! અને ખુદા ન ખ્વાશ્તા એવું હોય તો હજી તમારો □ાસ ચાલી રહ્યો છે, પળનોય વિલંબ કર્યા વિના તૌબા કરવા માંડો ! અલ્લાહ તૌબા કબૂલ કરનાર મહેરબાન છે. જિંદગીનો કોઈ ભરોસો નથી, આ સોનેરી તકોને જતી ન કરો, નહીં તો આખેરતમાં પસ્તાવા સિવાય કાંઈ જ હાથ લાગશે નહીં. **જેવી રીતે દુનિયાના મામલામાં કોઈ કામમાં નુકસાનની ખબર મળતાં જ પાછા હટી જાવ છો ! સાવધાન થઈ જાવ છો ! તેમ આખેરત પર ઈમાન હોય તો અહીંથી જ પાછા વળો અને ગુમરાહીમાંથી સીધા માર્ગે આવી જાવ તેમાં જ આપણી ભલાઈ છે.**

આજે આપણા સમાજનું અવલોકન કરવામાં આવે તો લગભગ સમાજ ગુનાહોની, ગુમરાહીની ખાઈમાં ડૂબતો જતો જોવા મળે છે. પુરૂષો તથા સ્ત્રીઓ મોટા ભાગે ઈસ્લામ વિરૂધ્ધ જીવનની પળોને ગુજારી રહેલ છે, ઈસ્લામે હરામ ઠરાવેલને ગળે લાગેલાં જોવા મળે છે ! એક હંગામો હોય તો વાત કરીએ જે ક્ષેત્રે નજર જાય છે ઈસ્લામના હમદર્દનું દિલ કકળાટ કરી મૂકે છે કે યા અલ્લાહ ! આ શા હાલ છે અમારી કૌમના !

આજકાલ ટી.વી., વી.ડી.ઓ., પશ્ચિમી ઢબની ટી.વી. ચેનલો પર વ્યભિચાર માટે ઉત્તેજીત કરતી સામગ્રી અધર્મીઓ તરફથી સતત પીરસાઈ

રહી છે અને આ કહેવાતા મુસલમાનો મજાથી તેને આરોગી રહ્યા છે !! આ કહેવાતા આશિકે રસૂલ, આશિકે હુસૈન, આશિકે આલે રસૂલ, આશિકે ગૌષ, આશિકે ઔલિયા......તમામ આશિકીના દાવેદારો અને નારાબાજી કરનારાઓ આકાશમાં ઉડતી પંતગની જેમ થીજીને કલાકોના કલોકો સુધી જોતા રહે છે. બાળકો પણ, યુવાનો પણ, કહેવાતા વડીલો પણ, અને **હવે તો કહેવાતા રહબરો પણ !!** કહેવાતા રહબરોના ઘરો ઉપર પણ છત્રીઓ ઊંધી જડેલી જોવા મળે છે ! એના થકી શરીઅતના માન્ય કયા પ્રોગ્રામ આવે છે ! એ તો તેઓ જ બતાવે ! પશ્ચિમી દેશોની ઈસ્લામની દુશ્મન તાકતોએ એવું લપસણુ નશાકારક **શૈતાની યંત્ર (ટી.વી.)** આ કૌમના હાથમાં પકડાવી દીધું છે કે તેનાથી લપસી લપસીને જહન્નમ તરફ સરકી રહ્યા છે ! અને જેમ દારૂ પીને નશામાં મસ્ત માણસ પોતાને બાદશાહ સમજી મસ્તીમાં ગંદી ગટરમાં ગોઠાં ખાતો ફરે છે તેમ આ ટી.વી.ના, ચેનલોના નશામાં રાચતા આપણા ભાઈબહેનો પણ ગુમરાહીના અંધકારમાં ગોઠાં મારી રહ્યા છે !

*બદ્‌કારીયોં કે મુલ્ક કે સુલતાન બનાયે*
*ઈલ્હાદ દિયા, ખારિજે ઈમાન બનાયે*
***T. V.** કી મુસલમાનોં કો સૌગાત અતા કી*
*શૈતાનને કુછ ઔર ભી શૈતાન બનાયે !*

*(આકિબ બરકાતી પેટલાદી)*

ખુદારા ! હોશમાં આવો ! મુસલમાનો હોશ સંભાળો ! જુઓ, આ **ટી.વી.** એ તમારી શું હાલત કરી છે ? જુઓ ભાઈઓ ! **શરમ તથા હયા સ્ત્રીનું અણમોલ ઘરેણું હતું તે લૂટાઈ ગયું છે, પોતે સભ્યતાથી શરીરને વ્યવસ્થિત ઢાંકીને આપણી ઔરતો ઈજ્જતથી રહેતી હતી તેને બદલે આજે અંગે અંગનો નકશો જાહેર થાય તેવાં ચુસ્ત પારદર્શક કપડાં પહેરીને, અંગોનું પ્રદર્શન કરાવતી કરાવતી ઠેર ઠેર ભટકી રહી છે** ! પર્દો ગયો, ઓઢણીઓ ગઈ ને સ્કાફ આવ્યા તે પણ ટાંચા ! ન વાળ ઢંકાઈ, ન સીનો ઢંકાઈ, ન શરીર ઢંકાઈ ! તૌબા ! આખી બાંયો રહેતી હતી તે કટ થતી થતી હવે ખભે સુધી પહોંચવા આવી ! માંસલ હાથોનું



ઈરાદાપૂર્વક પ્રદર્શન થઈ રહ્યું છે ! અને ગળાના કટ **"વેશ્યા કટ"** થઈ રહ્યા છે ! અને આ બધું કરવામાં પોતાને સ્ત્રી હોશિયાર બહાદુર ગણે છે અને તેનો પતિ કે ભાઈ, બાપ આવી કઢંગી હાલતમાં તેની સામે પોતાની પત્ની, બહેન કે દીકરી ઘુમતી રહે છે, છતાં **દૈયૂષ**ની જેમ તેને જોવા છતાં આંખ આડા કાન કરે છે અને પોતાને સુધરેલો **"એડવાન્સ મેન"** ગણે છે ! પર્દો કુર્આનની સ્પષ્ટ આયતથી ફર્ઝ ઠર્યો, હદીષમાં તેની સખત તાકીદ થઈ છે છતાં જાણે બે પર્દા હોવું ગુનોહ જ નથી ! એવી રીતે લોકો જીવી રહ્યા છે ગુનાહને જાણે ગુનોહ જ નથી જાણતા. **હે મુસલમાન બહેનો !** શું તમે અલ્લાહના રસૂલને ચાહો છો ? તેમની વાતો પર તમારું ઈમાન છે ? જો છે તો સાંભળો ! રસૂલે صلی اللہ تعالیٰ علیہ وسلم પાક ફર્માવે છે કે :–

**"જે સ્ત્રી એટલા માટે શણગાર કરે કે લોકો તેના પ્રતિ આકર્ષાય તો તે સ્ત્રી વ્યભિચારીણી (ઝાનિયહ્‌) છે."**

આજે તો લોકોનું ધ્યાન ખેંચાય એટલા માટે જ તો નવી નવી શરમનેય શરમાવે તેવી ફેશનોવાળાં ભપકાદાર ભડકીલાં કપડાં, એવાં કપડાં જે શરીરને વધુ ને વધુ જાહેર કરે ! તે પહેરવાને ગર્વની વાત સમજવામાં આવે છે. પ્યારી બહેનો ! ઉપરોકત હદીષમાં એવી સ્ત્રીને વ્યભિચારીણી કહેવામાં આવી છે. અને વ્યભિચારની સજા જહન્નમની સખ્ત આગ છે. માટે પોતાની જાત પર રહમ ખાવ અને પર્દાને અપનાવી બંને દુનિયામાં ઈજ્જત મેળવી લો. પર પુરૂષ પર સ્ત્રી એક બીજાને જુએ તેના વિશે એક હદીષમાં છે કે :–

**"જેના તરફ જોવામાં આવે અને જે જુએ બંને પર અલ્લાહની લઅ્‌નત !"**

બસ ! તમને અલ્લાહ વ રસૂલ પર યકીન હોય તો ખુદાને ખાતર પ્રસ્તુત કિતાબ **"પર્દો શા માટે ?"** ને ધ્યાનપૂર્વક વાંચો અને એના પર અમલ કરો અને કરાવો એમાં જ બંને જહાનની ભલાઈ તથા બંને જહાનમાં ઈજ્જત છે. **વમા અલૈના ઈલ્લલ બલાગ.**

**–પટેલ શબ્બીર અલી રઝવી**

## ★ કિતાબ તથા લેખક વિશે ★

**અઝ** : ફકીહે આ'ઝમે હિંદ શારહે બુખારી

**હઝરત અલ્લામા મુફ્તી શરીફુલહક્ક અમજદી** رحمة الله عليه

(માજી સદર સૂબાએ ઈફતાઅ્ અલજામેઅતુલ્ અશરફિયહ્–મુબારકપુર)

بسم الله الرحمن الرحيم

نحمده ونصلي على رسوله الكريم

જનાબ મૌલાના અન્વર અલી નિઝામી સાહબ ઝયદ મજદહુમની આ કિતાબ જે સ્ત્રીઓના પર્દાના વિશે છે તેને મેં લગભગ આખી એમનાથી સાંભળી છે જે ઘણા મહત્વના અને લાભકારક મુદ્દાઓ પર આધારિત છે. સ્ત્રીઓની બેપર્દગી ઘણી આમ થતી જઈ રહી છે જે માહોલના માટે ખતરનાક છે. એ બેપર્દગીનાં બુરાં પરિણામો રોજબરોજ સાંભળવામાં આવે છે પરંતુ પુરૂષોની શરમ જાણે કે પૂર્ણ થઈ ગઈ કે તેઓ એના પ્રતિકારના માટે કોઈ અસરકારક પગલાં  નથી લેતા, જ્યારે કે માહોલને ગંદકીથી બચાવવાના માટે આ ઘણુ જ જરૂરી છે. અકબર ઈલાહાબાદીએ કહ્યું છે :

**બે પર્દા કલ જો આઇં નઝર ચંદ બીબિયાં**
**અકબર ઝમીમેં ગૈરતે કૌમીસે ગળ ગયા**
**પૂછા જો મૈંને આપકા પર્દા વો કયા હુવા**
**કહને લગીં કે અકલ પે મર્દોકે પર ગયા**

પોતાની શરમથી ઉત્તેજીત થઈને એકવાર અકબરે આ પણ કહ્યું :

**ખુદાકે ફઝ્‌લસે બીબી મિયાં દોનોં મુહઝ્ઝબ હૈં**
**ઉન્હે પર્દા નહીં આતા ઉન્હેં ગુસ્સા નહીં આતા !**



અને સૌથી ખતરનાક એક રિવાજ પડી રહ્યો છે કે કેટલીક પર્દાનશીન બનનારી સ્ત્રીઓ બુરખો ઓઢીને ઘરેથી નીકળે છે અને પોતાના મહોલ્લા અને વસ્તીમાં તો મોઢું છુપાવેલ રાખે છે અને જેવો મહોલ્લો અને વસ્તીથી બહાર થઈ તો બુરખામાં લપેટાઈને તો રહે છે પણ મોઢું ખોલી નાખે છે ! તેમને કોઈ પૂછે કે જ્યારે મોઢું ખોલીને ફરવું છે તો બુર્ખામાં લપેટાઈ રહેવાનો શો અર્થ ?! બુરખો ઉતારીને ફેંકી દો ! બુરખામાં લપેટાયેલ રહેવાથી એ જણાય આવે છે કે આ મુસલમાન સ્ત્રીઓ છે. જ્યારે મોઢું ખોલીને જ ચાલવુ છે તો બુરખો લપેટવાનો એ સિવાય એનો બીજો શો મતલબ થશે કે આ સ્ત્રીઓ એલાન કરવાનું ઈચ્છે છે કે અમો છીએ તો મુસલમાન સ્ત્રીઓ પણ શરમ અને શરીઅતની હદોને ખેદાન મેદાન કરીને મોડર્ન બની ચૂકી છીએ !!

મૌલાનાની આ કોશિશ આ માહોલમાં દાદને પાત્ર છે. મારી દુઆ છે કે અલ્લાહ عزوجل એમની આ કિતાબને પોતાના બંદાઓની હિદાયતનો ઝરિયો બનાવે. આમીન....

**મુહમ્મદ શરીફુલ્ હક્ક અમજદી**
૮–ઝીલહજ્જ, હિજરી–૧૪૧૬,
ઈ.સ. મુજબ ૨૭–૪–૧૯૯૬

## ★ પ્રાસ્તાવિક ★

**આઈનેકો ફિઝામેં ઉછાલા ન કીજિએ**
**કયા કીજિએગા ગિરકે અગર ચૂર હો ગયા ?**

## ★ પુરૂષોની જવાબદારીઓ ★

આ સળગતો માહોલ, આ ધ્રુસ્કાં લેતી ઈન્સાનિયત, આ લીલામ થતી આબરૂ, ચરિત્રના ઉડતા લીરાઓ, બદકારીઓનાં ફેલાતાં જંતુઓ, શરાબ તથા કબાબની મતવાલી દુનિયા, હરામ તથા હલાલમાં ભેદભાવ ન કરનાર માહોલ, આવારગી તથા બેપર્દગી બેશરમીપણુ તથા બેહયાઈ એ સૌ જહન્નમના રસ્તાના હસીન તથા ખૂબસૂરત માઈલ સ્ટોન છે જેમાં જાહેરી ચમક દમક, શોભા તથા ભવ્ય ભપકો છે. આ નવી રંગીનીઓનો ધોકો શદ્દાદની જન્નત અને દજ્જાલના ધોકાથી કમ નથી. જાહેરમાં હસીન, સુંદર પણ આંતરિક રીતે ગુનાહોમાં ડૂબતી રાતોએ બદકારીઓની ઊંડી ખાઈઓ બલ્કે જહન્નમના ભડકતા અંગારાઓમાં લઈ જનાર સબબો એમાં છુપાયેલ છે. જહન્નમનું બળતણ દુનિયાના લાકડા પેટ્રોલ અને કોલસાઓ નથી પરંતુ ઈન્સાન છે ઈન્સાન !

فَاتَّقُوا النَّارَ الَّتِي وَقُودُهَا النَّاسُ وَالْحِجَارَةُ

"બચો એ આગથી જેનું બળતણ માણસ અને પથ્થર છે."

એ જહન્નમથી પોતાનાં ઘરો, ખાનદાન અને માહોલને બચાવો અને પોતે પણ બચો. હા ! આ તમારા ઉપર વાજિબ છે. તમારા માટે, ઘરવાળાઓના માટે, ખાનદાનના માટે એમાં દુનિયાવી તથા આખેરતના ફાયદાઓ છુપાયેલ છે, નહીં તો અઝાબે ઈલાહી કોઈ પણ સૂરતમાં નાઝિલ થઈ શકે છે.

يَآأَيُّهَا الَّذِينَ آمَنُوا قُوا أَنفُسَكُمْ وَأَهْلِيكُمْ نَارًا

"અય ઈમાનવાળાઓ ! પોતાને અને પોતાના ઘરવાળાઓને



જહન્નમથી બચાવો."

## ★ જવાબ આપવો પડશે ! ★

દુનિયા થોડાક દિવસની છે, એની રોનકો બે દિવસની છે, ચાર દિવસની ચાંદની પર અભિમાન કરવું અક્કલવાળાઓનું કામ નથી. કિયામત આવનારી છે. તમને પોતાનાં બાળ બચ્ચાંઓના નિગરાં અને હાકિમ બનાવવામાં આવ્યા છે. જો ઘરવાળાઓમાં ખરાબી આવી ગઈ તો એનો જવાબ તમારે આપવો પડશે. હા ! ખુદાએ પુરુષોને હાકિમ બનાવ્યા છે.

الرِّجَالُ قَوَّامُونَ عَلَى النِّسَاءِ

*"પુરુષ સ્ત્રીઓ પર હાકિમ છે."*

અને હાકિમે પોતાની હુકૂમતનો હિસાબ આપવો પડશે, તમારી તાલીમ હેઠળના લોકો કેમ આવારા થઈ ગયા ?

كُلُّكُم رَاعٍ وَكُلُّكُمْ مسئُلٍ عَنْهُ

*"તમારામાંની દરેક વ્યકિત હાકિમ છે અને દરેક વ્યકિત પોતાની હુકૂમતનો જવાબદાર છે."*

તમારા ઘરની સ્ત્રીઓ આવારાપણું અને બેહયાઈ અપનાવે છે અને તમે એમને સખ્તાઈથી મના નથી કરતા તો તમારે પણ એની સજા ભોગવવાની રહેશે અને તે સ્ત્રીઓ પર ફિસ્કો ફુજૂર તથા આવારગીનો હુકમ લાગશે તો તમારા પર બેશરમ, દૈયૂષ (ભડવા) અને ફાસિક તથા ફાજિર હોવાનો હુકમ લાગશે. બેપર્દગી બલામાં જેવી રીતે તેણીઓએ સજા ભોગવવી પડશે, તેવી જ રીતે મના ન કરવાનો વબાલ તમારા પર પણ આવશે , કેમ કે તમને હાકિમ બનાવવામાં આવ્યા છે.

આ અજબ મંજર છે કે જેમને હાકિમ બનાવવામાં આવ્યા તે હુકમ માનનારના તાબે ફર્માન થતા જાય છે ! તે શું પોતાની વાતો એમનાથી મનાવાવશે કે ખૂદ એમની આગળ માથું નીચું કરીને બેઠા છે !

**જો ચાહે આપકા હુસ્ને કરિશ્મા સાઝ કરે**

## ★ અય ઈસ્લામની શહઝાદીઓ ! ★

ઈસ્લામના આ ઉમદા પયગામો ઉપદેશો તમારા માટે છે ! તમને તમારી ઈજ્જતનો એટલો વિચાર નથી જેટલી તમારી પવિત્રતાની રક્ષા મઝહબે ઈસ્લામે કરી છે. ભલા બતાવો ! જે ઈસ્લામે તમને અતિ બેઈજ્જતીથી બહાર કાઢીને ઈજ્જત તથા મહાનતાની ઉચ્ચ ચોટી પર ખડી કરી દીધી, તમને દરેક પ્રકારની મુકિતઓથી નવાજી, જન્મથી લઈને નિકાહ અને બીજી બાબતોમાં પુરુષોની જેમ ઈખ્તિયાર આપ્યો, તમને એમની જેમ માલદૌલતમાં હિસ્સેદાર ઠરાવી. વિચાર કરો ! તમારી હૈસિયત એક ગુલામથી વધારે ન હતી, દુનિયાએ તમને ઠુકરાવી દીધી હતી, તમારા મુરઝાયેલ ચહેરા પર તાજગીનો પાવડર કોણે માલીશ કર્યો ? તમારો ખોવાયેલ વકાર કયાંથી પાછો મળ્યો ? તમને ઈસ્લામે મહાન કરી. દુનિયાએ તમને બુરાઈ તથા ઝઘડાની જડ ગણી નાખી હતી પણ ઈસ્લામે તમને અમ્નો શાંતિ તથા ચૈન પામવાનું સ્થાન ગણાવી. તમારું અસ્તિત્વ દુનિયાના માટે જહન્નમ કલ્પવામાં આવતુ હતું પણ ઈસ્લામે તમારા કદમો નીચે જન્નત રાખી દીધી !

પણ તમે છો કે પાછી એ જ દુનિયા એ જ કુસંસ્કૃતિ અને એ જ જાહેર પરસ્તી પર જાન આપી રહી છો ! આ દુનિયા તમને તમારા હક નથી અપાવી શકતી. તમારા હક્કોની તલાશ હોય તો ઈસ્લામના દામનમાં રહો, જેણે તમને ઈજ્જત આપી તે જ તમારા હક્કોની દેખભાળ કરશે.

અને સૌથી મોટી વાત તો એ છે કે તમને ખુદાએ ઈમાનની દૌલતથી માલામાલ કરી છે, પછી તમારી એ શાન ન હોવી જોઈએ કે ઈમાનના દુશ્મનોની સાંભળો, તેઓ ઈસ્લામના અને ઈસ્લામી રિવાજોના દુશ્મન છે, ઉન્નતિના નામ પર તમારી પવિત્રતા બલ્કે ઈમાનની દૌલત ઝૂંટવી રહ્યા છે. ખુદારા પોતાની લાયકાતને ઓળખો અને માહોલમાં એવો ઈન્કિલાબ પેદા કરો કે દુનિયા કહી ઉઠે કે આ તે જ ઈસ્લામની સરફરોશ મહિલાઓ છે જેમણે કયારેક ઈતિહાસને ખાલિદ તથા અબૂ ઓબૈદા, તારિક ઈબ્ને ઝિયાદ તથા મુહમ્મદ બિન કાસિમ અને સલાહુદ્દીન ઐયૂબી જેવા મુજાહિદ, ગિઝાલી તથા રાઝી જેવા ઈલ્મવાળા અને ગૌષ તથા ખ્વાજા જેવા રૂહાની (આધ્યાત્મિક)



પેશવા અર્પણ કર્યા હતા.

**તુમ્હારે સર પર યે આંચલ બહુત હી ખૂબ હૈ લેકિન**
**તુમ ઈસ આંચલસે એક પરચમ બના લેતીં તો અચ્છા થા**

શું તમે એ જણાવી શકો છો કે પશ્ચિમી રીતભાત, આઝાદીની જિંદગી, બેપર્દાપણું, દુનિયાવી શિક્ષણ, કારખાનાંઓ, તાલીમ સ્થળો, ઓફિસો અને રાજકરણના સ્ટેજ પર આવીને કોઈ સ્ત્રીએ નેકનામી પ્રાપ્ત કરી છે ? શું દુનિયાએ તેને સારું જાણ્યું છે ?? ખબર નહીં કે એવી સ્ત્રીઓ ઈજ્જતદાર માહોલમાં કેટલી હલકી ગણવામાં આવે છે ! એ અલગ વાત છે કે અમુક નફસના બંદાઓના પ્રસંશાના શબ્દો અને એમની દાદ તથા તારીફથી ટેમ્પરરી એમને પોતાની સફળતા અને મહાનતાનો એહસાસ થાય છે, પણ વિચારો તો એ જ લોકો એમને ગેરહાજરીમાં કયા નામ અને કેવા લકબોથી યાદ કરે છે !

**સુન તો સહી જહાંમેં હૈ તેરા અફસાના કયા**
**કહતી હૈ તુઝકો ખલ્કે ખુદા ગાઈબાના કયા**

તમારા દીનમાં કઈ ચીજની ઉણપ ખોટ છે તમારી ઈસ્લામી સંસ્કૃતિમાં દરેક ખૂબી મૌજૂદ છે. હક્કો અને મુકિતઓ, ઈજ્જત તથા મહાનતા, મહબ્બત તથા ઉલ્ફત, ઈલ્મ તથા અમલના પાકીઝા અને સુંદર ફૂલ જેની અત્તરની સુગંધથી આખી દુનિયા મહેકી રહી છે. એની ભીની ભીની ખુશ્બૂઓ આજે પણ દુનિયાની કૌમોના આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. આપણે કોઈ સંસ્કૃતિના મોહતાજ નથી, આપણા સારા અખ્લાકથી દુનિયાએ જીવવાના અંદાજો શીખ્યા છે. મુસલમાનની શાન એ નથી કે પોતાની ખૂબીઓ સારી રીતોના બદલે બીજાઓની ખામીઓ ખોટી રીતોને અપનાવે.

જો આપણા દિલમાં ઈમાન તથા યકીનની દૌલત છે તો તમારા રાત દિવસ હમેશાં આ આયતની તફસીર બની શકે છે :–

مَاكَانَ لِمُؤْمِنٍ وَلاَ مُؤْمِنَةٍ اذا قَضَى اللّٰهُ وَرَسُوْلُهٗ اَمْرًا
اَنْ يَّكُوْنَ لَهُمُ الْخِيَرَةُ مِنْ اَمْرِهِمْ. وَمَنْ يَّعْصِ اللّٰهَ
وَرَسُوْلَهٗ فَقَدْ ضَلَّ ضَلاَلاً مُّبِيْنًا

*"કોઈ મુસલમાન સ્ત્રી અને પુરુષની એ શાન નથી કે જ્યારે અલ્લાહ અને એના રસૂલ કોઈ મામલામાં ફેંસલો ફર્માવી દે તો પણ એમને પોતાના મામલાનો ઈખ્તિયાર બાકી રહે. અને જેણે અલ્લાહ અને એના રસૂલની નાફર્માની કરી તે ખુલ્લો ગુમરાહ થઈ ગયો."* (સૂ. અહઝાબ, પા. ૨૨, રુકૂઅ–૨)

ઈસ્લામી હુકમો તમારી સલામતી તથા બકા અને આઝાદી સ્વતંત્રતાનો રક્ષક છે, જરા એનો અભ્યાસ કરો અને એના માળખામાં જિંદગીની રોજનીશીને ગોઠવી દો તો માથાની આંખો વડે દુનિયામાં જન્નતનો નમૂનો જોઈ લેશો.

**હાલાતકી ગર્દિશને ચલાએ હૈં જો મુઝ પર**
**અય કાશ ! વો નશ્તર તેરે એહસાસ પે ચલ જાએ**



بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

# ☆ ઈસ્લામમાં પર્દાની ફિલોસોફી ☆

ઈસ્લામથી પહેલાં જાહેલિયતના જમાનામાં અરબોનો માહોલ સતર તથા પર્દાના ખયાલથી બિલ્કુલ ખાલી જોવા મળે છે. આ જ કારણે નગ્નતા તથા બિભત્સપણાના પુષ્કળ દ્રષ્ટાંતો એ સંસ્કૃતિમાં જોવા મળે છે, જેવું કે કુર્આને **"તબર્રુજુલ જાહિલિય્યહ"**થી તાબીર કર્યું (સરખાવ્યું) છે. રૂપનું પ્રદર્શન, શણગારને જાહેર કરવું, નઝાકત તથા નખરા એ વ્યકિતગત કે જાહેર મજલિસોમાં સામાન્ય હતાં. સ્ત્રીઓ એવા પોશાક પહેરતી કે ગળુ અને છાતીનો પર્દો ન થઈ શકતો. દુપટ્ટાનો વપરાશ હતો જેથી માથા પર ઓઢીને એના બંને છેડા પીઠની તરફ લટકાવી દેવામાં આવતા, લાંબા ગળાઓનાં કટીંગોમાંથી બેપર્દગી જાહેર થતી રહેતી હતી.

અલંકારોનો રણકાર અને ભડકીલી ખૂશ્બૂઓથી આસપાસનાંને પોતાના તરફ ધ્યાનિષ્ઠ કરવું, અભિમાનથી ચાલવું અને પર પુરૂષોની નજરોના માટે પોતાની જાતમાં દરેક પ્રકારનું આકર્ષણ પેદા કરવાની કોશિશને ઐબ ન સમજવામાં આવતી હતી જેના કારણે બદકારી, બિભત્સપણુ અને ઝિનાકારી જેવા ગુનાઓ ઈન્સાની સંસ્કૃતિને ખેદાન મેદાન કરી રહ્યા હતા. સારાંશ દરેક તે નાઝ તથા અંદાઝ જેનાથી પર પુરૂષો આકર્ષાય તેને અપનાવવામાં સ્ત્રીઓ શરમ અનુભવતી ન હતી.

**મઝહબે ઈસ્લામ :** જેનો મતલબ એક પાકીઝા અને સમતોલ સમાજની સ્થાપના કરવી છે. તે જેવી રીતે આંતરિક પાકીના માટે ઈબાદતનો ઉસૂલ પેશ કરે છે તેવી જ રીતે જુલ્મ તથા બળ, ચારિત્ર્યની નીચતા અને સમાજના અન્ય ભયંકર ગુનાહોના ખાતમાનો ઉસૂલ પણ આપે છે. આ જ કારણ છે કે એક તરફ ઝિના તથા બદકારીના ગુનેહગારોના વિરૂધ્ધ હદો તથા સજાઓ નક્કી કરવામાં આવી જેથી ગુનેહગાર પાછો કયારેય બુરાઈનો

ખયાલ પણ ન કરી શકે, તો બીજી તરફ એ બુરાઈઓના પ્રતિકાર માટે દરેક તે ચોર દરવાજાઓને પણ બંધ કર્યા છે જેનાથી આ નાસૂરને દાખલ થવાનો સંભવ હતો.

બુરુ ચારિત્ર્ય તથા બિભત્સતાઓથી સમાજને પાક કરવાના માટે ઈસ્લામે બે પ્રકારના પગલાંઓ લીધાં :–

**(૧)** ગુનાહો અને બદકારીઓના પ્રતિકાર અને ઈજ્જત આબરૂના રક્ષણના માટે પર્દાની વ્યવસ્થા.

**(૨)** ગુનાહોમાં સપડાયા બાદ ભાવિમાં એની (તે માણસની) સુધારણા અને ગૈરોની ઈબ્રત (બોધપાઠ) ના માટે હદો અને સજાઓને લાગુ પાડી.

અહીં મારો વિષય પહેલી રીત છે જેનો બુનિયાદી મકસદ સમાજને ગુનાહોથી પાક કરીને ઈજ્જતનું રક્ષણ છે.

## ★ પર્દાના વિરોધનાં કારણો ? ★

આજકાલ અમુક ગલતફહમીઓ, જહાલતો કે સ્વાર્થીપણાના લીધે પર્દાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ખાસ કરીને મોડર્ન સંસ્કૃતિના ચાહકોએ તો પર્દાની સૂરત જ વિકૃત કરી નાખી છે અને એને સ્ત્રીઓનો હક્ક મારવો, બેઈજ્જતી, ગુલામી અને તેણીઓ પર જુલ્મ ગણાવેલ છે અને જે વાંધાઓ કરવામાં આવી રહ્યા છે તે કાંઈક આ પ્રકારના છે :

**(૧)** પર્દો સ્ત્રીની આઝાદીનો દુશ્મન છે અને એની પ્રાકૃતિક ખૂબીઓના વિકાસમાં આડ છે.

**(૨)** પર્દો સ્ત્રીઓની ગુલામીભરી, બેઈજ્જતી અને એમનો હક્ક મારવું છે.

આ અને આ પ્રકારના વાંધાઓ કરનારા થોડી બુધ્ધિ અને ચિંતનપૂર્વક કામ લે તો આ વાત નક્કી થઈ જાય છે કે આ વાંધાઓને ઈસ્લામી પર્દાથી દૂરનો પણ સંબંધ નથી.



## ★ સ્ત્રી આઝાદી ! ★

ઈસ્લામી પર્દાનો મકસદ ન તો સ્ત્રીઓને ગુલામીની જંજીરોમાં જકડવું છે, ન તો તેમની પ્રાકૃતિક ખૂબીઓનો છેદ ઉડાડવાનો હેતુ છે, બલ્કે ઈસ્લામી પર્દો સ્ત્રીઓને ઈજ્જત, આબરૂ અને ચારિત્રની મહામૂલી દૌલતથી નવાઝે છે. પર્દાનો મકસદ એમના હુસ્નો જમાલ અને ઈજ્જત આબરૂની અનમોલ દૌલતને લાલચુ નજરોથી બચાવવું છે.

સ્ત્રીનું આખુ સ્ટ્રકચર સાજ, શણગાર, નઝાકત તથા સૌંદર્ય અને આકર્ષણ તથા ખેંચાણનુ પૂતળુ છે. તેના વજૂદમાં દિલોને આકર્ષનાર અને નજરોને મજબૂર કરનાર ચીજો ખૂબ પ્રમાણમાં સમાએલી છે. પરંતુ ઈસ્લામ મઝહબમાં હવસોને પૂરી કરવા તથા લિજ્જતો પ્રાપ્ત કરવાની ખુલ્લી આઝાદી નથી પરંતુ તેને શરઈ પત્નીઓ તથા લોંડીઓના વર્તુળમાં ઘેરી લેવામાં આવેલ છે, જેથી પત્નીઓના સિવાય ગૈર સ્ત્રીઓ, અન્યના દિલને આકર્ષવાનું કારણ ન બને એટલા માટે દિલ તથા નજરોની હદબંધી અને સૌંદર્ય તથા ખૂબસૂરતીને છુપાવવી જરૂરી છે જેથી એકબીજાની ઈજ્જત બાકી રહે. અને આ એ જ સમયે બની શકશે જ્યારે સ્ત્રીઓના આકર્ષક વજૂદને છુપાવવામાં આવે.

એ જ પ્રમાણે સ્ત્રીઓમાં સ્વપ્રદર્શનની ભાવના કુદરતી રીતે પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે એટલા માટે તેમને એની પાબંદ બનાવવામાં આવી છે કે તેણીઓ પોતાની ખૂબસૂરતી અને સૌંદર્યને ગૈર પુરૂષોથી છુપાયેલ રાખે જેથી સ્વપ્રદર્શનના ધોકામાં ફસાઈને પોતાની ઈજ્જતની અનમોલ દૌલત ન ખોઈ બેસે.

ઈસ્લામ એ પણ નથી કહેતો કે સ્ત્રીઓ લાચાર થઈને રહી જાય અને પોતાની શરીઅત અને તબિયત પ્રમાણેની દરેક પ્રકારની જરૂરતોનો જનાઝો કાઢી નાખે અને આખી દુનિયાથી અલગ ગોશાનશીન બની જાય ! ઈસ્લામમાં એની મંજૂરી છે કે સ્ત્રી પોતાની જરૂરિયાતની પૂર્ણતાના માટે શરીરના અંગોને જાડા કપડામાં ઢંકાયેલ રાખીને ઘરેથી નીકળી શકે છે. એમની ફિતરી લાયકાતોની પૂર્ણતાના માટે ધાર્મિક જ્ઞાનની પ્રાપ્તિ ફર્ઝ કરવામાં આવી. હસ્તકલા, ઘરકામ અને બાળકોની દેખભાળ તથા ઉછેર માટેના કાયદાઓ

શીખવાની તાકીદ કરી છે, સારાંશ કે જાઈઝ તરીકાથી તેમની લાયકાતોને ઉપયોગી બનાવવા પર જોર આપવામાં આવ્યું છે અને પર્દો એમાં કોઈ રીતે પણ અડચણરૂપ નથી.

અલ્બત્ત ઈસ્લામ એની છૂટ નથી આપતો કે નગ્ન, અર્ધનગ્ન કે બારિક પોશાકમાં સજજ થઈ ભરપુર શણગાર કરીને ભડકાવનારી ખૂશ્બૂઓમાં તર થઈને ગર્વભેર લટક મટક કરતી સ્ત્રી જાહેર માર્ગો, કલબો અને પાર્કોમાં પોતાના સૌંદર્યનું પ્રદર્શન કરતી ફરે અને આવારા, બદમાશ નજરોનું નિશાન બને. ઈસ્લામી પર્દો સ્ત્રીઓની આઝાદી ખતમ નથી કરતો પણ તેણીઓને શરમ લાજથી પણ આઝાદ જોવા નથી ઈચ્છતો.

ખરી રીતે સ્ત્રી આઝાદીના નારાઓ લગાડનાર નફસના બંદાઓ સ્ત્રીઓના શુભેચ્છક નથી પરંતુ બુરુ ઈચ્છનાર છે. તેઓ તેમની ઈજ્જત, આબરૂ, પવિત્રતા અને સ્ત્રીત્વમય વકારના દુશ્મન છે. તેઓ ઈચ્છે છે કે દિલ તથા નજરની તૃપ્તતા માટે પોતાનાં ઘર પૂરતું સીમિત ન રહેવું પડે પરંતુ ગલીઓથી લઈને બજારો સુધી અને હોટલોથી આફિસો સુધી એમને હવસખોરીની ખુલ્લી છૂટ હોય અને ચારિત્ર્ય તથા અમલની દુનિયાને ગુનાહોથી નાપાક બનાવવામાં કોઈ જગા અડચણ રૂપ ન બને.

## ★ પર્દો ઈજ્જત છે બેઈજ્જતી નથી ★

બીજો વાંધો એ ઉઠાવવામાં આવે છે કે "પર્દો સ્ત્રીઓની બેઈજ્જતી છે." જો કે આ કેટલી મોટી જાહેલિયત છે ! પર્દો તો સ્ત્રીઓનું માન છે, પર્દો સ્ત્રીઓની ઈજ્જત, મહાનતાને જાહેર કરે છે. કેમ કે કિમતી જવાહેરાતને પેટીઓમાં બંધ રાખવું, કુર્આને અઝીમને જુઝદાનમાં ઢાંકવું, કા'બા પર ગિલાફનો પર્દો નાખવો એ મહાનતા, બુઝુર્ગી અને ઈજ્જત પ્રદર્શિત કરે છે. પર્દાને બેઈજ્જતીમાં ખપાવનારાઓ બુધ્ધિ, સમજબુઝ, હિકમત તથા દાનાઈ અને હકીકતથી વંચિત છે. શું કા'બાનો ગિલાફ, કુર્આને પાકનું જુઝદાન અને મઝારાતે ઔલિયાની ચાદરો એમની બેઈજ્જતીનું કારણ છે ?

**અય ઈસ્લામની ઈજ્જતદાર શહઝાદીઓ !** આ દુનિયાદારો



કહેવાતી ઉન્નતિનો ધોકો આપીને આપણી પાસેથી આપણો ઈસ્લામી પોશાક આપણી મઝહબી નિશાની અને આપણો દીની વકાર ઝૂટવીને પશ્ચિમનો ગુલામ બનાવી દેવાનું ઈચ્છે છે અને ઈસ્લામી બેટીઓથી મહાન સ્ત્રીત્વ છીનવી લેવાનું ઈચ્છે છે જે કયારેક ખાતૂને જન્નત, સહાબી સ્ત્રીઓ અને બરકતવંત સ્ત્રીઓની પાક જિંદગીઓમાં જોવા મળતો હતો.

પર્દો કરવાને હક્ક મારવામાં ખપાવનારાઓનો મકસદ છે કે સ્ત્રીઓનો હક્ક છે કે તેઓ જે રીતે ઈચ્છે પોતાના શરીરનું પ્રદર્શન કરે, જેમ ઈચ્છે, જ્યાં ઈચ્છે જાય, તો આ તદ્દન ખોટુ છે.

સ્ત્રીઓનો હક્ક એ નથી કે પોતાના શરીરનું પ્રદર્શન કરવાના માટે આઝાદ બને, દરેક જાઈઝ તથા નાજાઈઝ જગાએ જવા માટે અધિકારી હોય અને પર્દાથી એમના આ હક્ક ખતમ થઈ જાય છે. બલ્કે એમનો હક્ક તો આ છે કે પોતાના શરીરની રક્ષા અને એના પર્દાની કાળજી રાખે, એમનો હક્ક એ છે કે એમના શરીરના નાજુક ભાગો પર ગૈરોની બેબાક નિગાહો ન પડે, અને ઈસ્લામી પર્દો એમના આ હક્કોનું રક્ષણ પૂરું પાડે છે, ન કે એમનો હક્ક મારે છે. એમનો હક્ક મારવાનું કાર્ય તો બે પર્દા અને આઝાદ સમાજ કરી રહ્યો છે જ્યાં હક્કોના નામ પર એમના ફિતરી હક્કો શરમાળપણું તથા છુપાયેલાં અંગો પર હુમલો કરવામાં આવી રહ્યો. સ્ત્રીઓને પુરૂષો સાથે ખભે ખભો મિલાવી ઉભી કરીને એમની અંદરથી માંની મમતાની ઓટ ન આવે તેવી દૌલત ઝૂટવવાનાં કાવતરાંઓ કરવામાં આવી રહ્યાં છે.

**હમ ઈલ્ઝામ ઉનકો દેતે થે કુસૂર અપના નિકલ આયા !**

## ★ બેપર્દાપણાની બર્બાદીઓ ★

બિભત્સતા અને નગ્નતાથી ભરેલી નવી સંસ્કૃતિનું જો નિરીક્ષણ કરવામાં આવે તો ખબર પડે કે તે કહેવાતી ઉન્નતિઓના પર્દા હેઠળ ઈન્સાની સજ્જનતાની એવી પડતી થઈ છે કે ઝિના, અપહરણ અને કતલ જેવી લડાઈ ઝઘડાની સંખ્યામાં તેજીની સાથે વધારો થયો છે. જેથી જે દેશોમાં બેપર્દાપણું એક ફેશન અને જાહેર રિવાજ થઈ ગયો છે ત્યાં ઈજ્જત, આબરૂ નામની

કોઈ ચીજ કદાચ જ જોવા મળે. કુંવારાં માં બાપો ! નાજાઈઝ ઔલાદની અધિકતા અને સ્ત્રી પુરૂષની ભેળસેળના કારણે જીવલેણ બિમારીઓએ ડોકટરોને પરેશાન કરી મૂકયા છે. ત્યાંની સ્કૂલો અને કોલેજોમાં વિદ્યાથી, વિદ્યાર્થીનીઓને ગર્ભ રોકવાના તરીકા શીખવી દેવામાં આવે છે. જેમ કે દૈનિક પત્ર "કોમી તન્ઝીમ" પટના, ભાગ–૩૬, અંક–૧૪૬, રવિવાર, ૩૧–મે, ઈ.સ. ૧૯૯૨ના પ્રકાશનમાં પેજ–૩ પર પ્રસિધ્ધ થયેલ એક રિપોર્ટના આ ભાગનો અભ્યાસ કરો.

ખરી પરિસ્થિતિ હાલમાં જ અમેરિકામાં થયેલ એક ફેડરલ સર્વેથી જાણવા મળી છે, જેના આધારે જાણવા મળ્યું કે સ્કૂલમાં ભણનારા અમેરિકન ૭૫% બાળકો સેકસની મજા ચાખી ચૂકયા છે. દરરોજ અમેરિકાના સમાજને નવા આંચકા લાગે છે. હાલમાં જ ન્યુયોર્કમાં એક સમજાતિ સંગઠને એ એલાન કર્યું કે એક લાખથી વધારે ગર્ભનિરોધક સામાન જાહેરમાં વહેંચશે. આજે અમેરિકન સ્કૂલોમાં પરિસ્થિતિ એ છે કે કોઈ પણ જાતના સવાલ કર્યા વગર સ્કૂલના બાળકોને ગર્ભનિરોધક તરીકાઓ શીખવવામાં આવે છે." ઈરાની દૈનિક પત્ર 'ઈત્તલાઆત' પોતાના ૬–૯–૧૯૪૭ ના અંકમાં "અમેરિકી સ્ત્રીઓ વાસનામય હુમલાના ઘેરાવમાં"ના વિષયમાં એક રિપોર્ટમાં લખે છે :

વોશિંગ્ટન એસોસિએટેડ પ્રેસ અમેરિકી હુકૂમતને પોતાનો રિપોર્ટ કરનારા ત્રણ સંશોધક ડોકટરોએ કહ્યું છે કે અમેરિકામાં લોસ એન્જિલસ એ સ્થળ છે જેને સ્ત્રી પર બળાત્કારના બનાવોમાં અગ્રતા પ્રાપ્ત છે અને એના સિલસિલામાં વોશિંગ્ટન ૧૩મા ક્રમ પર આવે છે. પરંતુ એનો એ અર્થ નથી કે વોશિંગ્ટન સ્ત્રીઓ હવસપરસ્તીના ઘેરાવામાં નથી, પરંતુ વાત એ છે કે એ શહેરમાં બીજા શહેરોના સંબંધે સ્ત્રીઓને વધારે રક્ષણ પ્રાપ્ત હતું. લૉસ એન્જિલસમાં દરેક એક લાખ લોકોમાં બાવન માણસોને બળાત્કારના બનાવોથી ભેટો થાય છે, જ્યારે કે વોશિંગ્ટનમાં એની સરખામણીમાં ૧૭/૭ છે. ન્યૂર્યોર્કમાં છ માસના સમયગાળામાં ઈજ્જત લૂટવાના ૩૦૦૦ (ત્રણ હજાર) બનાવો પોલીસના ત્યાં લખાવવામાં આવ્યા છે. ફરિયાદીઓમાં છ વર્ષથી ૮૮ વર્ષ સુધીની ઉંમરના લોકો સામેલ છે પરંતુ વધારે પડતી



વ્યકિતઓની ઉમર ૧૪ વર્ષ છે. (ઈસ્લામમેં મસ્અલાએ હિજાબ, પેજ–૩૨, ૩૩)

આ ઉન્નતિ પામેલ દુનિયાનું સામુહિક અવલોકન હતું જે સરકારી રેકોર્ડના હવાલાથી પ્રસિધ્ધ થયેલ છે, પણ એકબીજાની મરજી તાર તાર થતી ઈજ્જતોની સંખ્યાની ગણતરી બતાવી શકે છે ? કોઈ કહી શકે છે કે દરરોજ કેટલી કુંવારીકાઓ પોતાનું કૌમાર્ય ગુમાવતી હશે અને કેટલી આઝાદ સ્ત્રીઓ ગૈરોની પથારીઓની શોભા બનતી હશે ? હોટલો અને કલબોમાં કેટલી રાતો ગુનાહોના સમંદરમાં ડૂબતી ઉભરાતી હશે ! શું આ બધું આઝાદી, નગ્નતા અને બેપર્દાપણાની દેણ નથી ?

વર્તમાન યુગના ઈતિહાસકાર ટોટો મબની કહે છે : મેં ઈતિહાસને વાંચ્યો છે અને પારખ્યો છે અને એ પરિણામ પર આવ્યો છું કે દુનિયાની કૌમો એ સમયે તબાહો બર્બાદ થઈ છે જ્યારે એમની સ્ત્રીઓ બેપર્દા થઈ બહાર નીકળી છે. (મૌજે ખયાલ–૯૪)

મશ્હૂર ઈતિહાસકાર પ્રોફેસર જે ટાઈન બી લખે છે : માનવ ઈતિહાસમાં પડતીના યુગો એ જ હતા જ્યારે કે સ્ત્રીએ ઘરને છેલ્લી સલામ કહી દીધી. (મૌજે ખયાલ, પેજ–૩૭)

## ★ પર્દાના ફાયદાઓ ★

પર્દામાં ઈસ્લામે જે તરીકો અને એની પધ્ધતિ અપનાવી છે એમાં ઘણા બધા વ્યકિતગત અને સામુહિક ફાયદાઓ છુપાયેલ છે જેનો અંદાજો દરેક વ્યકિત લગાડી શકે છે :

(૧) પર્દો શરીરના અંગોના રક્ષણ તથા તેની સાર સંભાળમાં મદદરૂપ થાય છે કેમ કે શરીરનો જે ભાગ ખુલ્લો રહે છે એની રંગત ખરાબ થઈ જાય છે અને એમાં ધીમે ધીમે કાળાશ આવવા લાગે છે. પણ તે ભાગો જે કપડાંમાં છુપાયેલ રહે છે એની ખૂબસૂરતીમાં વધારો થતો રહે છે. એવી રીતે સ્ત્રી જો પોતાના પૂરા શરીરને જેને છુપાવવાનો હુકમ આપવામાં આવ્યો છે તેને પર્દામાં રાખે તો એની ખૂબસૂરતી બગડવાને બદલે વધતી જતી રહે છે જે સ્ત્રી સહજ વિશેષ્ટતાના એક ઉદાહરણરૂપ છે. દરેક સ્ત્રી પોતાના

સૌંદર્ય, રૂપના રક્ષણમાં પોતાની હદ ઉપરાંત કોશિશ અને કાળજીથી કામ લે છે. સ્ત્રીઓ જો આ ભેદને સમજે કે અમારું સૌંદર્ય પર્દાથી રક્ષિત રહી શકે છે તો ચોક્કસ તે બેપર્દાપણાના માટે મોરચો ન માંડે.

(૨) પર્દો સ્ત્રી સૌંદર્યને મંદ પડવાથી બચાવે છે એટલા માટે તે બધી રકમ બચાવી શકાય છે જે બેપર્દાપણાના પછી પોતાનું સૌંદર્ય કાયમ રાખવા કે વધારવાની નિષ્ફળ કોશિશમાં વપરાય છે.

જ્યારે કે એ બનાવટી સૌંદર્યની ઉંમર જ શું હોય છે ?! અસલી સૌંદર્ય પસીનાના ટીપાંઓથી નિખરે છે. પણ બનાવટી સૌંદર્ય આ ટીપાંઓથી વિખેરાય જાય છે !

(૩) પર્દો એક નેક અને પાકીઝા સમાજના ઘડતરમાં જરૂરી રોલ ભજવે છે. સામાજિક જિંદગીની બધી ખરાબીઓ દૂર કરી શકે છે. આજે સમાજમાં જેટલા પ્રમાણમાં બદકારીઓ અને બુરા અમલો ફેલાયેલ છે. એની જડ આ જ બેપર્દાપણું તથા બેહયાઈ છે. આ જ કારણ છે કે નફસની સફાઈ, દિલની પાકી અને સમાજની સુધારણાના માટે પર્દાને ઈસ્લામે મહત્વનો તથા જરૂરી નક્કી કર્યો છે એટલે સુધી કે જરૂરી ચીજોને માંગવામાં પણ એનો લેહાઝ કર્યો અને એની આ મુજબ મસ્લેહત બતાવી :–

وَاِذَا سَاَلْتُمُوْهُنَّ فَاسْـَٔلُوْهُنَّ مِنْ وَّرَآءِ الْحِجَابِ ذَالِكُمْ
اَطْهَرُ وَاَزْكٰى لِقُلُوْبِكُمْ وَقُلُوْبِهِنَّ

*''જ્યારે તમે એમનાથી કોઈ સામાન માંગો તો પર્દાની પાછળથી માંગો, આ તમારા અને એમનાં દિલોના માટે વધારે સાફ સ્વચ્છ રીત છે.''*

(સૂ. અહઝાબ, પા. ૨૨, રૂ. ૪)

## ★ બેપર્દાપણું બુરાઈઓની જડ છે ★

આજે જેટલા પ્રમાણમાં બુરાઈઓ સામાજિક ખરાબીઓ અને બદકારીઓના કાળાં વાદળો માનવ સમાજ અને સાંસ્કારિક જિંદગી પર છવાયેલ છે, આ સૌ બેપર્દાપણું અને ફેશનયુકત નગ્નતાની દેણ છે.



સ્ત્રીઓનું બની ઠનીને નીકળવું, પોશાક તથા અંદાઝથી બેહયાઈનું પ્રદર્શન કરવું, બનાવટી ખૂશ્બુઓના ગાઢ પર્દામાં બિભત્સપણાની ગંધ ફેલાવવી, ફેશનેબલ અંગ્રેજી બનાવટના ચુસ્ત તથા બારીક પોશાક પહેરીને ગલીઓ, બજારો, હોટલો, પાર્કો, સ્કૂલો અને કોલેજોમાં આઝાદ તથા બેપર્દા ગેર મેહરમોની બાહોંમાં બાહોં નાખીને આગળ પાછળથી બેખબર થવું, ન દુનિયાની શરમ ન ખુદાનો ડર, ઐયાશીને ઉત્તેજન આપવું, શું આ એ જ સબબો તથા મોર્ડન કહેવાતો સમાજ નથી જેની કૂખથી બિભત્સતા, ઐયાશી, બદકારી, ચારિત્રના સોદા અને બેહયાઈ જેવી માણસાઈને મિટાવી નાખનાર સમાજ દુશ્મન બુરાઈઓએ જન્મ લીધો છે ?

આવી પ્રગતિના ચાહક બાપ પોતાની પુત્રી, ભાઈ પોતાની બહેન અને પતિ પોતાની પત્નીની ઈજ્જતનો પોશાક તથા હયાનો પર્દો અને શરમનો આંચલ પોતાની આંખોની સામે દાગદાર તથા ચીરાતો જોઈ રહ્યા છે બલ્કે પોતાના હાથોથી બરબાદ કરી રહ્યા છે અને પોતાને સુધરેલો તથા પ્રગતિ પામેલ અને બીજાઓને જૂનવાણી વિચારોવાળો ખયાલ કરે છે !

પ્રગતિના નામ પર આ ઈન્સાનિયતને ઝખ્મી કરનાર બેપર્દગીએ માનવ પ્રતિષ્ઠા પર એવો છુપો હુમલો કર્યો કે સુચરિત્રતા, પ્રતિવ્રતા, પવિત્રતા જેવા શબ્દો અર્થ વગરના થઈને રહી ગયા છે !

તે કૌમ જેની શરમ અને મહાનતાની ઝમાનત કુર્આને કરીમે આપી હતી તે પશ્ચિમી સંસ્કૃતિના કાળા વાદળોમાં પોતાની ચમક ખોઈ ચૂકી છે ! ''નવી રોશની''એ એમની એ ઈમાની રૂહ ઝૂટવી લીધી છે. જે સંસ્કૃતિ પર્દાએ એમને અમાનતની રીતે આપ્યું હતું.

**ગુમ હો ગયા મગરિબકી સિયહ બખ્ત ઘટામેં**
**તહઝીબે હિજાઝીકા દરખ્શન્દા સિતારા**

(બદરૂલ કાદરી)

## ★ ઈસ્લામી પર્દો જ આ બુરાઈઓની ઢાલ છે ★

સમાજની આ બુરાઈઓનો ખાતમો એ સમયે થઈ શકે છે જ્યારે

ઈસ્લામી તરીકાવાળી જિંદગી અપનાવવામાં આવે. ઈસ્લામી સમાજને ગળાથી લગાડવામાં આવે અને સતર તથા પર્દાની એવી વ્યવસ્થા કરવામાં આવે જેવી ઈસ્લામિક માન્યતા છે. કેમ કે જ્યારે સૌંદર્ય તથા ખૂબસૂરતી, સાઝ શણગાર ઈસ્લામી પર્દાનો આંચલ પોતાના ચેહરાઓ પર નાખી દેશે તો ન સૌંદર્યનું પ્રદર્શન થશે, ન નફસના બંદાઓ સમાજને બગાડી શકશે, ન સ્ત્રીઓ બેપર્દા નીકળશે, ન માણસોના દુશ્મન શૈતાનને ઝઘડા ફસાદનો મોકો નસીબ થશે.

## ★ પર્દો દિલની પાકીનો સામાન છે ★

પર્દો સ્ત્રીના મોભાનો રક્ષક, દિલની પાકીને દાવત આપનાર અને દિલના ખેંચાણને તદ્દન રોકનાર પણ છે. કેમ કે આ વાત કુદરતી છે કે જ્યારે કોઈ પુરૂષની નજર સ્ત્રીની સુંદરતા તથા સાઝ શણગાર પર પડે છે તો એનું આકર્ષણ દિલો દિમાગમાં ઉદ્‌ભવ પામી તેની અસર જરૂર છોડી જાય છે. એ જ પ્રમાણે સ્ત્રી કે જેને હદીષે સહીહમાં નાઝુક કાચ સાથે સરખાવવામાં આવી છે તે પોતાના વિજાતિયનો સામનો થતાં તેના અસ્તિત્વથી પ્રભાવિત થયા વગર નથી રહી શકતી અને થોડી પણ નિષ્કાળજીથી આ નાઝુક શીશીઓ ચકનાચૂર થઈ શકે છે. એટલા માટે જરૂરી છે કે અજનબીઓના વચમાં પર્દાની દીવાલ આડમાં રહે, એટલે સુધી કે કોઈ જરૂરી વાત પણ કરવી હોય તો પર્દા પાછળથી કરવી જોઈએ. કુર્આનનો ઈર્શાદ છે :–

وَاِذَا سَئَالْتُمُوْهُنَّ مَتَاعًا فَاسْئَلُوْهُنَّ مِنْ وَّرَآءِ الْحِجَابِ

ذٰالِكُمْ اَطْهَرُ وَاَزْكٰى بِقُلُوْبِكُمْ وَ قُلُوْبِهِنَّ.

*"અને જો તમે એમનાથી કોઈ ચીજ માંગો તો પર્દાના બહારથી માંગો, એમાં તમારી અને એમના દિલોની વધારે પવિત્રતા તથા પાકીઝગી છે.* (સૂ. અહઝાબ, પા. ૨૨, રુ. ૪)

મુસલમાનો ! પશ્ચિમી રહેણી કરણીના આંધળા અનુકરણે તમને ગલત માર્ગના આ કયા મોડ પર લાવીને ઉભા કર્યા છે કે ન ઈજ્જતનો વિચાર, ન માં બાપનો લિહાજ, ન દુનિયાથી શરમ, ન ખુદા અને રસૂલનો ડર ! આવો ! ઈસ્લામના આ નિયમોને જુઓ કે અલ્લાહ તથા રસૂલે તમારી



ઈજ્જત, આબરૂ, ચારિત્ર્ય અને મહાનતાનો કેટલો ખયાલ રાખ્યો છે અને કેવી કેવી રક્ષા માટેની વ્યવસ્થાઓ ફર્માવી દીધી છે ?

આપણે મુસલમાન છીએ, આપણને અંગ્રેજી સંસ્કૃતિ નહીં બલ્કે ઈસ્લામી સમાજ જોઈએ. રસૂલે હાશમીની પાક સંસ્કૃતિની હાજરીમાં આપણને કોઈ નવી સંસ્કૃતિની જરૂરત નથી. આપણે એ નથી જોવું કે સમયની ચાહના શું છે ? આપણે તો એનો ખયાલ રાખવાનો છે કે ખુદા તથા રસૂલનો હુકમ શું છે ? દુનિયા કયાં જઈ રહી છે ? આપણે એનાથી શું ગરજ ! આપણે તો એ જોવું છે કે આપણે કયાં જવાનું છે ?

**નઈ તહઝીબકે અંડે હૈં ગંદે**
**ઉઠાકર ફૈંક દો બાહર ગલીમેં**

અલ્લાહ عزوجل તથા રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના હુકમોના આગળ કોઈ સોસાયટીને ગણત્રીમાં લાવવી એ મોમિનની શાન નથી.

અલ્લાહ તઆલા ફર્માવે છે :

وَمَاكَانَ لِمُؤْمِنٍ وَّلَامُوْمِنَةٍ اِذَا قَضٰى اللّٰهُ وَرَسُوْلُهٗ اَمْرًا

اَنْ يَّكُوْنَ لَهُمُ الْخِيَرَةُ مِنْ اَمْرِهِمْ وَمَنْ يَّعْصِ اللّٰهَ

وَرَسُوْلَهٗ فَقَدْ ضَلَّ ضَلَالًا مُّبِيْنًا

*"મુસલમાન સ્ત્રી પુરૂષોના માટે જાઈઝ નથી કે જ્યારે અલ્લાહ અને રસૂલ કોઈ બાબતમાં ફૈંસલો ફર્માવી દે તો એમાં એમનો અધિકાર બાકી રહે, અને જે અલ્લાહ રસૂલનો નાફર્માન છે તે ખુલ્લો ગુમરાહ છે."*

## ★ પર્દા વિશે ગલતફેહમીઓનો ખુલાસો ★

પર્દાથી સંબંધિત જેટલા પ્રમાણમાં પણ ગલતફહમીઓ છે કે તે સ્ત્રીને જેલ જેવી મુસીબતમાં ગિરફતાર કરે છે અને સામાજિક સંસ્કારિક જિંદગીમાં બરાબરીનો હક્ક ન આપવા સમાન છે. આ બધી તોહમતો ઈસ્લામી પર્દા વિશેની વિગત તથા સ્પષ્ટતા સાથે દૂરનો પણ સંબંધ નથી

ધરાવતી. જેમ કે ઈસ્લામી પર્દાની સ્પષ્ટતા કુર્આને મુકદસમાં આ પ્રમાણે છે :–

وَلَا يُبْدِيْنَ زِيْنَتَهُنَّ اِلَّا مَاظَهَرَ مِنْهَا وَلْيَضْرِبْنَ بِخُمُرِهِنَّ
عَلٰى جُيُوْبِهِنَّ۔

*"અને પોતાનો શણગાર ન દેખાડો પણ જેટલો (ચેહરો અને હથેળીઓ) ખૂદ જ જાહેર છે અને દુપટ્ટા પોતાની ગરદનો પર નાખેલ રહો."*
(સૂ. અહઝાબ, પા.૨૨, રૂ. ૩)

અને થોડકી આયતોના પછી ઈર્શાદ છે :

وَلَا يَضْرِبْنَ بِاَرْجُلِهِنَّ لِيُعْلَمَ مَايُخْفِيْنَ مِنْ زِيْنَتِهِنَّ
وَتُوْبُوْا اِلَى اللّٰهِ جَمِيْعًا اَيُّهَ الْمُؤْمِنُوْنَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ۔

"અને જમીન પર પગ ન મારો જેનાથી એમનો છુપાયેલ શુંગાર ખબર પડી જાય અને તમામે તમામ અલ્લાહની તરફ તૌબા કરો. અય મુસલમાનો ! એ ઉમ્મીદ પર કે છૂટકારો મેળવો." (ઉપર મુજબ)

આ આયતોથી સ્પષ્ટ થઈ ગયું કે ઈસ્લામી પર્દો ન તો સ્ત્રીના માટે કેદ છે ન તો એની બેઈજ્જતીનું કારણ બલ્કે ઈસ્લામ પર્દાના થકી સ્ત્રીની સુંદરતા તથા શણગાર જેનાથી ફિત્નાનો ડર છે તેમજ પગોથી લઈને માથા સુધી જે પણ શણગારની જગાઓ છે એનું જગજાહેર પ્રદર્શન થવાથી તેણીને બચાવે અને જમીન ઉપર પગો મારીને ચાલવાથી રોકે છે જેનાથી જણસોનો ઝનકાર જેવી અદા પેદા થાય અને શૈતાનિયત પ્રતિ કોઈને આકર્ષી લે.

જેથી શરીઅતે મુતહ્હરામાં સ્ત્રીઓના માટે માથાના વાળોનો કોઈ ભાગ, ખભાથી નીચે સુધી ભૂજાઓ, પહોંચુ (કાંડુ), ગળાથી પગોની ગુંટીઓની નીચે સુધી શરીરનો કોઈ ભાગ ગૈર મહરમો અને કાફિર સ્ત્રીઓના સામે ખુલ્લો રાખવો **હરામ** છે. (ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧૦, નિસ્ફ આખિર, પેજ–૧૨૯)



## ★ પર્દો ઓછામાં ઓછો કેટલા પ્રમાણમાં ? ★

જાડાં (શરીર ઝલકે નહીં તેવાં) અને ઘેરવાળાં કપડાંઓ પહેરે, માથાથી પગ સુધી શરીર ઢાંકીને નીકળે કે મોં અને હથેળીઓ સિવાય, વાળ, ગળુ, ભૂજાઓ, કોણીઓ, પેટ, પિંડલી કોઈ જાહેર ન હોય. જો એમનામાંથી કોઈ પણ ભાગ જાહેર કરીને નીકળે છે તો તે સ્ત્રીઓ ફાસિકા (ખુલ્લમ ખુલ્લા હરામ કામ કરનારી) અને એમના પુરૂષો દય્યૂષ છે, એવા લોકોથી બચવું જોઈએ. (હવાલો ઉપર મુજબ, પેજ–૨૨૪)

## ★ નિકાબ ★

જો કે સ્ત્રીનો ચેહરો સતરે ઔરતમાં દાખલ નથી પણ જ્યારે જરૂરત મુજબ બહાર નીકળવાનું થાય તો ચેહરા પર પર્દો નાખી લેવો જરૂરી છે. જેમ કે કુર્આનમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :

يٰاَيُّهَا النَّبِيُّ قُلْ لِّاَزْوَاجِكَ وَبَنٰتِكَ وَنِسَآءِ الْمُؤْمِنِيْنَ
يُدْنِيْنَ عَلَيْهِنَّ مِنْ جَلَابِيْبِهِنَّ ذٰلِكَ اَدْنٰى اَنْ يُّعْرَفْنَ فَلَا
يُؤْذَيْنَ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا۔

"અય નબી ! પોતાની પત્નીઓ, સાહેબઝાદીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે, એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." (સૂ. અહઝાબ, રુકૂઅ–૫)

## ★ કયા લોકોથી પર્દો ફર્ઝ છે ? ★

એનો સામાન્ય કાયદો એ છે કે નામહરમોથી પર્દો તદન વાજિબ છે અને વંશિક મેહરમ સગાથી પર્દો ન કરવો વાજિબ, જો કરશે તો ગુનેહગાર થશે. અને વંશિક મહરમ નહીં તેવા લોકો જેમ કે સાસરિયાના સગાઓ (પતિના બાપ, દાદા તથા તેની ઔલાદ) અને દૂધના સંબંધી એમનાથી પર્દો

કરવો ન કરવો બંને જાઈઝ, પરંતુ પરિસ્થિતિ અને મસ્લેહતનો લેહાઝ થશે એટલે જ્યાં ફિત્નાનો ભય હોય ત્યાં પર્દો વાજિબ થઈ જશે. (ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૦, નિસ્ફ આમિર, પેજ–૧૨૯)

જેમ કે કુર્આનમાં એની તફસીલ આ પ્રમાણે છે :

وَلَا يُبْدِيْنَ زِيْنَتَهُنَّ اِلَّا لِبُعُوْلَتِهِنَّ اَوْ اٰبَآئِهِنَّ اَوْ اٰبَآءِ بُعُوْلَتِهِنَّ اَوْ اِخْوَانِهِنَّ اَوْ بَنِيْۤ اِخْوَانِهِنَّ اَوْ بَنِيْۤ اَخَوٰتِهِنَّ اَوْ نِسَآئِهِنَّ اَوْ مَا مَلَكَتْ اَيْمَانُهُنَّ اَوِ التّٰبِعِيْنَ غَيْرِ اُولِي الْاِرْبَةِ مِنَ الرِّجَالِ اَوِ الطِّفْلِ الَّذِيْنَ لَمْ يَظْهَرُوْا عَلٰى عَوْرٰتِ النِّسَآءِ .

*"અને પોતાનો શણગાર જાહેર ન કરે પણ પોતાના પતિ કે પોતાના બાપ દાદા કે પતિના બાપદાદા કે પોતાના પુત્રો કે પતિના પુત્રો (જે બીજી પત્નીથી હોય) કે પોતાના ભાઈઓ કે ભત્રીજાઓ કે બહેનના પુત્રો કે પોતાના મઝહબની સ્ત્રીઓ કે પોતાની નોકરાનીઓ જે માલિકીપણામાં હોય અથવા તે બાળકો પર જેમને સ્ત્રીની શરમની ચીજોની ખબર ન હોય."* (સૂ. નૂર, પા.–૧૮, રૂ.–૧૦)

આમ જ દૂધના સંબંધો જેમ કે દૂધ બાપ, ભાઈ વગેરેના સિવાય તમામ નામહરમો એટલે કે જેનાથી સ્ત્રીનો નિકાહ જાઈઝ છે જેમ કે **દીયર, જેઠ, બનેવી, માસા, ફૂવા અને માસીનો દીકરો, મામાનો દીકરો, કાકાનો દીકરો, ફોઈનો દીકરો, દૂરના સંબંધના કાકા, દાદા વગેરે બધા નામહરમ છે.** એમનાથી **પર્દો ફર્ઝ સખત ફર્ઝ** છે. ખાસ કરીને એ લોકોથી જેમનાથી ફિત્નાનો વધારે ભય હોય જેમ કે બનેવી, દીયર, જેઠ વગેરેના માટે હદીષમાં આવ્યું છે :– **"દીયર, જેઠ મોત છે."**

ખરેખર ઈસ્લામની હદો ઓળંગીને આ મેહરમોથી બેપર્દા મેલજોલના કારણે આજે એવા એવા દિલને ચોટ પહોંચાડનાર બનાવો ઉપસ્થિત થઈ રહ્યા છે જેનાથી માત્ર સ્ત્રીની જ ઈજ્જતની નહીં પરંતુ



ઈન્સાનિયતની મોત થઈ રહી છે. અને ન તો એ કમ અક્કલ સ્ત્રીઓને શરમ આવે છે, ન તો એમના પુરૂષોને કે એમને આ રીતે બેપર્દા થવા અને ગૈરો એકબીજા સાથે નિઃસંકોચ ભેગા થવાથી મના કરે અને ઈસ્લામની પર્દાની હદોને ચાલુ રાખીને સમાજમાં પોતાનું નાક કપાવાથી બચાવી શકે.

જે ઘરમાં નવી સંસ્કૃતિના મનહૂસ કદમ પહોંચી ગયા છે એનું તો કહેવુ જ શું ?!

***શર્મે નબી ખૌફે ખુદા યે ભી નહીં વો ભી નહીં !***

## ★ પીરથી પણ પર્દો ફર્ઝ છે ★

અમુક જાહિલ આખેરતની ફિકર ન કરનારા પીરોનો તરીકો છે કે તે પણ બેપર્દા સ્ત્રીઓને સામે બેસાડીને હાથમાં હાથ લઈને મુરીદ કરે છે ! મુસાફો કરે છે (હાથ મિલાવે છે) અને **મોટા મોટા લકબધારી વિખ્યાત બનેલા અમુક પીરો પણ સ્ત્રીઓને પર્દા વગર સામે આવવા જવાની રજા આપે છે અને સામે બેસાડે છે, બંધ કમરામાં એકલી ઔરતો સાથે વાતચીત કરે છે !** પર્દાની જરૂરિયાત કે હિદાયત સુધ્ધાં નથી કરતા બલ્કે તેઓ એવી વાત ફેલાવે કે **પીર બાપ થઈ ગયો, મુરીદ બેટી થઈ ગઈ ! પછી પર્દો કેવો ?!** બલ્કે અમુક મક્કાર (પ્રપંચી) તો એમનાથી દરેક પ્રકારની સેવા લે છે ! જો કે આ બિલકુલ હરામ છે. કુર્આને મહરમોના સિવાય બધાથી પર્દો ફર્ઝ ઠરાવ્યો છે. જેની તફસીલ આપે આગળના પાનાઓમાં વાંચી કે સાસરી પક્ષના સગા અને દૂધના સંબંધોથી જ હુર્મત સાબિત થાય છે, એના સિવાય પીરી, મુરીદી, ઉસ્તાદી તથા શાગિર્દીનો સંબંધ મહરમ હોવાના માટે પૂરતો નથી, જેથી મુરીદનો પીરથી, શાગિર્દનો ઉસ્તાઝથી નિકાહ જાઈઝ છે જેથી પર્દો પણ ફર્ઝ છે. **ફતાવાએ રઝવિય્યહ**માં છે :

"નબીથી વધારે પીર તથા મુર્શિદ કોણ છે ? ખાસ કરીને આપણા હુઝૂર પુરનૂર સૈયદુલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم તો તમામ દુનિયાના પીર છે, તેમ છતાં આપે પોતાની ઉમ્મતની સ્ત્રીઓથી જ નિકાહ ફર્માવ્યો. અમુક જાહિલોની સમજમાં ન આવે તો આ હકીકત સામે રાખી લે કે હઝરાતે શૈખેન

સિદ્દીકે અકબર તથા ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہما હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના બધાથી અફઝલ તથા કામિલ મુરીદ હતા. ઔલિયાએ કિરામ ફર્માવે છે કે આખી દુનિયામાં ન મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم જેવા કોઈ પીર હતા ન અબૂબક્ર સિદ્દીક જેવા મુરીદ ! એ જાહિલાના ખયાલ કે પીરી તથા મુરીદીનો સંબંધ તદ્દન વંશિક સંબંધની જેમ છે, જો સાચુ હોત તો મુરીદા પોતાની બેટી થાત અને મુરીદ બેટો, જેથી મુરીદોની પુત્રીઓ પોતાની પૌત્રીઓ થાત અને એમનાથી નિકાહ હરામ થાત. જ્યારે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સિદ્દીકે અકબર તથા ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની સાહબઝાદીઓથી નિકાહ ફર્માવ્યા.

વધુમાં સાંભળો કે આજ સુધી તમામ દુનિયામાં બધા જ મઝહબોના (ચારેય ઈમામો હનફી, શાફઈ, માલિકી, હંબલી) ફુકહાએ સ્ત્રી મુરીદોને મહરમોમાંથી નથી ગણી. અને ઉસ્તાદી તથા શાગિર્દી પણ પીરી તથા મુરીદીના સંબંધની જેમ છે. પીર તથા ઉસ્તાદ બંને બાપના સ્થાને માનવામાં આવે છે, જ્યારે કે પીરી મુરીદી પણ પોતે એક ઉસ્તાદી તથા શાગિર્દી છે. **જો આ ખયાલ બિલકુલ ઠીક હોત તો પોતાની શાગિર્દાથી પણ નિકાહ હરામ થાત અને પત્નીને પઢાવવાથી નિકાહ જતો રહેત ! કેમ કે હવે તે એની બેટી થઈ ગઈ !** જ્યારે કે કુર્આન તથા હદીષથી પત્નીને શાગિર્દા બનાવવી પોતાની શાગિર્દાને નિકાહમાં લાવવી બંને વાતો સાબિત છે. (ફતાવાએ રઝવિય્યહ, ૫/૧૪, ૧૫)

## ★ પર સ્ત્રીઓથી હાથ મિલાવવા હરામ છે ★

પર સ્ત્રીના શરીરના કોઈ પણ ભાગને સ્પર્શવું **ભલે શેહવત (વાસના)નો ડર ન હોય,** હરગિઝ હરગિઝ જાઈઝ નથી. તો કેમ કરીને કે હાથ મિલાવવામાં આવે ! (હિદાયહ, ૪૪૫/૪)

હા ! જો નાની વયની અથવા એકદમ વૃધ્ધા જેમાં વાસનાને અવકાશ ન હોય કે ફિત્નાનો ડર ન હોય તો જાઈઝ છે. કેમ કે તે ફિત્નાનો સંજોગ નથી.

## ★ સ્ત્રીઓથી બય્અતનો તરીકો ★

જેમ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم લોકોને કલ્મો પઢાવતી વખતે પણ



સ્ત્રીઓથી હાથ ન મિલાવતા બલ્કે લોકો આવતા અને આપના દસ્તે હક્ક પરસ્ત પર બયઅત કરીને ઈસ્લામના દામનમાં દાખલ થઈ જતા પણ આ પધ્ધતિ માત્ર પુરૂષોની સાથે હતી, સ્ત્રીઓ ઈસ્લામના દામનમાં દાખલ થતી અને બયઅત કરતી તો આપ તેણીઓ માત્ર વાતચીતથી બય્અત ફર્માવતા. જેમ કે આયતે કરીમા ગવાહ છે :–

وَاِذَا جَآءَكَ الْمُؤْمِنٰتُ يُبَايِعْنَكَ ۔

*"જ્યારે મો'મિનાત (સ્ત્રીઓ) આપની ખિદમતમાં બય્અતના માટે આવતી...."* (અલ મુમતહિના)ની તફસીર કરતાં અલ્લામા જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہ લખે છે :

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઝબાની બયઅત ફર્માવી અને કોઈ પણ સ્ત્રીનો હાથ પોતાના હાથમાં નથી લીધો. (જલાલૈન શરીફ, ૪૫૮)

જેમ કે સહીહ બુખારીમાં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે :

"ખુદાની કસમ ! બયઅતમાં કદી પણ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો હાથ મુબારક કોઈ સ્ત્રીના હાથમાં નથી ગયો. આપે માત્ર આ કથન વડે બય્અત ફર્માવી, "મેં આ ચીજ પર તમારી બયઅત કરી." (બુખારી શરીફ, ૨/૭૨૭)"

મોઅત્તા ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہ માં રિવાયત છે : ઉમયમા બિન્તે રુકૈયા કહે છે કે હું થોડીક સ્ત્રીઓની સાથે આપની ખિદમતમાં હાજર થઈ. અમે અરજ કરી : યા રસૂલલ્લાહ ! લાવો અમે આપથી બયઅત કરીએ ! આપે ફર્માવ્યું :

"હું સ્ત્રીઓથી હાથ નથી મિલાવતો ! એક સ્ત્રીની જેમ ૧૦૦ (સો) સ્ત્રીઓના માટે મારો કૌલ જ પૂરતો છે." (પેજ–૩૯૨)

તફસીરે રૂહુલ બયાનમાં છે કે આપે સ્ત્રીઓથી જ્યારે બયઅત લીધી એ સમયે આપના દસ્તે અકદસ અને એમના હાથોની દરમિયાન એક ચાદર હતી. એક કિનારો આપના હાથમાં અને બીજો સ્ત્રીઓના હાથોમાં હતો જેથી પર સ્ત્રીના સ્પર્શથી બચેલા રહે.

મતલબ એ કે રસૂલે કાએનાતે પોતાના વાણી વર્તન બંનેથી આ હિદાયત ફર્માવી કે ઈસ્લામમાં ગૈરમહરમથી મેલજોલ જાઈઝ નથી. અને તાલીમ તથા તબ્લીગના સંબંધોથી ઈસ્લામી હુર્મતો નષ્ટ નથી થતી બલ્કે ગમે તે સંજોગોમાં તેનો એહતેરામ યથાવત રહે છે.

## ★ સ્ત્રીના માટે સૌથી શ્રેષ્ઠ ★

યકીનન ! કોઈ શરીફઝાદી એ માન્ય નથી કરી શકતી કે કોઈ ગૈરની બેતાબ નજરો એના શરીર અને શણગારની બલાઓ લે અથવા કોઈ હાથ એના શરીરથી સ્પર્શ કરે. એના ચારિત્રની પવિત્રતા જ જીવન મૂડી છે, જો એની જિંદગીથી આ અઝીમ દૌલતને ચોરી લેવામાં આવે તો એની જિંદગીની કોઈ કિંમત નથી રહી જતી.

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખાતૂને જન્નત હઝરત ફાતેમતુઝ્ ઝોહરા رضی اللہ عنہا ને ફર્માવ્યું કે સ્ત્રીના હક્કમાં સૌથી શ્રેષ્ઠ શું છે ? તો ખાતૂને જન્નતે અર્ઝ કર્યું કે, **નામહરમ પુરૂષ એને ન જુએ !** આપે એમને ગળાથી લગાડી લીધાં. (ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૧૦, નિસ્ફ અવ્વલ, પેજ–૨૮)

## ★ ઈસ્લામમાં હયાનુ મહત્વ ★

આજે જે પ્રમાણે બેપર્દાપણાનો માહોલ છે તે શરમ, હયાની ઉણપનું કારણ છે. હયા નામની ચીજ માનવ સમાજમાંથી નષ્ટ થતી જઈ રહી છે. જો કે શરમ તથા હયા માનવોની પૈદાઈશનું તે તત્વ જે કુદરતને એમના અખ્લાકના ઘડતર, અકીદાઓ અને અમલોની સુધારણાના માટે દાખલ કરેલ છે. હયા નાઝુક શરીરની તે સિફત છે જેનાથી એમની સ્ત્રી ચારિત્રશીલતાની મહાનતા અને ઈજ્જત તથા પવિત્રતાની સલામતી છે.

શરમ ઈન્સાનને ઈજ્જતદાર બનાવે છે અને એની ઉણપ ઈજ્જત તથા મહાનતાનો જનાઝો કાઢી નાખે છે. જેથી પૈગમ્બરે ઈસ્લામે એની (હયાની) મહત્વતા તથા જરૂરતની તરફ ધ્યાન આપ્યું છે અને પોતાની વાણી, વર્તનથી પણ આ જ તાલીમ આપી.



**(૧)** બયહકીમાં ઈબ્ને ઈમરાનની રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :

હયા અને ઈમાન એકબીજાના સાથી છે, જ્યારે એક ઉઠાવી લેવામાં આવે છે તો બીજુ પણ ઉઠી જાય છે. (મિશ્કાતુલ મસાબીહ, ૪૩૨)

**(૨)** ઝયદ બિન તલ્હા رحمۃ اللہ علیہ રાવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવ્યું :

દરેક મઝહબની એક ખાસ ખૂબી છે અને ઈસ્લામની ખૂબી હયા શરમ છે. (મિર્કાત હાશિયા મિશ્કાત, પેજ–૧૨)

**(૩)** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એક અન્સારીની નજીકથી પસાર થયા જે પોતાના ભાઈને શીખામણ આપી રહ્યો હતો કે વધારે હયા ન કરો. આપે ફર્માવ્યું : એને છોડી દો કે હયા ઈમાનનો ભાગ છે. (મિશ્કાતુલ મસાબીહ, ૪૩૨)

**(૪)** ઈમરાન બિન હસીનની રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : "હયા ભલાઈ જ લાવે છે." (સહીહ બુખારી, ૨/૯૦૩)

બીજી રિવાયતમાં છે : "હયા સંપૂર્ણતઃ ભલાઈ છે." (મોઅત્તા ઈમામ મુહમ્મદ, ૩૯૫)

**(૫)** હઝરત અબૂ મસ્ઊદ رضی اللہ عنہ ની રિવાયત છે કે આપે ફર્માવ્યું : આગલી નબુવ્વતનું જે કલામ લોકોએ મેળવ્યું એમાંથી આ પણ છે કે, "જ્યારે તમારી પાસે હયા નથી તો જેવું ચાહો કરો ! (સહીહ બુખારી)

### બે હયા બાશ, હર ચે ખ્વાહી કુન

જેમ કે સહાબાએ કિરામ તથા સહાબીયાતની મુબારક જિંદગીઓ પર રસૂલે અકરમના ફર્માનોની એટલી ગાઢ છાપ પડી કે કોઈ સ્ત્રી બેપર્દા નજર ન આવતી, તે અરબનો સમાજ જે થોડાક દિવસો પહેલાં બુરાઈઓનું મૂળ હતો તે હવે ભલાઈઓ ગુલશન બની ગયો. ચારિત્રની સોદાબાજીના સ્થાને ઈજ્જતની રક્ષા, બેપર્દાપણાની જગાએ પર્દો, આવારાપણાની જગાએ વફાદારી અને બેહયાઈની જગા હયાદારીએ લીધી હતી.

ઉમ્મે ખલ્લાદનો આ ઈમાનવર્ધક બનાવ ઈતિહાસના પાનાં પર આજે પણ ચમકી રહ્યો છે કે તેઓ હુઝૂરે અકદસ صلی اللہ تعالٰی علیہ وسلم ની ખિદમતમાં પોતાના ચહેરા પર નિકાબ નાખીને હાજર થયાં. એમનો પુત્ર શહીદ થઈ ચૂકયો હતો એના વિશે પૂછવા માટે આવ્યાં હતાં. એક સહાબીએ આ જોઈને નવાઈ સાથે કહ્યું : નિકાબ ઓઢીને પુત્રના વિશે પૂછવા આવી છો !" આ સાંભળીને આ ખાતૂને જવાબ દીધો, મારો પુત્ર જતો રહ્યો તો શું થયું મારી હયા તો નથી ગઈ ! (સુનને અબૂ દાઊદ, ૩૪૨/૧)

## ★ એક હયાવાળી સ્ત્રી ★

ફરહંગે આસિફિયા નામના મોટા શબ્દકોષના નામથી ઉર્દૂનો કોણ ભણેલો ગણેલો બેખબર છે ? એના લેખક એની પ્રસ્તાવનામાં પોતાના ઘરની અગનજવાળાનું રહસ્ય લખે છે કે ઈ.સ. ૧૯૧૨, ૮–ફેબ્રુઆરીની રાતનો આ પ્રસંગ છે અને લેખકની પત્ની એ સમયે સુવાવડમાં હતી.

જ્યારે અડધા જેટલુ ઘર સળગી ઉઠયું તો એના ધુમાડાઓ અને આગની લપેટોએ ઢંઢોળીને જગાડયાં... એટલામાં તેમનાં પત્નીને ખબર થઈ તો તે પહેલાં તો એકલી વરંડા સુધી આવી પછી પોતાના બાળકને લેવા અંદર ચાલી ગઈ. એને કેદમાં ઉઠાવીને બાથરૂમમાં આવીને ઉભી રહી. એ સમયે આગ લાગી જવાની બૂમ પડી ગઈ જેથી બે ચાર નજીકના પડોશીના આદમી આવી ગયા. મેં મારી પત્નીને કેટલીયવાર કહ્યું કે દરવાજામાં આવી જા ! પણ આ જ જવાબ મળ્યો કે "ગૈરપુરૂષોનો અવાજ આવી રહ્યો છે ! હું કેવી રીતે આવું ?!" આ હઠથી અમને એ સમયે ઘણો રંજ થયો.

ખૈર, તે આગ છેવટે કેવી રીતે ઓલવાઈ અને સુવાવડી બાઈ અને બાળકનો જીવ કઈ રીતે બચ્યો ? આ બધી કહાનીથી આપણને મતલબ નથી. આપણા કામની ચીજ તો લખાણનાં છેલ્લાં વાકયો છે. કેમ કે ખતરો કોઈ મામૂલી નથી, બિલ્કુલ જાન પર આવી બન્યું છે. પોતાની જાન પર પણ અને બાળકની જાન પર પણ ! પતિ ખૂદ આઝાદી આપીને પુરૂષોવાળા ભાગમાં બોલાવી રહ્યો છે તેમ છતાં પણ પર્દાનશીન સ્ત્રીની ઈજ્જતપરસ્તીનો એ આલમ છે કે પોતાની અને પોતાના બાળકની જાન જવી મંજૂર છે ! બંનેનું



આગના અંગારાઓમાં ભસ્મ થઈ જવું મંજૂર છે ! પરંતુ એ પસંદ નથી કે ઈજ્જત હયાની અતિશય અને ઉચ્ચ કક્ષાને કોઈ જરા જેટલી પણ આંચ આવવા પામે.

ઈસ્લામી સજ્જનતા તથા ઈજ્જત અને શરમનો આ પ્રસંગ સાચી મુસલમાન સ્ત્રીઓનો કિરદાર છે. સળગી જવું મંજૂર પણ ગૈર પુરૂષોનો અવાજ સાંભળવો નામંજૂર ! આ બનાવને સામે રાખતાં આજકાલની મોડર્ન સ્ત્રીઓનો કિરદાર જોઈને એક સાચા મુસલમાનનું દિલ જલી ઉઠે છે. તેમને ઈજ્જત, સજ્જનતાની ખાતર સળગી જવું મંજૂર હતું અને આમને મેકઅપ કરીને બની ઠનીને બહાર બેપર્દા ફરીને જલાવવું મંજૂર છે. (ઔરતોંકી હિકાયાત)

**યે જો આઝાદી હૈ ઉસસે ભાગ તૂ**
**અપને ઘરમેં મત લગા યે આગ તૂ !**

## ★ સ્ત્રીનો અવાજ પણ ઔરત (છુપાવવાની ચીજ) છે ★

જેવી રીતે સ્ત્રીનું શરીર એનો શણગાર અને એના સૌંદર્યને છુપાવવાનો હુકમ આપવામાં આવ્યો છે. અને એને જોવાની મનાઈ ફર્માવવામાં આવી છે. એવી રીતે એના અવાજને પણ છુપાવવાનો હુકમ આપવામાં આવ્યો છે અને પુરૂષોના માટે જવાન પર સ્ત્રીનો અવાજ અને એની વાતચીત સાંભળવાની મનાઈ ફર્માવવામાં આવી છે, કેમ કે અવાજથી પણ ફિત્નાઓને માથુ ઊંચુ કરવાનો મોકો મળી શકે છે.

આ જ કારણ છે કે જવાન પર સ્ત્રીઓનો અવાજ સાંભળવો નાજાઈઝ છે, હા, શરઈ જરૂરત હોય જેમ કે ગવાહી વગેરે તો સાંભળવો જાઈઝ જ નથી બલ્કે કદી વાજિબ તથા જરૂરી થઈ જાય છે. (અલ્બરીકહ્ શરહુત્તરીકહ, પેજ–૧૧૯૨)

એ જ પ્રમાણે રીતે પુરૂષો માટે એમના સાથે કોઈ રીતે વાતચીત જાઈઝ નથી એટલે સુધી કે ન છીંકનો જવાબ આપે, ન સલામ કરે, ન એના સલામનો જવાબ આપે, બલ્કે દિલમાં જ જવાબ આપે. આમ જ સ્ત્રીના માટે પણ એ જાઈઝ નથી કે ગૈરપુરૂષો સાથે વાત કરે કે સલામ કરે કે જો તે સલામ કરે છે તો એમના સલામનો જોરથી જવાબ દે. (હવાલો ઉપર મુજબ)

ફર્માને રસૂલ છે :

"કાનોનો ઝિના સાંભળવું અને જીભનો ઝિના વાતચીત કરવી છે."
(મિશ્કાતુલ મસાબીહ, પેજ–૬૦)

આ જ કારણ છે કે નમાઝની હાલતમાં આગળથી પસાર થનારને ખબરદાર કરવાના માટે પુરૂષોને હુકમ આપ્યો કે સુબ્હાનલ્લાહ વગેરે કહે પણ સ્ત્રીઓને થપકારવું એટલે (જમણા હાથની આંગળીઓને ડાબાની પીઠ પર મારવા)નો હુકમ આપ્યો, કેમ કે સ્ત્રીનો અવાજ ફિત્નો છે. (નૂરુલ ઈઝાહ, પેજ–૯૨)

જેમ કે ફર્માને ખુદાવંદી છે :

إِنِ اتَّقَيْتُنَّ فَلَا تَخْضَعْنَ بِالْقَوْلِ فَيَطْمَعَ الَّذِي فِي قَلْبِهِ
مَرَضٌ قُلْنَ قَوْلًا مَّعْرُوفًا

*"જો અલ્લાહથી ડરતી હોઉ તો નઝાકતથી વાત ન કરો કે જેથી દિલનો રોગી કાંઈક લાલચ કરે, હા ! સારી વાત કહો !"* (સૂ. અહઝાબ, પા.–૨૨, રુ.–૧)

એમાં અદબની તાલીમ છે કે જરૂરત પ્રમાણે ગૈરપુરૂષોથી જો પર્દાથી વાતચીત કરવી પડે તો કોશિશ કરો કે અવાજના લહેજામાં નઝાકત ન આવવા પામે અને વાતમાં આકર્ષણ ન હોય, વાત ઘણી જ સાદગીથી કરવામાં આવે. ચારિત્ર્યવાન સ્ત્રીઓના માટે આ જ શોભાને લાયક છે. જરૂરત પેશ આવે તો દીન અને ઈસ્લામની અને નેકીની તાલીમ અને નસીહત શિખામણની વાત કરો પણ અવાજમાં નઝાકત અને આકર્ષણ ન હોય. (ખઝાઈનુલ ઈરફાન)

**જેથી સ્ત્રીઓનું** મીલાદ શરીફ, ઝિક્રે શહાદત એટલા મોટા અવાજથી કરવું કે ગૈરપુરૂષો સુધી અવાજ પહોંચે **હરામ** છે.

નવાઝિલે ઈમામ ફકીહ અબૂલ લૈષમાં છે : "સ્ત્રીનો અવાજ પણ ઔરત (છુપાવાની ચીજ) છે."

એટલા માટે શરીઅતે મુતહ્હરાએ હજના મૌકા પર સ્ત્રીઓને હુકમ આપ્યો કે મોટા અવાજથી તલબિય્યહ્ (અલ્લાહુમ્મ લબ્બૈક) નથી કહી શકતી, એવી રીતે સ્ત્રીઓને અઝાન આપવી પણ જાઈઝ નથી, કેમ કે



સ્ત્રીઓના અવાજમાં પુરૂષોના માટે આકર્ષણ છે કે જે આંતરિક ફિત્નાનું કારણ છે.

## ★ જેવા સાથે તેવા ★

આજકાલ ઈન્સાન પોતે તો આઝાદ રહીને દિલ તથા નજરની તૃપ્તતાનો સામાન પામવા ઈચ્છે છે પણ એની એ ઈચ્છા રહે છે કે મારી પત્ની પર્દામાં રહે ! પોતે બીજાઓની ઈજ્જતને લૂટીને પોતાની ઈજ્જત આબરૂની સલામતીનો ઈચ્છુક રહે છે. પણ એને ખબર નથી કે કુદરતનો કાયદો છે કે જેવી કરણી તેવી ભરણીના પ્રમાણે એની પણ ઈજ્જત બીજાઓના હાથોથી રક્ષિત નથી રહેતી. જો પોતાની ઈજ્જતની સલામતી ઈચ્છતા હોઉ તો તો બીજાઓની ઈજ્જતનું રક્ષણ કરવું પડશે. જેવું કે ફર્માને રસૂલ છે :

"તમે પોતે પાક દામન રહો તો તમારી સ્ત્રીઓ પાક દામન રહેશે. માતા, પિતાના ફર્માબરદાર રહો તો તમારાં બાળકો ફર્માબરદાર રહેશે."
(બરીકહ શરહુત્તરીકહ, પેજ–૧૧૨૧)

દયૂલમીમાં હઝરત અલી رضی اللہ عنہની રિવાયતથી ફર્માને રસૂલ નકલ થયેલ છે :

"ઝિનાથી બચો કેમ કે એનાથી પત્નીઓની લિઝ્ઝત ખતમ થઈ જાય છે. પાક દામન રહો તો તમારી સ્ત્રીઓ પણ પાકદામન રહેશે. ફલાણા કબીલાના પુરૂષોએ ઝિના કર્યો તો એમની સ્ત્રીઓ પણ બદકાર થઈ ગઈ."

નુઝહતુલ મજાલિસમાંથી એક હિકાયત અત્રે રજુ કરીએ છીએ જેનાથી આ હદીષોની સચ્ચાઈ જાહેર થઈ જશે.

એક નેક સ્વભાવની અને પાકબાઝ સ્ત્રીનો પતિ સોની હતો. એના ઘરમાં પાણી ભરવા માટે એક માણસ નક્કી કરેલ હતો જે ત્રીસ વર્ષથી એના ઘરે આવીને પાણી ભર્યા કરતો હતો પણ કદી એણે આ ચારિત્ર્યવાન સ્ત્રીની તરફ આંખ ઉઠાવીને પણ ન જોયું હતું. એક દિવસની વાત છે કે તે પાણી લઈને ઘરે આવ્યો તો તે ચારિત્ર્યવાનનાં કાંડાઓ પકડીને પોતાની તરફ ખેંચી. સ્ત્રીએ કાંડાઓ છોડાવ્યાં અને અંદર દોડીને દરવાજો બંધ કરી લીધો જેથી તે

ચાલ્યો ગયો. જ્યારે તેનો પતિ ઘરે આવ્યો તો સ્ત્રીએ કહ્યું : આજે ચોક્કસ આપનાથી કોઈ ગુનોહ થઈ ગયો છે ! પતિએ કહ્યું કે બીજો તો કોઈ ગુનોહ નથી થયો પણ એક સ્ત્રી આજે મારી પાસેથી કંગન ખરીદવા આવી હતી. હું એના નાજુક અને ખૂબસૂરત કાંડાઓ પકડીને બેસબ્ર થઈ ગયો અને એના કાંડાઓ પકડીને એને મારી તરફ ખેંચી. તેણી પોતાનાં કાંડાઓ છોડાવીને ત્યાંથી દોડી ગઈ.'' નેક સ્ત્રીએ પતિની આ વાત સાંભળીને કહ્યું : ઠીક છે ! અય મારા પતિ ! તમારી આ જબરદસ્તીનો બદલો તમારી પત્નીથી લેવામાં આવ્યો ! જેવું કે તમે બીજાની પત્નીની સાથે વર્તન કર્યું તો તમારી પત્નીની સાથે એ જ પ્રમાણે કરવામાં આવ્યું.''

સવાર થઈ તો તે જ નોકર એ સ્ત્રીની પાસે આવીને પોતાની અયોગ્ય હરકત પર શર્મિંદા થઈને માફી માંગવા લાગ્યો. ચારિત્ર્યવાન સ્ત્રીએ કહ્યું : એમાં તારી ભૂલ નથી, મારા જ પતિની નિય્યત બગડી ગઈ હતી ! (ઔરતોંકી હિકાયાત)

## ☆ પોશાક અને પર્દો ☆

પોશાકની સ્ટાઈલ તથા બનાવટનો હેતુ શરીર છુપાવવું અને શરીરનો પર્દો છે. અને ઈન્સાનની પ્રકૃતિમાં પણ શરીરને ઢાંકવાની ભાવના દુનિયાની પેદાઈશથી જ સમાયેલી છે. જેથી હઝરત આદમ તથા હવ્વા عَلَیْهِمُ السَّلَام થી જન્નતી પોશાક ઉતારી લેવામાં આવ્યો તો એ બંનેવે અંજીરના પાંડદાંઓથી પોતાના શરીરને ઢાંકવાનું કામ લીધું હતું. અને દુનિયામાં આવીને આપે બધાથી પહેલાં કપડાં પહેરવાનું કામ કર્યું હતું. (તફસીરે નઈમી, ભાગ–૧, પેજ–૩૩૦, ૩૩૧)

પોશાક શોભા અને આરામનું એક બેહતરીન કારણ પણ છે. પોશાકના વગર સુંદરતા પણ બદસૂરત તથા ભૂંડી નજર આવે છે અને એનું આકર્ષણ તથા ભપકો નષ્ટ થઈ જાય છે અને શ્રેષ્ઠ પોશાક મામૂલી સુંદરતાને પણ દિલને ધોકો આપનાર બનાવી દે છે. પણ આ શોભા, શણગાર પોશાકનો



બીજો મકસદ છે. પોશાકનો પ્રથમ મકસદ શરીરને ઢાંકવું તથા પર્દો છે. જેમ કે કુર્આને કરીમનો ઈર્શાદ છે :

يٰبَنِىْٓ اٰدَمَ قَدْ اَنْزَلْنَا عَلَيْكُمْ لِبَاسًا يُّوَارِىْ سَوْاٰتِكُمْ وَرِيْشًا
وَلِبَاسُ التَّقْوٰى ذٰلِكَ خَيْرٌ ۚ ذٰلِكَ اٰيَاتُ اللّٰهِ لَعَلَّهُمْ يَذَّكَّرُوْنَ

*અય આદમની ઔલાદ ! મેં તમારી તરફ એક પોશાક ઉતાર્યો જે તમારા શરમની જગાઓને છુપાવે અને એક તે જે તમારી શોભા હોય અને પરહેઝગારીનો પોશાક ભલો છે. આ અલ્લાહની નિશાનીઓમાંથી છે કે કયાંક તેઓ નસીહત માને.* (સૂ. અઅરાફ, પારા–૮, રુકૂઅ–૧૦)

## ★ કેટલો પોશાક ફરજ છે ? ★

એટલો પોશાક ફરજ છે કે જેનાથી સતર ઢંકાઈ જાય અને ગરમી તથા ઠંડીની તકલીફથી બચે અને એનાથી વધારે જેનાથી શણગારનો હેતુ હોય, અલ્લાહની આપેલ નેઅમતને જાહેર કરવામાં આવે એ મુસ્તહબ છે. (બહારે શરીઅત, ૩૮/૧૬)

જે અંગોનું છુપાવવું ફરજ છે એમને ઔરત (શરમની જગા) કહે છે. પુરૂષના માટે ડૂંટીના નીચેથી ગુથણો સુધી ઔરત (છુપાવવાની જગા) છે. એમાંથી કોઈ ભાગનું શરઈ તથા તબઈ જરૂરત વગર ખોલવું જાઈઝ નથી, એટલે કે કુદરતી હાજત, સંભોગ અને ઈલાજના સિવાય કોઈ સમયે પણ જાંગ વગેરેનું બેપર્દા કરવું હરામ છે. આજકાલ લોકોમાં માત્ર જાંગીયા તથા ચડ્ડા પહેરવાનો જે રિવાજ અંગ્રેજોથી આવી ગયો છે જેનાથી જાંગનો વધારે પડતા ભાગ ખુલ્લા રહે છે, એ જ પ્રમાણે જેનાથી ચાલવામાં જાંગ ખુલી જાય એ **હરામ** છે કેમ કે જાંગને છુપાવવી ફરજ છે.

**(૧)** હઝરત જરહદની રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : ''શું તને ખબર નથી જાંગ શરમની જગા છે.''

**(૨)** હઝરત અલી રાવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમનાથી ફર્માવ્યું :

"અય અલી ! પોતાની જાંગ ન જાહેર કરો અને ન કોઈ જીવંત કે મુર્દાની જાંગ જુઓ." (મિશ્કાત, સુનને અબૂ દાઊદ)

**(૩)** મુહમ્મદ બિન જહશની રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم વૃધ્ધની પાસેથી પસાર થયા અને એની જાંગો ખુલ્લી હતી તો આપે ફર્માવ્યું : "અય વૃધ્ધ ! પોતાની જાંગોને છુપાવો કેમ કે જાંગ છુપાવવાની ચીજ છે." (મિશ્કાતુલ મસાબીહ, ૨/૨૬૯)

સ્ત્રીઓના માટે માથાના વાળથી પગોના નખો સુધી દરેક શરીરના ભાગો ઔરત (શરમની જગા એટલે કે છુપાવવાની ચીજ) છે. પર પુરૂષ કે કાફિર પુરૂષ સ્ત્રીની સામે કોઈ પણ ભાગને કે વાળોને જાહેર કરવું જાઈઝ નથી. અલ્લાહ તઆલા ફર્માવે છે :

وَلَا يُبْدِيْنَ مِنْ زِيْنَتِهِنَّ اِلَّا مَا ظَهَرَ مِنْهَا

*અને ન જાહેર કરો પોતાનો શૃંગાર પણ જે પોતે જ જાહેર છે એટલે ચહેરો તથા હથેળીઓ.* (કુર્આન, સિ.–૧૮)

જેમ કે હઝરત આઈશા સિદ્દીકાની રિવાયત છે કે એમનાં બહેન અસ્મા બિન્તે અબૂબક્ર રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمની ખિદમતમાં બારીક પોશાક પહેરીને હાજર થઈ તો આપે આપનો ચહેરએ મુબારક ફેરવી લીધો અને ફર્માવ્યું : અય અસ્મા ! જ્યારે સ્ત્રી બાલિગપણાની નજીક પહોંચી જાય તો એ જાઈઝ નથી કે આના અને આના સિવાય એના શરીરનો કોઈ પણ ભાગ નજર આવે. આમ કહીને આપે ચહેરો અને હથેળીઓ તરફ ઈશારો કર્યો. (મિશ્કાતુલ મસાબીહ, પેજ–૨/૩૭૭)

એનાથી જેવી રીતે એ વાત સાબિત થઈ કે ચહેરો અને હથેળીઓના સિવાય સ્ત્રીનું તમામ શરીર ઔરત (શરમની જગા) છે તેવી જ રીતે એ વાત પણ જણાય ગઈ કે **સાળી અને બનેવીના વચ્ચે પર્દો ફર્ઝ છે,** કેમ કે હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશાની બહેન અને રસૂલે કાએનાત صلی اللہ تعالیٰ علیہ وسلمની સાળી થયાં, જેને આપે બારીક પોશાકમાં જોઈને મોઢું ફેરવી લીધું કે જેથી ગૈરમહરમની છુપાવવાની જગા ન જુએ.

છુપાવવાનો મતલબ એ છે કે **આ ભાગો પર જેનું છુપાવવું**



**ફર્ઝ છે એવાં કપડાં હોય જેનાથી ન શરીરની સફેદી ચમકે ન વાળોની કાળાશ નજર આવે તેમજ પોશાક એટલો ચુસ્ત પણ ન હોય કે શરીરનાં અંગોનો ઘાટ અને ઉતાર ચઢાવ પ્રદર્શિત થઈ જાય જેમ કે બ્લાઉઝ વગેરે.**

આજકાલ ફેશનેબલ પોશાક જેમાં શરીરના વધારે પડતા ભાગો ભૂજાઓ (મસલ્સ), કમર, ગર્દન અને છાતીના વધારે પડતા ભાગો ખુલ્લા રહે છે અને સ્ત્રીની છાતીની સુંદરતાનું પ્રદર્શન થાય છે, એવા પોશાક પહેરવા ખુદાના ગઝબને દા'વત દેવું છે ! ખુદા આવી બેહયાઈથી ઈસ્લામી શહઝાદીઓને સુરક્ષિત રાખે....આમીન.

પશ્ચિમી સંસ્કૃતિએ નાઝ નખરા અને પોશાકમાં એવી કઢંગી સ્ટાઈલ પેદા કરી છે કે પોશાકનો મકસદ જ મરી પરવાર્યો છે. ઘણી બધી સ્ત્રીઓ પોશાક પહેરીને પણ નગ્ન જ રહે છે ! આ આધુનિકતાના ચક્કરમાં નાખીને શૈતાને પોતાની થયેલી બેઈજ્જતીનો સારી રીતે બદલો લીધો છે. આ માનવજાતના દુશ્મને એવી ફજેતી કરી છે કે પોતાનાં તથા પારકાઓમાં આ ઈન્સાન પોતાની બેહયાઈનું પ્રદર્શન કરતો ફરી રહ્યો છે. જન્નતમાં તો એણે હઝરત આદમ તથા હવ્વા علیہم السلامના પોશાક ઉતારી લેવડાવ્યા હતા અને આજે દુનિયામાં એમની ઔલાદને નગ્ન કરી રહ્યો છે. પરંતુ કોઈ એ દુશ્મનને તો ઓળખે ? કુર્આને આપણને ખબરદાર કરી દીધાં છે :–

اِنَّ الشَّيْطَانَ لِلْاِنْسَانِ عَدُوٌّ مُّبِيْنٌ

*"બેશક ! શૈતાન માનવીનો ખુલ્લો દુશ્મન છે."* (સૂ. યૂસુફ, પારા–૧૨)

આહ મુસલમાનો ! આપણે આવા ખુલ્લા દુશ્મનને ન ઓળખ્યો અને એના બેહકાવામાં આવીને ઈસ્લામી પોશાક અને ઈસ્લામી સંસ્કૃતિને છેલ્લી સલામ કહી રહ્યા છીએ ! અને એમનું અનુકરણ કરી રહ્યા છીએ, એમની રીત અપનાવી રહ્યા છીએ, જે આપણા દીનનો દુશ્મન આપણી સંસ્કૃતિનો દુશ્મન, આપણા ખુદા અને રસૂલનો દુશ્મન, આપણી સુધારણાનો દુશ્મન, આપણી સફળતાનો દુશ્મન, આપણા ઈતિહાસનો દુશ્મન છે. પશ્ચિમનાં આ કાળા વાદળો ઈસ્લામી ચાંદનીને પોતાની લપેટમાં લઈને

હમેશાંના માટે દફન કરી દેવા ઈચ્છે છે.

હે લોકો ! આ દુનિયાવાળા આપણને શૈતાનની પૈરવીનો પાઠ આપે છે અને આપણો રબ કેટલો મોટો મહેરબાન છે કે આપણને આ દુશ્મનથી બચવાની વારંવાર તાકીદ ફર્માવે છે :

يٰبَنِيْٓ اٰدَمَ لَا يَفْتِنَنَّكُمُ الشَّيْطٰنُ كَمَآ اَخْرَجَ اَبَوَيْكُمْ مِّنَ الْجَنَّةِ يَنْزِعُ عَنْهُمَا لِبَاسَهُمَا لِيُرِيَهُمَا سَوْاٰتِهِمَا اِنَّهٗ يَرٰىكُمْ هُوَ وَقَبِيْلُهٗ مِنْ حَيْثُ لَا تَرَوْنَهُمْ اِنَّا جَعَلْنَا الشَّيٰطِيْنَ اَوْلِيَآءَ لِلَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ۔

*''અય આદમની ઔલાદ ! કયાંક શૈતાન તમને ગુમરાહ ન કરી દે જેવું કે એણે તમારા માં, બાપને જન્નતથી પોશાક ઉતારીને કાઢયા હતા કે એમની શર્મગાહ નજર આવે, તે અને એનું લશ્કર તમને એવી જગાએથી જોઈ રહ્યા છે કે તમે એમને નથી જોઈ શકતા. મેં શૈતાનને એ લોકોનો દોસ્ત બનાવ્યો છે જે ઈમાનવાળા નથી.''* (સૂ. અઅ્રાફ, પારા–૮, રુકૂઅ–૧૦)

સાચે જ જે શૈતાને હઝરત આદમ તથા હવ્વા عَلَيْهِمُ السَّلَام નો પોશાક ઝૂટવ્યો હતો આજે એણે પશ્ચિમી સંસ્કૃતિના પ્રપંચમાં ફસાવીને આપણને પણ નગ્ન કરી દીધાં છે.

## ★ કપડાં પહેર્યાં છતાં નગ્ન સ્ત્રીઓ ! ★

આજે મોટા ભાગની સ્ત્રીઓ બારીક પોશાક પહેરીને કે અર્ધનગ્ન થઈને નીકળે છે, એ જ સ્ત્રીઓના વિશે અલ્લાહના મહબૂબ, દાનાએ ગુયૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

''બે પ્રકારના જહન્નમી એવા છે જેને મેં નથી જોયા. એક તે લોકો હશે જેના હાથોમાં ગાયની પૂંછડી જેવા કોરડાઓ હશે જેનાથી તેઓ લોકોને મારશે, બીજો પ્રકાર તે સ્ત્રીઓ જે પોશાક પહેરવા છતાં પણ નગ્ન રહેનારી !



બીજાઓને આકર્ષિત કરવાવાળી, ખૂદ બીજાઓની તરફ આકર્ષિત થવાવાળી, એમનાં માથાં બુખ્તી ઊંટોના ઢેકાઓની જેમ લટક મટક થતાં હશે. તેઓ ન જન્નતમાં જશે ન એની ખૂશ્બૂ મેળવશે જ્યારે કે જન્નતની ખૂશ્બૂ આટલા આટલા દૂરથી અનુભવવામાં આવશે.'' (સહીહ મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૨૦૫)

એટલે આ સ્ત્રીઓ એવી હશે જે અલ્લાહ તઆલાની આપેલ નેઅ્મતો પહેરશે તેમ છતાં નગ્ન રહેશે કેમ કે શરીરના થોડાક ભાગ છુપાવશે, થોડાક ખુલ્લા રાખશે અથવા એટલાં બારીક કપડાં પહેરશે કે શરીરની રંગત સાફ નજર આવશે અને ઘમંડથી લટક મટક ચાલશે અને પોશાક એટલા સાંકડા અને ચુસ્ત રહેશે કે દરેક અંગોનો આકાર અને એના ઘાટ એવા જાહેર અને પ્રદર્શિત થશે જેવા કે પોશાક વગર હોય !

આજે જો આસપાસના માહોલનું અવલોકન કરવામાં આવે તો ગૈબની ખબર જે રસૂલે હાશમીએ ચૌદસો વર્ષ પહેલાં આપી હતી તે શબ્દે શબ્દ સાચી જોવા મળે છે. આ નવી સંસ્કૃતિ તથા તાલીમની બુરાઈથી આજે ૯૦% સ્ત્રીઓ આ નગ્નતાની શિકાર છે ! પોશાક તથા તેની સ્ટાઈલમાં બિભત્સતા બેહયાઈ તથા નગ્ન નજર આવે છે. સ્ત્રીઓને જહન્નમમાં લઈ જનાર અને જન્નતની ખૂશ્બૂ જ એમના પર હરામ કરવાવાળાં આ જ કારણો છે.

અય ઈસ્લામની શહઝાદીઓ ! કદી તમે ઠંડા દિલથી વિચાર કરવાની કોશિશ પણ કરી છે કે તમે એ નગ્નતાનો પોશાક, ફિલ્મી રંડીઓના નર્તકીઓના તરીકાઓ અને પશ્ચિમી સંસ્કૃતિની જીવનપધ્ધતિ અપનાવીને ન માત્ર દુનિયામાં પોતાની ઈજ્જત તથા મહાનતાનો ચિરાગ ઓલવી નાખ્યો છે બલ્કે આખેરતમાં પોતાના માટે દર્દનાક અઝાબનો સામાન કરી લીધો છે અને પોતાના માટે જન્નતને એવી હરામ કરી લીધી છે કે એની ખૂશ્બૂ સુધ્ધાં પણ પ્રાપ્ત નહીં થાય !

અફસોસ ! ઈસ્લામની શહઝાદીઓ ! એક જમાનો એ પણ હતો કે તમારી સુંદરતાની લહક ઝલક જોવાના માટે હવાના ઝોકાઓ પણ તડપી જતા હતા, આજે તારો દીદાર એટલો કિંમત વગરનો થઈ ગયો છે કે તારા

શરીરનું પ્રદર્શન ગલી કૂચાઓ, બજારો અને પાર્કોમાં છૂટથી થઈ રહ્યું છે ! કાલે તારી ઈજ્જતની કસમ દુનિયાના ઈતિહાસે ખાધી હતી, તમારી ઈજ્જતની હિફાઝતના માટે મુહમ્મદ બિન કાસિમની તલ્વાર સિંધના કિનારા પર ઈજ્જતના લૂટેરાઓની ગર્દનો પર ચમકી રહી હતી, આજે તમારી તાલીમ તથા સંસ્કૃતિ અને તમારી નવી સોસાયટીએ તમારી ઈજ્જતને થોડાક ટકાની પણ ન રહેવા દીધી છે ! શું આનું નામ ઉન્નતિ છે ? આ જ તાલીમનો મકસદ છે ? આને સંસ્કૃતિ કહે છે ? આજ ઈસ્લામી સ્ત્રીઓની શાન છે ? ઈસ્લામ એ નથી કહેતો કે ઘરોમાં બંધ રહો પણ જ્યારે નીકળો તો પોતાની કિંમતી દૌલતના માટે સુરક્ષિત વ્યવસ્થા કરી લો, પોતાના અંગ અંગને કપડામાં છુપાવી લો જેથી તમારા હુસ્નની દૌલત તથા ઈજ્જત પર કોઈ બદમાશ લૂટેરાની લલચાયેલ નિગાહોમાં ન પડી શકે અને તમારા સ્ત્રીત્વના પ્રભાવને ઠેસ ન પહોંચે.

## ★ બારીક પોશાક ★

આગળના પાનાઓમાં આપે વાંચ્યું કે **પોશાકનો મકસદ શરમની જગાઓનો પર્દો અને બદનને ઢાંકવું છે.** જો ઈન્સાન પોશાકમાં પણ નગ્ન રહે તો તે પોશાક નથી કહેવડાવી શકતા. જેથી એટલાં બારીક કપડાં જેનાથી શરીરની રંગત અને વાળોની કાળાશ ચમકે તેનાથી શરીર ઢાંકી નથી શકાતુ. સ્ત્રીઓએ એવો પોશાક પહેરવો **હરામ, હરામ, હરામ, બુરું પરિણામ** છે. આધુનિક જમાનાની સ્ત્રીઓની ફેશન જ એ થઈ ગઈ છે કે બારીકથી બારીક કપડાં પહેરે અને એની એવી ધૂન સવાર થઈ છે કે શરમ તથા હયા અને પર્દાની ફિકરથી બિલ્કુલ અલગ થઈ ગઈ છે. ઉમ્મહાતુલ મો'મિનીન ખાતૂને જન્નત સહાબીયાત, સાલેહા સ્ત્રીઓના અનુસરણના બદલે રંડીઓ ફિલ્મી નર્તકીઓ અને પશ્ચિમી બેશરમ સ્ત્રીઓની રીતભાતને પોતાની જિંદગીનો મકસદ બનાવી લીધો છે. રસૂલે ગિરામીનું ફર્માન અત્યારે આપ લોકોએ જોયું કે એવી સ્ત્રીઓ જન્નતની ખૂશ્બૂ પણ નહીં મેળવશે. બારીક



પોશાકથી આપની નારાજગી જુઓ :

يَا أَسْمَآءُ إِنَّ الْمَرْأَةَ إِذَا بَلَغَتِ الْمَحِيْضَ لَنْ يُصْلِحَ لَهَا
أَنْ يُّرٰى مِنْهَا إِلاَّ هٰذَا وَهٰذَا وَأَشَارَ إِلٰى وَجْهِهٖ وَكَفَّيْهِ

**(૧)** હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا રિવાયત કરે છે કે મારી બહેન અસ્મા બિન્તે અબૂબક્ર બારીક પોશાક પહેરીને આવી. આપે પોતાનો ચહેરો મુબારક ફેરવી લીધો અને ફર્માવ્યું : અય અસ્મા ! જ્યારે સ્ત્રી પુખ્તતાની નજીક પહોંચી જાય તો આના સિવાય તેણીના શરીરના કોઈ ભાગ જોવામાં આવે એ જાઈઝ નથી, અને આપે ચહેરો અને હથેળીઓની તરફ ઈશારો ફર્માવ્યો.

**(૨)** હઝરત અલકમહ رضی اللہ عنہ પોતાની માં થી રિવાયત કરે છે :

دَخَلَتْ حَفْصَةُ بِنْتُ عَبْدِ الرَّحْمٰنِ عَلٰى عَائِشَةَ وَعَلَيْهَا
خِمَارٌ رَقِيْقٌ فَشَقَّتْهُ عَائِشَةُ وَكَسَتْهَا خِمَارًا كَثِيْفًا

*"હઝરત હફસા બિન્તે અબ્દુર્રહ્માન હઝરત આઈશા સિદ્દીકાની ખિદમતમાં બારીક દુપટ્ટો ઓઢેલ આવ્યાં. હઝરત આઈશાએ એને ફાડી નાખ્યો અને જાડા કપડાનો દુપટ્ટો ઓઢાડી દીધો."*

## ★ બારીક કપડાંની નીચે જાડા કપડાં હોય તો વાંધો નથી ★

બારીક પહેરવેશની હુર્મતનું અસલી કારણ બેપર્દાપણું છે. ઈસ્લામ આ બેપર્દાપણા તથા બેહયાઈને ખતમ કરવા ઈચ્છે છે. આ જ કારણે ઈસ્લામના વિશાળ દામનમાં એનો ઈલાજ મૌજૂદ છે કે **જો પોશાક બારીક હોય તો એની નીચે કોઈ જાડુ કપડુ પહેરી લેવાથી હુર્મત (હરામ હોવું) અસલ રીતે ખતમ થઈ જાય છે.** જેમ કે હઝરત દહિય્યા બિન ખલીફા رضی اللہ عنہ કહે છે

કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં થોડાક કિબ્તી (એક પ્રકારનાં બારીક કપડાં) લાવવામાં આવ્યા. એમાંથી એક કપડું આપે મને પણ આપીને ઈર્શાદ ફર્માવ્યો : એના બે ટુકડા કરીને એક ખમીસ બનાવી લેશો અને બીજો ટુકડો તમારી પત્નીને આપી દેશો કે તેણી એને દુપટ્ટો બનાવી લે. જ્યારે તે પાછા ફરવા લાગ્યા તો આપે વધારે ફર્માવ્યું કે તમારી પત્નીને હુકમ આપશો કે આની નીચે બીજુ કપડું રાખી લે જેથી શરીર જાહેર ન થાય. (સુનને અબૂ દાઊદ, ૨/૨૧૪)

સારાંશ કે ઈસ્લામ મઝહબ પોશાક બાબતે એવી વિચારશ્રેણી રજુ કરે છે જેનો મકસદ સમાજની સુધારણા, પતિ પત્નીની ઈજ્જત આબરૂની રક્ષા અને સામાજિક જિંદગીની અપેક્ષિત બુરાઈઓ દૂર કરી પવિત્રતા રાખવી છે.

ઈસ્લામ એવો પોશાક અતા કરે છે કે જેમાં પુરૂષ તથા સ્ત્રી બે વિભિન્ન જાતિની હેસિયતથી જણાઈ આવે. એક (પુરૂષ)ની સલામતી એના થોડાક અંગોને પણ ઢાંકેલ રાખવામાં છે જ્યારે બીજાના (સ્ત્રીના) રક્ષણના માટે સંપૂર્ણ ઢંકાવું જરૂરી છે. એક (સ્ત્રી) માથાથી પગ સુધી નાઝો અંદાઝનું પૂતળુ છે જેને કોઈ પણ હાલતમાં ગૈરોની સામે બેનકાબ થતુ ઈસ્લામ પસંદ નથી કરતો. બીજો (પુરૂષ) એની જિંદગીની જરૂરિયાત અને માલી મજબૂતીના માટે મહેનત કરનાર તથા એમાં કઠિનાઈઓ સહન કરનાર છે. એને સંપૂર્ણ પડદાનો પાબંદ બનાવવું બુધ્ધિની વિરૂધ્ધ છે જેથી અમુક હદનાં અંગોને છુપાવવું પૂરતુ છે.

જેથી દરેકના માટે નક્કી કરવામાં આવ્યું કે ન સ્ત્રી પુરૂષ બનવાની કોશિશ કરે ન પુરૂષ સ્ત્રી જેવી રીતભાત અપનાવે બલ્કે દરેક પોતપોતાના વર્તુળમાં રહે.

## ★ ભાયડાછાપ સ્ત્રીઓ ! ★

આજે ઉન્નતિ પામેલ અને તાલીમ પામેલ વર્ગ આ બીમારીનો વધારે શિકાર નજર આવે છે કે સ્ત્રીઓ ભાયડાછાપ પોશાક પહેરીને પોતાને દુનિયાની બધાથી અકલમંદ, તાલીમ પામેલ અને મોર્ડન (એડવાન્સ) સમજે



છે. આવી સ્ત્રીઓ અને પુરૂષો પર રસૂલે કાએનાત صلی اللہ تعالیٰ علیہ وسلم એ લા'નત ફર્માવી છે.

**(૧)** હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ تعالیٰ عنہما ની રિવાયત છે :

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સ્ત્રી જેવા બનનારા પુરૂષો અને પુરૂષ જેવી બનનારી સ્ત્રીઓ પર લા'નત મોકલી.

**(૨)** બીજી રિવાયતમાં છે :

રસૂલુલ્લાહે સ્ત્રીઓના જેવો દેખાવ અપનાવનારા પુરૂષો અને પુરૂષ જેવો દેખાવ અપનાવનારી સ્ત્રીઓ પર લા'નત મોકલી છે. (રિયાઝુસ્સાલિહીન, બહવાલા બુખારી, ૬૨૫)

**(૩)** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે :

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ પુરૂષ પર જે સ્ત્રીઓનો પોશાક પહેરે અને એ સ્ત્રી પર જે પુરૂષોનો પોશાક અપનાવે લા'નત મોકલી છે. (સુનને અબૂ દાઊદ, ૨/૨૧૨)

પુરૂષોની સરખામણીથી બચવાના માટે દુપટ્ટાઓમાં પણ આ સાવધાનીનો હુકમ ફર્માવ્યો.

**(૪)** હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا રાવી છે :

નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એમની પાસે તશરીફ લાવ્યા અને તેણી દુપટ્ટો ઓઢી રહી હતી. આપે ફર્માવ્યું કે એક જ આંટો મારો બે આંટા ન મારો. (૨/૨૧૪)

કારણ એ હતું કે એમાં પુરૂષોના અમામાની જેમ ન થઈ જાય.

ઈસ્લામ મઝહબના આ પોશાક પહેરવાના આદેશમાં પોશાકની જે હાલત અને એનો જે મકસદ નક્કી કરવામાં આવ્યો છે એના હેઠળ ઈસ્લામી પોશાકમાં ઈજ્જત તથા ઉચ્ચતા અને સુચારિત્ર્યમય માનવ પ્રભાવની છબી જાહેર થતી જોવા મળે છે.

## ★ સલ્વાર (ઈજાર) પસંદગી પામેલ પોશાક છે ★

પોશાકનો અસલ મકસદ શરીરને છુપાવવું છે અને તે સલ્વારથી વિશેષ સાડીમાં નથી. કેમ કે સાડીમાં બેપર્દાપણાનો ભય બાકી રહે છે જેથી રસૂલે કાએનાત صلی اللہ تعالیٰ علیہ وسلم એ સલ્વાર પહેરવાવાળી સ્ત્રીઓના માટે દુઆ ફર્માવી. નકલ થયેલ છે કે એકવાર આપ કયાંક તશરીફ લઈ જઈ રહ્યા હતા. રસ્તામાં એક સ્ત્રીનો પગ લપસ્યો અને તે ગબડી પડી. આપે પોતાનો ચહેરા મુબારક એ દિશા તરફથી ફેરવી લીધો. સહાબાએ અર્ઝ કરી : "હુઝૂર તેણી સલ્વાર પહેરેલ છે." આપે ઈર્શાદ ફર્માવ્યો : અય અલ્લાહ ! મારી ઉમ્મતની સલ્વાર પહેરનારી સ્ત્રીઓને બખ્શી દે. અય લોકો ! ઈજાર (સલ્વાર) પહેરો કે તમારા બીજાં કપડાંઓની સરખામણીમાં એ શરીર વધારે છુપાવે છે, ખાસ કરીને સ્ત્રીઓના માટે.

એનું કારણ જાહેર છે કે ગબડી પડવાથી પણ ઈજારમાં બેપર્દાપણું નથી થતું જ્યારે કે સાડીમાં બેપર્દાપણાનો પૂરો ડર રહે છે. અને ઈજાર પસંદ પામેલ અને ખાસ પોશાક પણ છે. આલમગીરીમાં છે :–

"ઈજાર પહેરવી સુન્નત છે અને એમાં સ્ત્રીઓ અને પુરૂષોના માટે તમામ કપડાંઓથી વધારે સતર તથા પર્દો છે.

## ★ આંખો જીભ નથી પણ.... ★

**નજરો નીચી રાખો** : આંખો બુરાઈઓનો રસ્તો છે. જે બુરાઈઓથી સમાજને પાક કરવાનો ઈસ્લામે સંકલ્પ કર્યો છે તે બુરાઈઓ આ જ નજરના ચોર દરવાજાથી દાખલ થાય છે. નજર જુએ છે તો દિલનું ખેંચાણ થાય છે પછી ઈન્સાન તે કરી ચૂકે છે જે ન કરવું જોઈએ. સાચું છે "સાંભળેલ જોયા સમાન કેવી રીતે થઈ શકે ! " જોયેલ વાતો પ્રતિ ઈન્સાન વધારે આકર્ષાય છે. એટલા માટે ઈસ્લામે બુરાઈઓના સફાયા માટે પોશાક તથા પર્દો, સતર છુપાવવાની સાથે સાથે નજરના પક્ષીની પાંખો પણ કાપી છે, જેથી ન એ



આગમય બાગની પ્રતિ ઉડશે ન ચારિત્ર્ય તથા ઈજ્જત ખાકમાં મળશે, ન નજરો ટકરાશે, ન દિલોની દુનિયામાં હલચલ મચશે, ન સુંદરતાનાં દર્શન થશે, ન મન પાપી બનશે. એટલા માટે વિવિધ રીતે નીચે નજરો કરવાની અને આંખોની હિફાઝતના માટે તાકીદ કરવામાં આવી અને નજરોને હદ બહાર જવાથી ડરાવ્યા અને ધમકાવ્યા. ઈર્શાદે રબ્બાની છે :

قُلْ لِّلْمُؤْمِنِيْنَ يَغُضُّوْا مِنْ اَبْصَارِهِمْ وَيَحْفَظُوْا فُرُوْجَهُمْ

ذٰلِكَ اَزْكٰى لَهُمْ اِنَّ اللّٰهَ خَبِيْرٌ بِمَا يَصْنَعُوْنَ ۔

"મુસલમાન પુરૂષોથી ફર્માવી દો કે પોતાની નજરો નીચી રાખે અને પોતાની શર્મગાહોની હિફાઝત કરે. આ એમના માટે ઘણું સુથરુ છે. બેશક ! અલ્લાહને એમનાં કામોની ખબર છે." (પા. ૧૮, રુકૂઅ–૧)

એક જગા પર આ પ્રમાણે ઈર્શાદ છે :

اِنَّ السَّمْعَ وَالْبَصَرَ وَالْفُؤَادَ كُلُّ اُولٰٓئِكَ كَانَ عَنْهُ مَسْـُٔوْلًا

*"બેશક ! કાન, આંખ, દિલ સૌની પૂછતાછ થશે."* (સૂ. અસ્રા)

એક ઠેકાણે ઈર્શાદ છે :–

يَعْلَمُ خَآئِنَةَ الْاَعْيُنِ وَمَا تُخْفِى الصُّدُوْرُ

*"અલ્લાહ જાણે છે નજરોની ચોરીને અને દિલોમાં છુપાયેલ વાતોને."*

રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદ છે : "ન પુરૂષ પુરૂષની શર્મગાહને જુએ, ન સ્ત્રી સ્ત્રીની શર્મગાહને અને ન પુરૂષ પુરૂષની સાથે એક કપડામાં સૂએ, ન સ્ત્રી સ્ત્રીની સાથે. (મુસ્લિમ શરીફ, ૩૩૭/૨)

## ★ પહેલી નજર ★

આ જમાનામાં પરસ્ત્રીનો ચહેરો જોવો પણ જાઈઝ નથી. હા ! ગવાહ કે કાઝીના માટે અને એ વ્યકિતના માટે જે તેણી સાથે નિકાહનો ઈરાદો

રાખે છે જાઈઝ છે. (નિકાહ માટે પસંદ પૂરતી જોવાની ઈજાઝત છે.) (ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૧૦, નિસ્ફ આખિર)

એના સિવાય કોઈ ગૈરમહરમના માટે કોઈ પણ રીતે જાઈઝ નથી. જો અચાનક નજર પડી જાય તો તરત જ હટાવી લે. જેમ કે સહીહ મુસ્લિમ શરીફમાં હઝરત જરીર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہની રિવાયત નકલ થયેલ છે : "મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمથી અચાનક નજર પડવાના વિશે સવાલ કર્યો તો આપે હુકમ આપ્યો કે નજર ફેરવી લો." (મિશ્કાતુલ મસાબીહ, ૨૬૮)

મુસ્નદે ઈમામ અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ અને દારમીએ હઝરત બુરીદા رضی اللہ عنہની રિવાયત નકલ કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمએ હઝરત અલીથી ફર્માવ્યું :

"અય અલી ! એક નજરના પછી બીજી નજર ન જુઓ. પહેલી નજર (ઈરાદા વગર) તો માફ છે પણ બીજી વાર જોવાની રજા નથી." (પેજ–૨૬૯)

જાણવા મળ્યું કે બીજી નજર જાઈઝ નથી કેમ કે એમાં ઈરાદો અને ખ્વાહિશની દખલ છે એટલા માટે એનાથી બચવું જરૂરી છે.

## ★ ઈબ્લીસનું ઝહેરમાં બુઝાવેલ તીર ! ★

આંખો દિલનો રસ્તો છે. જે ચીજ આંખ જુએ છે એ જ દિલમાં ઉતરે છે. એટલા માટે ઈબ્લીસ નજરોને બહેકાવતો રહે છે જેથી જ્યારે નજર ભટકશે તો કદમને ભૂલ ખાવામાં વાર લાગશે નહીં. જેથી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ تعالیٰ عنہ થી મરફુઅન્ હદીષે કુદસી મરવી છે કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :

નજર ઈબ્લીસનું એક ઝહેરથી બુઝાવેલ તીર છે ! જે મારા ડરથી એને છોડી દે છે એના બદલે એવું ઈમાન અતા કરું છું જેની મીઠાશ તે પોતાના દિલમાં અનુભવે છે. (તિબ્રાની તથા હાકિમ, અલબરીકા, પેજ–૧૧૯૭)

## ★ લા'નત તથા ઈબાદત ★

એક તરફ શરીઅતે આવારા નિગાહ તરફ લા'નત તથા મલામત



કરી છે તો બીજી તરફ નજરની હિફાઝતને ઈબાદત ગણવામાં આવી છે. બયહકીની રિવાયત છે : રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું : "જોનાર પુરૂષ અને જોવામાં આવેલી સ્ત્રી પર અલ્લાહ તઆલા લા'નત ફર્માવે છે." (મિશ્કાતુલ મસાબીહ, પેજ–૨૭૦)

કેમ કે જોનારો આવારા નિગાહો કરવાનો ગુનેહગાર છે અને જોવામાં આવનારી બેપર્દાપણાના ગુનાહમાં સપડાયેલ છે.

હા ! જો અચાનક કોઈ સ્ત્રી પર નજર પડી ગઈ પણ સંભાળી લીધું અને નજર નીચી કરી લીધી તો આ એની ઈબાદતમાં ગણવામાં આવશે. ઈમામ અહમદે રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلمની આ રિવાયત નકલ કરી છે :

"જે મુસલમાનની પહેલી નજર કોઈ સ્ત્રીની સુંદરતા પર પડી ગઈ અને તેણે નિગાહો નીચી કરી લીધી તો અલ્લાહ તઆલા એને ઈબાદત બનાવી દે છે જેની મીઠાશ તે અનુભવે છે." (પેજ–૨૭૦)

ફર્માને રસૂલ છે કે જેણે કોઈ સ્ત્રી પર વિચાર કર્યો અને એનાં કપડાંઓને જોયાં ત્યાં સુધી કે એના અંગોના ભાગો તેના સમક્ષ જાહેર થઈ ગયા તો તે જન્નતની ખૂશ્બૂ નહીં મેળવશે. (ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૧૦, અવ્વલ–૮૪)

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરફૂઅન રિવાયત છે : "કિયામતના દિવસે દરેક આંખ આંસૂ વહાવશે પણ તે આંખ જેણે અલ્લાહની હરામ કરેલી ચીજોને ન જોઈ, તે આંખ જે અલ્લાહના રસ્તામાં જાગતી રહી અને તે આંખ જેનાથી ખુદાના ડરમાં માખીઓના માથાંઓ બરાબર આંસૂ ટપકયાં. (આ આંખો અઝાબથી નહીં રડશે)." (અલબરીકા શરહુત્તરીકા, ૧૧૯૮)

હઝરત મુઆવિયા બિન જુન્દા رضی اللہ عنہ થી આ ફર્માને રસૂલ નકલ થયેલ છે :

"ત્રણ વ્યકિતઓ એવી છે જેમની આંખો કિયામતના દિવસે જહન્નમને નહીં જોશે : (૧) જેણે અલ્લાહની રાહમાં રાત્રે જાગરણ કર્યું. (૨) જે ખુદાના ડરમાં આંસૂ વહેડાવ્યાં. (૩) જેણે પોતાની આંખોને હરામ ચીજોના જોવાથી રોકી રાખી." (૧૧૯૯)

## ★ વાળોના પ્રદર્શનનો અંજામ ! ★

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ تعالیٰ عنہما પોતાની કિતાબ "અલ અસરાઉલ મેઅરાજ"માં લખે છે કે જ્યારે મેઅરાજની રાતે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ વાળોથી લટકેલી સ્ત્રીઓ જોઈ જેમનાં દિમાગો હાંડલીઓની જેમ ઉકળી રહ્યાં હતાં ! તો આપે જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام થી પૂછયું : આ કોણ છે ? તો તેમણે કહ્યું : **આ બેપર્દા સ્ત્રીઓ છે જે ગૈરો સમક્ષ પોતાના વાળોનું પ્રદર્શન કરાવતી હતી.** (હિજાઝ જદીદ, ફેબ્રુ.૧૯૯૨)

## ★ નીચી નજર રસ્તાનો હક્ક છે ★

સામાન્ય અનુભવ છે કે લોકો રસ્તાઓ, ચોરાઓ, ચોતરાઓ અને ચબૂતરાઓ પર બેઠેલા રહે છે અને દરેક આવનાર જનાર પર ઊંડી નજર નાખે છે ! હરામ હલાલની કોઈ પરવા નથી હોતી, બલ્કે મોટા ભાગનાનો મકસદ જ આવારાગીરી હોય છે. પ્રથમ તો આવી જગાઓ પર ટોળુ અને મેહફિલ જમાવવી જ ન જોઈએ અને જરૂરી જ છે તો પોતાની નજરની હિફાઝત પણ કરવી જોઈએ અને રસ્તાઓનો હક્ક પણ અદા કરવો જોઈએ. જેમ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે :

"રસ્તાઓ પર બેસવાથી પરહેઝ કરો ! લોકોએ અરજ કરી, યા રસૂલલ્લાહ ! આ મજલિસોથી કેવી રીતે બચી શકીએ છે, ત્યાં અમે અંદરો અંદર વાતચીત કરીએ છીએ. આપે ફર્માવ્યું : જ્યારે બેસવું જરૂરી જ હોય તો રસ્તાનો હક્ક અદા કરો. લોકોએ અર્ઝ કરી : રસ્તાનો હક્ક શું છે ? આપે ફર્માવ્યું : નજરો નીચી રાખવી, તકલીફ આપનારી ચીજો હટાવવી અને સલામનો જવાબ દેવો." (સહીહ બુખારી, ૨/૯૨૦)

સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની રિવાયત છે કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :

"જોવું આંખોનો ઝિના છે, સાંભળવું કાનોનો ઝિના છે અને વાતચીત



જીભનો ઝિના છે." (મિશ્કાતુલ મસાબીહ, ૧/૨૦)

યૌમે નહરમાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ફઝ્લ બિન અબ્બાસ رضی اللہ تعالیٰ عنہما ને પોતાની પાછળ સવાર કરી લીધાં હતા. ફઝ્લ ખૂબસૂરત માણસ હતા. એક જગા આપ મસ્અલો બતાવવાના માટે રોકાયા તો બની ખષ્અમની એક ખૂબસૂરત સ્ત્રી કોઈ મસ્અલો પૂછવા આવી. ફઝ્લ એને ધ્યાનથી જોવા લાગ્યા. તે એની ખૂબસૂરતીમાં ગુમ હતા. આપ ધ્યાનિષ્ટ થયા તો જોયું કે ફઝ્લ એને ધ્યાનથી જોઈ રહ્યા છે. આપે હાથ મુબારક પાછળ કર્યો અને ફઝ્લથી દાઢી પકડીને ચહેરો ફેરવી દીધો. (બુખારી શરીફ, ૯૨૦/૨)

હુકમાનો કૌલ છે કે જેણે પોતાની નજરોને આવારા છોડી દીધી. એણે અત્યંત શર્મિંદગી ઉઠાવી. આ આઝાદ નિગાહી ઈન્સાનને બેનકાબ કરી દે છે, એને બેઈજ્જત કરે છે અને જહન્નમમાં લાંબી મુદ્દત સુધી રહેવું વાજિબ કરી દે છે. પોતાની નજરની હિફાઝત કરો. જો તેં એને આવારા છોડી દીધી તો બુરાઈઓમાં ઘેરાઈ જઈશ અને જો તેં એના પર કાબૂ મેળવી લીધો તો તમામ શરીરનાં અંગો તારો હુકમ માનનાર થઈ જશે.

(મુકાશિફતુલ કુલૂબ, પેજ–૧૯૮)

## ★ સ્ત્રીઓના ઉતરેલ વાળ અને કપાયેલ નખો ? ★

જે અંગોને જોવાં નાજાઈઝ છે ભલે તે શરીરથી અલગ થઈ જાય તો પણ એને જોવું નાજાઈઝ જ રહેશે. જેમ કે પગોના વાળ કે એમને અલગ કર્યા પછી પણ બીજો માણસ નથી જોઈ શકતો. સ્ત્રીના માથાના વાળ, એના પગ તથા કાંડાઓની હાડકીને એના મરણ પછી પણ પર પુરૂષના માટે જોવું જાઈઝ નથી. એવી રીતે સ્ત્રીના પગાના નખો પણ પરપુરૂષ નથી જોઈ શકતો. ★

★ મોટા ભાગે જોવામાં આવે છે કે બાથરૂમ કે જાજરૂમાં દૂંટી નીચેના વાળો મૂંડીને લોકો છોડી દે છે. એવું કરવું યોગ્ય નથી, બલ્કે એને એવી જગાએ નાખી દો કે કોઈની નજર ન પડે અથવા જમીનમાં દાટી દો. સ્ત્રીઓ માટે પણ અનિવાર્ય છે કે માથુ ઓઢવામાં કે માથુ ધોવામાં જે વાળો નીકળે તેને કયાંક છુપાવી દે કે જેથી તેના પર પર પુરૂષની નજર ન પડે. (બહારે શરીઅત, ૧૬/૩૬૮)

## ★ શું સ્ત્રી નામહરમને જોઈ શકે છે ? ★

માત્ર એવું જ નથી કે પુરૂષ સ્ત્રીઓને જાણી જોઈને ન જુએ બલ્કે જેવી રીતે પુરૂષના માટે કોઈ પરસ્ત્રીનું જોવું જાઈઝ નથી એ જ પ્રમાણે સ્ત્રીઓને પણ છૂટ નથી કે જાણી જોઈને પરપુરૂષોને જુએ. જો કે સ્ત્રીઓ પુરૂષોને શહવત વગર જોઈ શકે છે પણ આ જમાનો ફિત્નાનો છે. આ જમાનામાં કદાચ જ કોઈ શહવત વગર જુએ. (ફતાવાએ રઝવિય્યહ, ૭/૧૦)

શહવત (વાસના)નો મતલબ એ છે કે જો જુએ તો યકીન છે કે શહવત પેદા થશે. જો શક પણ હોય કે વાસના ઉભરાશે તો પણ જાઈઝ નથી. ચુંબન કરવાની ખ્વાહિશ પેદા થવી પણ હોય તો પણ જાઈઝ નથી. ચૂમવાની ખ્વાહિશ પેદા થવી પણ શહવતની હદમાં દાખલ છે. (બહારે શરીઅત, ૧૬/૬૩)

જેથી જે પ્રમાણે પુરૂષોને નજરો નીચી રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે એ જ પ્રમાણે સ્ત્રીઓને પણ નીચી નજરની હિદાયત કરવામાં આવી છે. ઈર્શાદે ખુદાવંદી છે :

وَقُلْ لِلْمُؤْمِنَاتِ يَغْضُضْنَ مِنْ اَبْصَارِهِنَّ

*અને મોમીના સ્ત્રીઓથી ફર્માવી દો કે પોતાની નજરો નીચી રાખે.*

(સૂ. નૂર, પા.૧૮, રુ. ૧૦)

સામાન્યતઃ જોવામાં આવે છે કે પર્દાનશીન સ્ત્રીઓ પણ ઘરની બારીએથી પરપુરૂષોને જોવાની કોશિશ કરે છે જેના પરિણામે ખૂદ પણ દેખાય જાય છે. ઈસ્લામ એની રજા નથી આપતો, બલ્કે આંધળાઓથી પણ પર્દાનો હુકમ આપે છે કે પોતે પણ એને ન જુએ. જેમ કે ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا થી રિવાયત છે કે, કહે છે કે હું અને મૈમૂના હુઝૂરની ખિદમતમાં હાજર હતાં એવામાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મકતૂમ દાખલ થયા (તેઓ અંધ હતા). રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : બંને પર્દો કરી લો ! અમે કહ્યું : યા રસૂલલ્લાહ ! એ તો અંધ છે. એમનાથી કેવો પર્દો ! એ તો અમને જોઈ નથી શકતા ! આપે ફર્માવ્યું :



اَفَعَمْيَاوَانِ اَنْتُمَا اَلَسْتُمَا تُبْصِرَانِهِ

*શું તમે બંને પણ અંધ છો ? શું તમે નથી જોઈ રહી ?* (સુનને અબૂ દાઊદ, ૨૧૪/૬)

સારાંશ કે ઈસ્લામ દરેક ફિત્નાના ખતરાને દૂર કરવાનું ઈચ્છે છે કે ન સ્ત્રીઓ પુરૂષો પર નજર દોડાવે, ન પુરૂષોની નજરો સ્ત્રીઓની પાછળ પડે જેથી એક સાફ સુથરા સમાજની સ્થાપ્ના થઈ શકે.

## ★ રજા લેવી અને પર્દો ★

**રજા લેવાની હિકમતો :–** ઈસ્લામે પર્દાની વ્યવસ્થામાં જ્યાં બીજી ચીજોની વ્યવસ્થા કરી છે ત્યાં એ વાતને પણ વાજિબ ગણવામાં આવી છે કે કોઈના ઘરમાં દાખલ થતા પહેલાં રજા મેળવી લેવામાં આવે. આ કાયદાની શરઈ હેસિયત એક તરફ રાખીએ અને સામાજિક ભલાઈની રીતે જોઈએ તો પણ એમાં ઘણી બધી હિકમતો સમાયેલી જોવા મળે છે જે સમાજની પવિત્રતાના માટે બેહદ જરૂરી છે અને એની કાળજી ન લેવાથી પર્દાની ઘણી બધી દીવાલોને નષ્ટ કરે છે.

**(૧)** રજા લેવામાં આ વાતનો અંદાજો થઈ જાય છે કે મારું આવવું ઘરવાળાના માટે અણગમાનું કારણ તો નથી.

**(૨)** ઘરના લોકો ન જાણે કઈ હાલતમાં હોય કેમ કે ઘરમાં તે સાવધાની નથી રાખવામાં આવતી જે ઘરની બહાર વર્તવામાં આવે છે. રજા લેવાથી તેમને તમારા આગમનની જાણ થઈ જશે અને તેઓ સાવધાન થઈ જશે.

**(૩)** સ્ત્રીઓ પોતાના મહરમની વચમાં પર્દાની વ્યવસ્થા નથી કરતી અને એના લીધે તેણી કોઈ પણ હાલતમાં હોય શકે છે. રજા મેળવવામાં એમને પોતાના પર્દાનો ખયાલ આવી જશે અને પર્દો કરવાનો મોકો પણ મળી જશે. આ રીતે કોઈ પરપુરૂષની સામે બેપર્દા થવાથી બચી જશે.

**(૪)** શકય છે કે પતિ, પત્ની દરેક પોતાના ઓરડામાં કોઈ શરમનાક

હાલતમાં હોય કે આપનું ઓચિંતુ પહોંચી જવું એમના માટે અને ખૂદ આપના માટે ખસીયાણુ અને શર્મિંદગીનું કારણ બને, જેથી રજા મેળવવાથી તેઓ પોતાની હાલતો પર કાબૂ મેળવીને નગ્નતા અને બેપર્દાપણાથી બચી શકે છે.

## ★ રજા મેળવવી વાજિબ છે ★

આ તે ખૂબીઓ છે જે ઉડતી નજર નાખવાથી સમજમાં આવે છે. આ જ કારણે એક અન્સારી સ્ત્રીએ આપની ખિદમતમાં અર્ઝ કરી : યા રસૂલલ્લાહ ! હું મારા ઘરમાં એવી હાલતમાં હોઉં છું કે એ પસંદ નથી કરતી કે એ હાલમાં મને કોઈ જોઈ લે તે મારો બાપ કે બેટો પણ કેમ ન હોય. તેમ છતાં આ હાલતમાં બાપ પણ દાખલ થઈ જાય છે અને કોઈ ન કોઈ આવતું રહે છે. એ સમયે આ આયતે કરીમા નાઝિલ થઈ :

يَعْلَمُ خَآئِنَةَ الْاَعْيُنِ وَمَا تُخْفِي الصُّدُوْرُ.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَدْخُلُوْا بُيُوْتًا غَيْرَ بُيُوْتِكُمْ حَتّٰى تَسْتَاْنِسُوْا وَتُسَلِّمُوْا عَلٰٓى اَهْلِهَا. ذَالِكُمْ خَيْرٌ لَّكُمْ تَجِدُوْا فِيْهَا اَحَدًا فَلَا تَدْخُلُوْهَا حَتّٰى يُؤْذَنَ لَكُمْ وَاِنْ قِيْلَ لَكُمُ ارْجِعُوْا فَارْجِعُوْا هُوَ اَزْكٰى لَكُمْ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ عَلِيْمٌ.

*અય ઈમાનવાળાઓ ! પોતાના ઘરોના સિવાય બીજાઓના ઘરોમાં ન દાખલ થાઓ જ્યાં સુધી રજા ન મેળવી લો અને ઘરવાળાઓને સલામ ન કરી લો. આ તમારા માટે બેહતર છે જેથી તમે નસીહત પકડો. અને જો એ ઘરોમાં કોઈને જુઓ તો અંદર ન જાઓ જ્યાં સુધી રજા ન મળે. જો તમને કહેવામાં આવે કે પાછા વળી જાઓ તો પાછા વળી જાઓ. એ તમારા માટે વધારે પાકીઝા છે અને અલ્લાહ તઆલા જાણે છે કે જે કાંઈ તમે કરો છો.* (પારા–૧૮, રૂ. ૧૦)



## ★ બીજાના ઘરનો મતલબ ★

દરેક વ્યકિતના માટે તે ઘર કે વરંડો એનું પોતાનું ઘર છે જેમાં તે રહેતો હોય અને જે ઓરડામાં કે જે ઘરમાં તે નથી રહેતો બલ્કે બીજા લોકો રહે છે એના માટે તે બીજાના ઘરના હુકમમાં છે. ભલે તે તેની મિલ્કત કેમ ન હોય, જેથી ભાડુઆતથી પણ રજા લેવી જરૂરી છે. જે ઘરમાં કોઈ નથી રહેતું એમાં રજાની જરૂરત નથી.

## ★ પુખ્ત બાળકો પુરૂષોના હુકમમાં છે ★

પુખ્ત થયા પછી જેવી રીતે તમામ હુકમો લાગુ પડે છે એવી જ રીતે રજા લેવી પણ દરેક સમયોમાં જરૂરી થઈ જાય છે જેવી રીતે પુરૂષોના માટે વાજિબ છે. ઈર્શાદ છે :

وَاِذَا بَلَغَ الْاَطْفَالُ مِنْكُمُ الْحُلُمَ فَلْيَسْتَاْذِنُوْا كَمَا اسْتَاْذَنَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ.

*અને જ્યારે તમારાં બાળકો પુખ્ત થઈ જાય તો એમણે પણ રજા લેવી એવી જ જરૂરી છે જેવું એનાથી પહેલાં પુરૂષો પર જરૂરી છે.*

(પા. ૧૮, રૂ.–૧૪)

## ★ હોશિયાર બાળકો પણ રજા લે ★

તે બાળકો જે હોશિયાર હોય અને એમને શર્મગાહ તથા ગૈર શર્મગાહની જાણકારી હોય એમનું આ સમયોમાં રજા વગર દાખલ થવું જાઈઝ નથી, (૧) ફજરની નમાઝથી પહેલાં. (૨) બપોરના સમયે, કે આ કૈલૂલાનો સમય છે અને માણસ આ સમયે આમ પોશાકમાં નથી હોતો બલ્કે અર્ધનગ્ન જેવા સૂવાના પોશાકમાં હોય છે. (૩) અને ઈશા પછી કે આ પણ આમ પોશાક ઉતારીને સૂવાનો સમય છે. જેવી ઈર્શાદે રબ્બાની છે :

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لِيَسْتَاْذِنْكُمُ الَّذِيْنَ مَا مَلَكَتْ اَيْمَانُكُمْ
وَالَّذِيْنَ لَمْ يَبْلُغُوا الْحُلُمَ مِنْكُمْ ثَلٰثَ مَرّٰتٍ مِنْ قَبْلِ
صَلٰوةِ الْفَجْرِ وَحِيْنَ تَضَعُوْنَ ثِيَابَكُمْ مِنَ الظَّهِيْرَةِ وَمِنْ
بَعْدِ صَلٰوةِ الْعِشَآءِ ثَلٰثُ عَوْرٰتٍ لَكُمْ لَيْسَ عَلَيْكُمْ وَلَا
عَلَيْهِمْ جُنَاحٌ بَعْدَهُنَّ طَوّٰفُوْنَ عَلَيْكُمْ بَعْضُكُمْ عَلٰى
بَعْضٍ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ.

*અય ઈમાનવાળાઓ ! તમારા ગુલામ તમારી બાંદીઓ અને જે પુખ્તા સુધી નથી પહોંચ્યા અને સ્ત્રીઓના કામો જાણે છે તેમણે જોઈએ કે ત્રણ સમયોમાં તમારાથી રજા લે : (૧) ફજરની નમાઝથી પહેલાં. (૨) બપોરના સમયે જ્યારે તમે પોતાના કપડાં ઉતારી દો છો અને (૩) ઈશાની નમાઝના પછી. આ ત્રણ સમયમાં જેમાં સતર ખુલ્લાં રહે છે. આ સમયોના પછી તમારા માટે અને એમના માટે વાંધો નથી કે એકબીજાની પાસે વારંવાર આવવાવાળા છે. અલ્લાહ તઆલા તમારા માટે આવી જ નિશાનીઓ જાહેર ફર્માવે છે અને અલ્લાહ જાણનાર, હિકમતવાળો છે.* (પા. ૧૮, રૂ. ૧૪)

## ★ માં થી પણ રજા લેવી જરૂરી છે ★

અતાઅ બિન યસારથી રિવાયત છે કે એક વ્યકિતએ રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી પૂછયું : શું માં ની પાસે જવામાં પણ રજા લઉં ? આપે ફર્માવ્યું : તો પણ રજા લઈને દાખલ થાઓ. પછી તેણે અર્ઝ કરી : હું તો એમનો ખાદિમ છું એટલે વધારે આવવા જવાનું થાય છે. આપે ફર્માવ્યું :

اِسْتَاْذِنْ عَلَيْهَا اَتُحِبُّ اَنْ تَرٰهَا عُرْيَانَةً قَالَ لَا قَالَ
فَاسْتَاْذِنْ عَلَيْهَا.

રજા લઈને જયા કરો, શું તમે ઈચ્છો છો કે એને નગ્ન જુઓ ?!



એણે કહ્યું, નહીં! આપે ફર્માવ્યું : તો રજા લઈને જયા કરો. (મિશ્કાત, ૪૦૦)

## ★ રજા લેવાની રીત ★

રજા દરેક એ શબ્દથી લેવામાં આવી શકે છે જેનાથી ઘરવાળાઓને તમારા આગમનની જાણ થઈ જાય. રજા લેવાની રીત આ પણ છે કે માત્ર અવાજથી **સુબ્હાનલ્લાહ, અલ્હમ્દુલિલ્લાહ** કે **અલ્લાહુ અકબર** કહે કે ખોંખારો ખાય અથવા કહે કે મને અંદર આવવાની રજા છે ? (તફસીરે ખઝાઈને ઈર્ફાન, પા. ૧૮, રૂ. ૪) પણ બેહતર રીત એ છે : **"અસ્સલામુ અલૈકુમ !** શું હું અંદર આવી શકું છું ?" (સાવી અલલ જલાલૈન, ૩/૧૨૮)

જેમ કે હદીષ શરીફમાં છે. તિર્મિઝી, અબૂ દાઊદમાં કલ્દા ઈબ્ને હંબલથી રિવાયત છે કે સફવાન ઈબ્ને ઉમૈયાએ મને નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં મોકલ્યો હતો. મેં ન સલામ કરી, ન ઈજાજત લીધી અને અંદર ચાલ્યો ગયો ! તો આપે ફર્માવ્યું : "પાછા જાવ, અને કહો "અસ્સલામુ અલૈકુમ ! શું હું અંદર આવી શકું છું ?!" (મિશ્કાત, ૧૭૦)

જ્યારે કોઈ રજા માંગે છે તો ઘરવાળો પૂછે છે કે કોણ છો ? એમનો મકસદ એ જાણવાનો હોય છે કે આવનાર ઓળખીતો છે કે અજાણ્યો ? એ સમયે આ જવાબ આપવો **"હું છું !"** યોગ્ય નથી, બલ્કે એ સમયે પોતાનું નામ કે ઓળખ રજુ કરે જેથી પૂરી જાણકારી પ્રાપ્ત થઈ જાય.

જેથી હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે એકવાર હું મારા પિતાના કરજની બાબતમાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં પહોંચ્યો. દરવાજા પર ખખડાવ્યું. આપે પૂછયું : "કૌન ? મેં કહ્યું : "હું !" આપે નાપસંદીથી ફર્માવ્યું : "હું તો હું પણ છું !" (સુનને અબૂ દાઊદ, ૨/૩૫૮)

જો દરવાજો બેપર્દા હોય તો જાહેર છે કે રજા લેતી વખતે ઘરની અંદર જશે અને રજા મેળવવાનો મકસદ જ નષ્ટ થઈ જશે. એટલા માટે આવા સમયોમાં જોઈએ કે સીધા દરવાજાની સામે ન ઉભા થાઓ, બલ્કે જમણે કે ડાબે ઉભા થઈને રજા મેળવે, જેવું કે રસૂલે કાએનાતનો આ અમલ સુનને અબૂ દાઊદમાં દર્શાવેલો છે :

"રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે કોઈના દરવાજા પર પહોંચતા તો દરવાજાના સામે ઉભા ન રહેતા બલ્કે જમણે કે ડાબે ઉભા રહેતા, પછી ફર્માવતા : **"અસ્સલામુ અલૈકુમ !"** કેમ કે તે જમાનામાં દરવાજા પર પર્દા હોતા ન હતા." (મિશ્કાતુલ મસાબીહ, ૪૦૧)

## ★ રજા ન મળવા પર પાછા ફરી જાઓ ★

કોઈનાથી રજા માંગવામાં આવે અને કોઈ જવાબ ન મળે કે પાછા વળવાનું કહેવામાં આવે તો દિલમાં કોઈ પ્રકારનું દુઃખ વ્યકત ન કરે બલ્કે ખુશી ખુશી પાછા ચાલ્યા જાય, કેમ કે શકય છે કે તેઓ કોઈ જરૂરી કામમાં લાગેલ હોય અને તમને મળવાના માટે સમય આપી ન શકતા હોય અથવા બીજુ કોઈ કારણ હોય. એવું નહીં કે ઘરેથી કોઈ અવાજ ન મળ્યો તો અંદર દાખલ થતા ચાલ્યા ગયા. હા ! જો એવું ઘર હોય જેમાં કોઈ નથી રહેતું કે વેરાન પડેલ છે તો એમાં દાખલ થવામાં કોઈ વાંધો નથી. ઈર્શાદે ખુદાવંદી છે :

فَاِنْ لَّمْ تَجِدُوْافِيْهَا اَحَدًا فَلاَ تَدْخُلُوْهَا حَتّٰى يُؤْذَنَ لَكُمْ
وَاِنْ قِيْلَ لَكُمُ ارْجِعُوْا فَارْجِعُوا هُوَ اَزْكٰى لَكُمْ وَاللّٰهُ بِمَا
تَعْمَلُوْنَ عَلِيْمٌ۔

અને જો તે ઘરોમાં કોઈને ન જુઓ તો અંદર ન જાઓ જ્યાં સુધી રજા ન મળે. જો તમને કહેવામાં આવે કે પાછા જાવ ! તો પાછા જાવ, આ તમારા માટે વધારે પાકીઝા છે અને અલ્લાહ જાણે છે જે કાંઈ તમે કરો છો. (પા. ૧૮, રૂ. ૧૦)

બુખારી, મુસ્લિમમાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. તેઓ કહે છે કે મારી પાસે અબૂ મૂસા અશઅરી આવ્યા અને કહ્યું કે મને હઝરત ઉમરે બોલાવ્યા હતા. હું એમના દરવાજા પર ગયો અને ત્રણવાર સલામ કરી પણ કોઈ જવાબ ન મળ્યો તો હું પાછો આવ્યો. ઉમર કહે છે કે તું કેમ ન આવ્યો ? મેં જવાબ આપ્યો કે આપના દરવાજા પર મેં ત્રણવાર સલામ કરી. આપે કાંઈ જવાબ ન આપ્યો તો હું પાછો ચાલ્યો ગયો, કેમ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું છે :



"જ્યારે તમે કોઈની ત્રણવાર રજા માંગી લીધી તો પણ રજા ન મળી તો પાછા જાવ." (મિશ્કાતુલ મસાબીહ, ૪૦૦)

સુનને અબૂ દાઊદમાં છે :–

દરેક વ્યકિતએ જોઈએ કે ત્રણવાર રજા મેળવે, જો મળી જાય તો અંદર જાઓ નહીં તો પાછા જાઓ. (૨/૩૫૭)

## ★ રજા વગર ઝાંકવું પણ જાઈઝ નથી ★

પર્દાની જાળવણીના માટે શરીઅતે જેવી રીતે રજા વગર ઘરોમાં દાખલ થવાનું મના કર્યું એ જ પ્રમાણે ત્યાં તાકવા ઝાંકવાથી પણ સખ્તીથી રોકયા છે. કેમ કે રજા લેવાનો મતલબ બેપર્દાપણું અને બેહયાઈનો ખાત્મો જ તો છે અને ભટકતી નજરને કેદ કરવાના માટે જ રજા મેળવવાનો હુકમ આપવામાં આવ્યો છે. જો નજરો અંદરના ભાગોને નિહાળી લે તો રજા લેવાનો શું અર્થ ?

તાકવું, ઝાંકવું માત્ર દરવાજાથી હોય કે બારીઓથી કે બીજા કોઈ કાણા વગેરેથી બેહયાઈ, બેપર્દાપણું અને બદકારીના એવા ગુનાહોને જન્મ આપી શકે છે જેનો ખાત્મો મુશ્કેલ થઈ જશે. રજા વગર દાખલ થવાથી જેવી રીતે સ્ત્રીઓ અને ઘરના સભ્યો પર નજરો પડી શકે છે એવી જ રીતની બુરાઈઓ રજા વગર નજર દોડાવવાથી પેદા થઈ શકે છે, એટલા માટે એની પણ સખ્તીથી બુરાઈ કરવામાં આવી છે. જેવું કે હદીષોથી સાબિત છે :

**(૧)** હઝરત સહલ બિન સઅદ સાઅદી رضی اللہ عنہ કહે છે કે એક વ્યકિતએ કાણાથી રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઓરડામાં જોયું. એ સમયે આપના હાથ મુબારકમાં લોઢાનો કાંસકો હતો જેનાથી સરે અકદસ ખંજવાળી રહ્યા હતા. આપે ફર્માવ્યું :

لَوْعَلِمْتُ اَنَّكَ تَنْظُرُ لَطَعَنْتُ بِهَا فِى عَيْنَتِكَ اِنَّمَا جُعِلَ
الْاِسْتِيْذَانُ مِنْ اَجَلِ الْبَصَرِ۔

જો હું જાણતો કે તું જોઈ રહ્યો છે તો એનાથી તારી આંખ ફોડી નાખતો. આંખના જ કારણથી રજા મેળવવી જરૂરી કરવામાં આવી છે. (જામેઅ તિર્મિઝી, ૯૫/૨)

**(૨)** સુનને અબૂ દાઊદમાં હઝરત અબૂ હુરૈરહ્‌ની રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : જ્યારે નજર પહોંચી જ ગઈ તો હવે રજાથી શું ફાયદો ? (૨/૩૫૨)

**(૩)** તિર્મિઝીમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે,

اِنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ فِی بَيْتِهٖ فَاطَّلَعَ عَلَيْهِ رَجُلٌ فَاَهْوٰی اِلَيْهِ بِمِشْقَصٍ فَتَاَخَّرَ الرَّجُلُ.

નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના ઘરમાં તશરીફ ફર્માવેલા હતા કે એક વ્યકિતએ આપને ઝાંકયા. આપે તીરની અણી એની તરફ તાકી તો તે પાછળ હટી ગયો. (જામેઅ તિર્મિઝી, ૯૫/૨)

**(૪)** સુનને અબૂ દાઊદમાં છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ત્રણ ચીજોના વિશે ફર્માવ્યું કે હલાલ નથી. એમાં આ પણ છે :

*રજા વગર કોઈના ઘરમાં ન જુઓ, જો આમ કર્યું તો એણે ઘરવાળાની સાથે ખયાનત કરી.* (મિશ્કાતુલ મસાબીહ, ૯૬/૧)

## ★ ઝાંકવાવાળાની આંખો ફોડી દો ★

કેસાસ ઈસ્લામનો એક સંપૂર્ણ અને મજબૂત દસ્તૂર છે જેનો મતલબ જુલ્મ સિતમનો ખાતમો છે. જેના માટે આંખના બદલે આંખ, કાનના બદલે કાન અને જાનના બદલે જાન, કેસાસમાં વાજિબ ગણવામાં આવી છે. પણ પર્દો અને સમાજને પાક કરવાની જરૂરતનો અંદાજો તો લગાડો કે બેહયાઈ તથા બેપર્દાપણાના ખતમ કરવાની રીતના માટે આ હુકમ દેવામાં આવ્યો કે રજા વગર ઝાંકનારની આંખ ફોડી નાખવામાં આવે તો કેસાસ (બદલો) નથી. જેમ કે રસૂલે અકરમનો ઈર્શાદ છે કે :



مَنِ اطَّلَعَ فِی بَيْتِ قَوْمٍ بِغَيْرِ اِذْنِهِمْ فَقَدْ حَلَّ لَهُمْ اَنْ يُّفْقِئُوا عَيْنَهٗ.

**(૧)** કોઈએ કોઈના ઘરમાં રજા વગર ઝાંકી લીધું તો એમના માટે એની આંખ ફોડી જાઈઝ છે. (સહીહ મુસ્લિમ, ૨૧૨/૨)

**(૨)** બીજી હદીષમાં જેને ઈમામ અહમદે પોતાની ગાદીમાં હઝરત અબૂ ઝર્રાથી રિવાયત કરી છે, ફર્માવે છે :

જે વ્યકિત રજા પહેલાં પર્દો ઉઠાવી જુએ તે એવી મનાઈ કરેલ વાતનો કરનાર થયો જે એને જાઈઝ ન હતી. અને જો કોઈ એની આંખ ફોડી નાખે તો કેસાસ નથી. (ફતાવાએ રઝવિય્યહ, નિસ્ફ અવ્વલ, ૭૪/૧૦)

**(૩)** સુનને અબૂ દાઊદમાં છે કે આપે ફર્માવ્યું :

"કોઈએ રજા વગર કોઈના ઘરમાં જોઈ લીધું અને એ લોકોએ એની આંખ ફોડી નાખી તો એનો કેસાસ વબાલ છે." (સુનને અબૂ દાઊદ, ૨/૩૫૬)

જાણવા મળ્યું કે ઈસ્લામમાં પર્દાની અગત્યતા તથા જરૂરત કેસાસથી કેટલાય પ્રમાણમાં ઊંચી છે. કેસાસનો મકસદ જુલ્મનો ખાતમો કરીને એક સારો સમાજ પેદા કરવો છે. જ્યારે કે પર્દો બેહયાઈ અને બદકારીનાં બુરા કૃત્યોનાં મૂળો ઉખાડી કાઢે છે અને ઈજ્જતનુ રક્ષણ કરે છે. જાહેર છે કે જાન આપીને પણ જો ઈજ્જત તથા આબરૂનું રક્ષણ થઈ જાય તો ઈન્સાન એનાથી પણ ખચકાટ ન કરે.

## ★ ગૈરો સાથે એકાંત ★

જ્યારે બે વિરોધી જાતિઓ એક સ્થળે ભેગી થાય, દરેકના માટે બીજામાં ખેંચાણ તથા આકર્ષણનું તત્વ મૌજૂદ હોય અને કોઈ ત્રીજું હાજર નથી અથવા કોઈના આવવાનો ડર પણ નથી એવી જગાઓ પર ભલે બે જ નજર આવે છે તેમ છતાં એક ત્રીજો પણ એમની વચમાં હાજર રહે છે જે બંનેની નસેનસમાં ફરે છે અને ભાવના તથા ખયાલોને ઉભરાવતો રહે છે

અને છેવટે એમને શરમથી દૂર કરીને એક બીજાથી સંકોચ મુકત કરી દે છે અને તે ત્રીજો શૈતાન છે. એટલા માટે પરપુરૂષ પર સ્ત્રી વચ્ચે એકાંતની મનાઈ ફર્માવવામાં આવી અને દિલ તથા નજરની પાકીના માટે એના પર હુકમ આપવામાં આવ્યો કે જો કોઈ જરૂરી સામાન પણ પર સ્ત્રીઓથી પ્રાપ્ત કરવો હોય તો પર્દાના બહારથી માંગો.

وَاِذَاسَئَاَلْتُمُوْهُنَّ مَتَاعًا فَاسْئَلُوْهُنَّ مِنْ وَّرَآءِ الْحِجَابِ
ذَالِكَ اَطْهَرُ وَ اَزْكٰى لِقُلُوْبِكُمْ وَقُلُوْبِهِنَّ.

*અને જ્યારે તમે એમનાથી વાપરવાનો કોઈ સામાન માંગો તો પર્દાની પાછળથી માંગો, આ સાવધાની તમારા અને એમના દિલોની પાકીનું કારણ છે.* (પા. ૨૩, રૂ. ૪)

રસૂલે કાએનાત صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ ઈર્શાદાતે આલિયામાં પણ નફસની પાકી અને સમાજ સુધારણાની ખૂબી કામ કરી રહી છે.

**(૧)** સ્ત્રીઓની પાસે જવાથી બચો. એક વ્યકિતએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! જેઠ, દીયરના વિશે શું હુકમ છે. આપે ફર્માવ્યું : જેઠ, દીયર તો મોત છે.

**(૨)** ખબરદાર ! કોઈ પતિ વગરની સ્ત્રીની પાસે પતિ કે મહરમના સિવાય કોઈ રાત ન પસાર કરે. (ઉપર મુજબ)

**(૩)** કોઈ પુરૂષ કોઈ સ્ત્રીના સાથે એકલો હોય છે તો જરૂર ત્યાં ત્રીજો શૈતાન હોય છે. (મિશ્કાત, ૨૬૮)

જે સ્ત્રીઓના પતિ ઘર પર ન હોય એમની પાસે ન જાઓ કે શૈતાન લોહીની જેમ તમારી રગોમાં ફરતો રહે છે. કોઈ માણસ મહરમના વગર કોઈ પરસ્ત્રીની સાથે કોઈ એકાંતમાં ન મળે. (રિયાઝુસ્સાલિહીન–૬૨૪)

આ તે ઈર્શાદાતે આલિયા છે જેમાં ઈન્સાનોના નફસ બાબતે ચર્ચા કરવામાં આવી છે કે પુરૂષ તથા સ્ત્રી એક બીજાના માટે પોતાની અંદર આકર્ષણ ધરાવે છે અને એના પર વધારામાં એ કે શૈતાન એમની રગોમાં



લોહીની જેમ ભ્રમણ કરતો રહે છે. એકાંતનો મોકો મળ્યો અને નફસે બદમાશી કરી શૈતાને જુસ્સાને ઉભાર્યો, એકબીજાથી નિકટતા વધી અને વધતી ચાલી ગઈ, પછી તે બધુ જ થઈ શકે છે જે ન હોવું જોઈએ ! એટલા માટે આ એકાંતની સખ્તીથી મનાઈ ફર્માવી દીધી છે. ખાસ કરીને પતિના નજીકના જેમ કે દીયર જેઠને રસૂલે કાએનાતે 'મૌત' ફર્માવ્યા. કારણ એ છે કે બીજા ગૈરોની સરખામણીમાં એમને એકાંતના મોકાઓ વધારે પ્રાપ્ત થઈ શકે છે. પછી એમનાથી તે શરમ અને પર્દો પણ નથી રહેતો બલ્કે એમનાથી વધારે સાવધાની અને પર્દાની જરૂરત છે.

પણ આજના સમાજનું નિરીક્ષણ કરવામાં આવે તો દીયર ભાભીના સંબંધો એટલા ગાઢ મળશે કે અલ અમાનો વલ હફીઝ ! હંસી મજાક, ખેલકૂદ પણ બુરું નથી સમજવામાં આવતું બલ્કે એકબીજાનો હક્ક સમજવામાં આવે છે. આ જ કારણે એમની આ ખુલ્લી આઝાદીથી ન જાણે શું શું ફાગ ખેલાય છે, કેટલી ઈજ્જતો લૂંટાઈ છે. જ્યાં સુધી હંસી મજાકનો સંબંધ છે સ્ત્રીઓને માત્ર પોતાના પતિ અને પોતાની સહેલીઓથી જાઈઝ છે. એમના સિવાય કોઈ ગૈર મહરમની સાથે ખુલ્લી આઝાદી આપી દેવી પોતાની ઈજ્જત પોતે બરબાદ કરવી છે. એની રોકઠામના માટે પોતાના ઘરમાં દોસ્તો અને પરપુરૂષોની આવન જાવન પર કડક નજર રાખવી પડશે. પોતાના સગાંઓની મહોબ્બત પોતાની જાત સુધી હદ રાખવાની રહેશે ન કે પોતાના ઘરની સ્ત્રીઓથી એમની દોસ્તી કરાવી દેવામાં આવે, નહીં તો...

**અબ પછતાએ કયા હોવત**
**જબ ચિળિયા ચુગ ગઈ ખેત**

**આઈનેકો ફિઝામેં ઉછાલા ન કીજીએ**
**કયા કીજીએગા ગિરકે અગર ચૂર હો ગયા ?!**

## ★ સ્ત્રીઓનું ઘરોથી નીકળવું ★

**મસ્જિદોથી મનાઈ :–** જમાનાએ અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم માં પર્દાની

આયત નાઝિલ થયા પછી પણ સ્ત્રીઓને મસ્જિદ અને ઈદગાહ આવવા જવાની રજા હતી, પછીથી મસ્જિદોએ જવાની મનાઈ ફર્માવવામાં આવી. અમુક સહાબાએ જ્યારે પોતાની પત્નીઓને રોકી અને તેણીઓએ આપનાથી શિકાયત કરી તો આપે ફર્માવ્યું :

لاَ تَمْنَعُوا اِمَآءَ اللّٰهِ مِنْ مَّسَاجِدِ اللّٰهِ

*''અલ્લાહની બંદીઓને અલ્લાહના ઘરોથી ન રોકો !''*

અને ઈદોમાં હૈઝવાળીઓને પણ લાવવાનો હુકમ આપવામાં આવ્યો ભલે તેણીઓ કિનારે બેસે. પર્દાનશીન શહઝાદીઓને પણ અને સ્ત્રીઓને પણ હાજર થવાની તાકીદ કરી, જેની પાસે પર્દાના માટે ચાદર ન હોય અને બીજી સ્ત્રીઓને હુકમ આપ્યો કે તેઓ પોતાની ચાદરનો એક ભાગ એને પણ ઓઢાડી લે જેથી એ સૌ દુઆમાં શરીક થઈ જાય, જેમ કે સહીહૈનમાં ઉમ્મે અતિય્યહ્ رضی اللہ عنہا થી મરવી છે :

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમને હુકમ કર્યો કે ઈદોમાં નેક સ્ત્રીઓ, હૈઝવાળીઓ અને પર્દાનશીનોને કાઢી લાવો. હા ! હૈઝવાળીઓ મુસલ્લાથી અલગ રહે જેથી તે પણ ભલાઈ અને દુઆમાં મુસલમાન સ્ત્રીઓ સાથે હાજર હોય. મેં અર્ઝ કરી, અય અલ્લાહના રસૂલ ! કોઈકની પાસે ચાદર નથી હોતી ? આપે ફર્માવ્યું : એની સાથે વાળી પોતાની ચાદર ઓઢાડી લે. (સહીહ મુસ્લિમ, ૧/૨૯૧)

મતલબ કે જમાનાએ રિસાલતે મઆબ નુફૂસે કુદ્સિયા (પાક નફસો)નો જમાનો હતો. લોકોના દિલોમાં શરીઅતની ઊંડી છાપ હતી. ખુદાના ખૌફથી એમનાં દિલો ભયભીત રહેતાં. પાકી અને નફસની તકેદારી એમની નસેનસમાં વસેલી હતી. નફસની બુરાઈના કારણથી જો કોઈ ગુનોહ ઉપસ્થિત થઈ પણ જતો તો બારગાહે અકદસમાં આવીને એનો કોઈ પણ ડર વગર કબૂલાત કરતા અને હદ (શિક્ષા) લાગુ કરવાની ગુઝારિશ કરતા. ઈસ્લામની સ્ત્રીઓની શરીઅતની પાબંદીનો એ હાલ હતો કે શરીઅતના હુકમના વિરૃધ્ધ ચાહે તે પતિનો હુકમ કેમ ન હોય તેણીઓ કદી ન સ્વીકારતી. પવિત્રતા, દિલ નજરની પાકી, શરમ, હયા અને ઈજ્જત એમના માટે સૌથી મોટી મૂડી હતી. મસ્જિદથી રોકવાના માટે હઝરત ઝુબૈર બિન અલઅવામ رضی اللہ عنہ એ



અંધારામાં પોતાની પત્નીના માથા પર હાથ માર્યો, પછી છુપાઈ ગયા. એમની પત્ની આતિકાએ કહ્યું : **''ઈન્નાલિલ્લાહ**, લોકોમાં ફસાદ આપી ગયો, આમ કહી ઘરે પાછાં આવી ગયાં અને પછી એમનો જનાઝો જ નીકળ્યો (એટલે મરતા સુધી બહાર ન નીકળ્યાં.)

રિસાલતના જમાનાની જેમ જ સિદ્દીકી જમાનામાં પણ સ્ત્રીઓને મંજૂરી હતી કે તેઓ મસ્જિદોમાં જમાઅતની સાથે નમાઝ અદા કરતી, સ્ત્રીઓની સફો બધાથી છેલ્લે રહેતી. ઈકામત થતી ત્યારે સ્ત્રીઓ મસ્જિદે પહોંચી જતી, સૌ છેલ્લી સફમાં નમાઝ અદા કરતી અને સલામ ફેરવતાં જ ઘરે પાછી આવી જતી. ન પુરૃષોથી સંબોધનનો સમય મળતો, ન એનો અવકાશ રહેતો. રસ્તામાં ચાલવામાં સ્ત્રીઓને કિનારા પર ચાલવાનો હુકમ હતો અને પુરૃષોને તાકીદ હતી કે સ્ત્રીઓની વચમાં ન ચાલે. મતલબ કે આ બરકતવંત સમયમાં જ્યારે સ્ત્રીઓ જમાઅતની સાથે મસ્જિદોમાં નમાઝો અદા કરતી ત્યારે એ વાતનો પૂરો ખયાલ રાખવામાં આવતો કે ભેળસેળ ન થાય.

પણ જ્યારે ફારૃકી યુગ આવ્યો તો લોકોમાં નફસાનિયત અને ફિત્ના ફસાદ આવી ગયા. એમનામાં તે પવિત્રતા બાકી ન રહી જે રિસાલતના જમાનામાં અને સિદ્દીકી જમાનામાં હતી. નજર તથા દિલની ચોરી પકડાઈ જવા લાગી તો હઝરત ઉમર رضی اللہ عنہ એ સ્ત્રીઓને મસ્જિદોમાં આવવાથી અટકાવી દીધી. સ્ત્રીઓએ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી એની શિકાયત કરી કે હુઝૂરના જમાનામાં અમને મસ્જિદોથી નથી રોકવામાં આવી તો ઉમરને રોકવાનો શું હક્ક પહોંચે છે ? હઝરત સિદ્દીકાએ જવાબ આપ્યો કે :

''રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم જો આ વાતોને પામતા જે હાલ સ્ત્રીઓમાં પૈદા થઈ ગઈ છે તો તેણીઓને પણ મસ્જિદોમાં જવાથી રોકતે જેવી રીતે બની ઈસ્રાઈલની સ્ત્રીઓ રોકવામાં આવી હતી.'' (સહીહ બુખારી)

ત્યાર બાદ તાબઈનના જ જમાનાથી ઈમામોએ સ્ત્રીઓને મસ્જિદો, જમાઅતોથી મના ફર્માવવું શરૃ કર્યું. પહેલાં જવાન સ્ત્રીઓને, પછી વૃધ્ધાઓને પહેલાં માત્ર દિવસમાં રોકી, પછી રાતમાં પણ મના ફર્માવી દીધું.

તે મુબારક યુગ કે જેને ખૈરે કુરૂન કહેવામાં આવ્યો જેમાં સહાબાઓ, સહાબિયાત, તાબઈન અને સાલેહીનો સાલેહાત મૌજૂદ હતાં, જ્યારે તે જમાનાના વિશે આ હુકમ હઝરત આઈશાએ આપ્યો કે હવે સ્ત્રીઓમાં ફસાદ (બગાડ) આવી ગયો ! ઈમામોએ મસ્જિદે જવાની મનાઈ ફર્માવી દીધી કોને ? સહાબિયાતને, સાલેહાતને ! તે પણ ફરજ નમાઝ અને જમાઅતમાં હાજરીથી કે જેની તાકીદ હદીષોમાં કરવામાં આવી. રસૂલુલ્લાહે મસ્જિદથી રોકવાનુ મના ફર્માવ્યું તો પણ જમાનાના ફસાદના કારણે હઝરત ઉમર ફારૂક, હઝરત આઈશા સિદીકા બલ્કે તમામ સહાબા તથા તાબઈન, મુજતહિદ ઈમામોએ મસ્જિદે જવાથી રોકી દીધી, જ્યારે કે છેવટના સમયમાં છેલ્લી સફમાં નમાઝ પઢીને સલામ ફેરવતાં જ સંપૂર્ણ સાવધાની તથા પર્દાની સાથે ઘરે ચાલ્યા આવવું કેટલું પવિત્ર કામ હતું, પણ એની પણ મંજૂરી આપવામાં ન આવી. તો વર્તમાન કાળમાં જ્યારે કે ૯૯% સ્ત્રીઓ અને પુરૂષોમાં ફસાદ (બગાડ) આવી ગયો, દરેક નજર હવસથી પૂર, દરેક દિલ ગુનાહનો અડ્ડો છે આવા બગડેલા માહોલમાં સ્ત્રીઓનું ઘરોથી બજારો, ઓફિસો, કલબો,મજલિસો, જલ્સાઓ, શાદીની મેહફિલો, મેળાઓ અને ટોળાઓમાં હજાર સ્ટાઈલમાં બની ઠનીને જવું ! ભલા શરીઅત એની મંજૂરી કઈ રીતે આપી શકે છે ?! તે સ્ત્રીઓ ગુનેહગાર છે અને જો પુરૂષ આ કામથી રાજી છે તો તેઓ પણ જહન્નમના લાયક અને આવા પુરૂષ, સ્ત્રી તો માનવસમાજ અને ધરતી માટે બોજ છે.

જ્યારે કે શરીઅતે એ જમાનામાં જરૂરત વગર સ્ત્રીઓને ઘરોથી નીકળવા, આમ તેમ ઘુમવા, ફરવા, સૌંદર્યનું પ્રદર્શન, ખૂબસૂરતીની જાહેરાત અને દિલને ધોકો આપનારી અદાઓનો ઢંઢેરો પીટવો, જણસોનો ઝનકાર અને ખૂશ્બૂઓની ફોરમથી મનાઈ ફર્માવી દીધી હતી અને ઘરની ચાર દીવાલોમાં ગૃહસ્થી જવાબદારીઓને સંભાળવા, આલ ઔલાદની દેખભાળ અને પોતાની ઈજ્જતની હિફાઝતનો હુકમ આપ્યો. આવારાપણુ અને બુરુ ચારિત્ર્ય અને બજારૂ સ્ત્રીઓની રીતભાતથી દૂર રહેવાનો હુકમ ફર્માવ્યો. જેમ કે કુર્આને હકીમમાં આ ઈર્શાદ ફર્માવવામાં આવ્યો :

وَقَرْنَ فِيْ بُيُوْتِكُنَّ وَلَا تَبَرَّجْنَ تَبَرُّجَ الْجَاهِلِيَّةِ الْأُوْلٰى



*"પોતાના ઘરોમાં રહો અને પહેલી જાહેલિયતની જેમ બેપર્દા ન ફરો.* (અલ અહઝાબ, પા. ૨૨, રૂ. ૧)

એ જ પ્રમાણે પુરૂષોને હુકમ આપ્યો કે તમારી સ્ત્રીઓને સંપૂર્ણ પર્દો આપો અને એમની દરેક જરૂરતને ઘરમાં મેળવી આપો અને એમને કોઈ શરીઅત વિરૂધ્ધ તથા તબિઅતની જરૂરતથી ઘરોમાંથી ન કાઢો. તો ભલા જે લોકો પોતાની સ્ત્રીઓને બેપર્દા રાખી કમાણી કરાવે છે, નોકરી કરાવે છે એ બેશરમોનું શું પરિણામ હશે ? કુર્આનમાં હુકમ આપવામાં આવ્યો :

وَلَا تُخْرِجُوْهُنَّ مِنْ بُيُوْتِهِنَّ

"સ્ત્રીઓને એમના ઘરોમાંથી ન કાઢો." (સૂ. તલાક)

રાજકિય તથા સામાજિક ક્ષેત્રે સ્ત્રીઓએ બરાબરીની વાત કરવી બલ્કે એવી દલીલ આપવી કે સ્ત્રીઓને પણ હક્ક છે કે તેઓ આર્થિક સધ્ધરતા માટે મહેનત કરે. આ પ્રકારની વાતો એ સમયે કબૂલાતના લાયક થાત જ્યારે સ્ત્રીઓ પર કુટુંબીઓના ખર્ચની જવાબદારી આવી પડતી. અહીંયા તો મામલો એના વિરૂધ્ધ છે, બલ્કે ખૂદ સ્ત્રીઓની બધી જરૂરિયાતની પૂર્ણતા પુરૂષોની જવાબદારી ગણવામાં આવી છે, એટલે સુધી કે સ્ત્રીઓ પર એ પણ વાજિબ નથી કે તે ખાવા બનાવીને પતિઓને આપે, (આ હુકમ કઝાઅન્ છે, દિયાનતન્ ઔરતોએ એ જિમ્મેદારી નિભાવવી જરૂરી નથી.) (અલબરીકહ–૧૩૧૭)

પરંતુ પતિ પર જરૂરી છે કે પત્નીના માટે તૈયાર ખાવાની વ્યવસ્થા કરે. આ બાબત હોવા છતાં જો નાદાન લોકો સ્ત્રીને દરેક મેદાનમાં પુરૂષોના ખભેખભા મિલાવી ઉભી કરવાના માટે ઘરોમાંથી ખેંચીને બહાર કરવી જરૂરી ખયાલ કરે છે તો આ કોશિશ પ્રકૃતિના કાનૂનથી બગાવત, ધોકો છે. બલ્કે સમાજ સુધારણા અને દુનિયાવી શાંતિ, સલામતીનો ખુલ્લો વિરોધ કરવું છે. આજે જે સ્થળોએ સ્ત્રીઓને પ્રતિનિધિત્વ મળેલું છે ત્યાં ઓફિસોથી કારખાનાઓ સુધીની પરિસ્થિતિઓનું અવલોકન કરવામાં આવે તો જણાશે કે કામથી વધારે રખડપટ્ટી અને ઐયાશીમાં સમય પસાર થાય છે, સ્કૂલોમાં શિક્ષણ ઓછુ થતું જાય છે, જો કે દિલ તથા નજરની તૃપ્તતા અને મજલિસોને

ગરમ કરવાનો સામાન જરૂર ભેગો કરવામાં આવે ! કારણ જાહેર છે કે નાઝ નખરાનું પૂતળુ સ્ત્રી ઘરેથી નીકળશે, હજાર દિલને ધોકા આપનાર શણગારની ઉચ્ચ કક્ષાની વ્યવસ્થા હશે પછી નજરો તો ઉઠશે જ ! અને ગલીઓ, બજારો, ઓફિસો, શિક્ષણક્ષેત્રો દરેક જગા પોતાના દિલને ધોકો આપનાર મુસ્કુરાહટનુ પ્રદર્શન જરૂર કરશે અને એની તરફથી એવું ન પણ હોય તોય શૈતાન લઈન દરેક બહાર નીકળનારી સ્ત્રીની તાકમાં લાગેલ રહે છે જેવી સ્ત્રી નીકળી કે શૈતાને પોતાનું કામ શરૂ કરી દીધું ! હજાર તમાશા એમાં જોવા મળશે, કોઈની નજર ભટકી, કોઈનું દિલ બહેકી ગયું, કોઈના કદમ ડગમગવા લાગ્યા. સ્ત્રી ભલે પોતે નેક છે પણ શું જરૂરત છે કે એના પર હવસથી નજર નાખનારા પારસા હોય ! સ્ત્રી શૈતાનનું એક હથિયાર છે અને શૈતાન ઈન્સાનના શરીરમાં એવો ફરે છે જેમ કે લોહીના ટીપાંઓ, એને ઈન્સાનને બહેકાવવામાં વાર નથી લાગતી. અહાદીષે કરીમામાં વારંવાર આ પ્રકારની તાકીદ આવી છે.

"બેશક ! શૈતાન લોહીની જેમ તમારા શરીરમાં દોડે છે." (મિશ્કાતુલ મસાબીહ, ૨૬૯)

સ્ત્રી જ્યારે ઘરેથી નીકળે છે તો ફિત્નાઓનો દરવાજો ખુલી જાય છે. શૈતાન એની ચાલમાં નાઝ નખરા અને તેના વજૂદને હૃદયાકર્ષક બનાવી દે છે કે અનાયાસે નજરો એની તરફ ઉઠી જાય છે. તિર્મિઝી શરીફમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ تعالیٰ عنہ થી રિવાયત છે. રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :

સ્ત્રી સંપૂર્ણ શર્મગાહ છે, જ્યારે ઘરેથી નીકળે છે તો શૈતાન એની તાકમાં રહે છે. (ઉપર મુજબ)

સહીહ મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہ ની રિવાયત છે :– *"સ્ત્રી શૈતાનના રૂપમાં સામે આવે છે અને શૈતાનના રૂપમાં પાછી જાય છે."* (તૈબી અલી હામશ, મિશ્કાત)

એટલે તેણીનું આવવું, જવું આવારા નિગાહીનો સબબ છે. જેમ કે શૈતાન બુરાઈઓનો સબબ છે. અલ્લામા સાવીએ એક હદીષ નકલ કરી :–

જ્યારે સ્ત્રી સામે આવે છે તો ઈબ્લીસ એના માથા પર બેસે છે



અને જોનારાના માટે એને ખૂબસૂરત બનાવી દે છે અને જ્યારે પાછી ફરે છે તો એની પીઠ પર બેસે છે અને જોનારાના માટે આકર્ષણ પેદા કરે છે.

## ★ સ્ત્રી ક્યારે ઘરેથી નીકળી શકે છે ? ★

ઈસ્લામે સામુહિક અને સામાજિક જિંદગીમાં ચોખ્ખાઈ, પવિત્રતા અને સુધારણાના માટે સ્ત્રીઓનું બેપર્દાપણુ અને તેણીઓના ઘરોથી નીકળવા પર પ્રતિબંધ લાગુ પાડયો છે. એનો મતલબ એ નથી કે તેમને કેદબંદીની મુસીબતમાં પૂરીને શરીઅતી અને તબિઅતી જરૂરતોની પૂર્ણતાના માટે પણ ઘરેથી નીકળવાના હકને છીનવી લેવામાં આવે. ઈસ્લામ ખોટી તકલીફ અને કઠણાઈનો વિરોધી છે. એમાં દરેકના જાઈઝ હક્કોની તરફદારી કરવામાં આવી છે. સ્ત્રીઓને પણ અમુક સમયોમાં ઘરોએથી નીકળવાની રજા આપવામાં આવી છે. પણ એનો ખયાલ રાખવામાં આવ્યો છે કે તેણીઓ પોતાની દરેક જરૂરતની પૂર્ણતા શરીઅતની હદમાં રહીને કરે. એવું નથી કે એ સમયોમાં એમને પર્દો તથા અન્ય મનાઈ કરેલ બાબતોથી આઝાદ કરી દેવામાં આવી છે. જેમ કે મુજતહિદ ઈમામોએ આ હાલતોની સ્પષ્ટતા આ પ્રમાણે કરી છે.

પતિ પોતાની પત્નીને સાત જગાઓ પર જવાની રજા આપી શકે છે : (૧) માં, બાપની મુલાકાત (૨) એમની બીમાર પુર્સી (૩) એમના બેસણા માટે (૪) મહરમોની મુલાકાત (૫) જો દાયણ હોય (૬) મુર્દાને નવડાવનાર હોય (૭) એનો કોઈ બીજા પર હક્ક આવતો હોય, બીજાનો હક્ક એના પર હોય, તો આ હાલતોમાં રજા લઈને અને રજા વગર પણ નીકળશે. હજ પણ આ હુકમમાં છે. આ હાલતોના સિવાય પરપુરૂષોની મુલાકાત, એમની બીમાર પુર્સી અને વલીમાની દાવતના માટે પતિ રજા ન આપે. જો રજા આપી અને સ્ત્રી ત્યાં ગઈ તો પુરૂષ અને સ્ત્રી બન્ને ગુનેહગાર થશે. (જમલુન્નૂર, ૪૬–૪૭)

આ લખાણ પર સમજુતી આપતી નોંધ લખતાં ઉસ્તાદે ગિરામી હઝરત મૌલાના મુહમ્મદ અહમદ મિસ્બાહી સાહબે (શૈખુલ અદબ

અલજામઅતુલ અશફીયા, મુબારકપુર) કેટલી સારી વાત લખી છે :

"આ લખાણ અને આ સાત જગાઓ યાદ રાખવા જેવી છે. પુરૂષોએ સ્ત્રીઓને આવવા જવાની બાબતોમાં જેટલી વધારે છૂટી આપી રાખી છે એનો શરીઅતમાં કયાંય પતો નથી. એમને પોતાના હેઠળની ઔરતો વિશે એટલો સારો ભરમ રહે છે કે જેવી કોઈ સ્ત્રીએ ઉર્સ કે કોઈ ઈજતેમાઅ, કોઈ શાદી, કોઈ જલ્સામાં હાજરીની કે કોઈ ગૈરમહરમ નજીકનો સગો કે કોઈ મિત્રના ત્યાં હાજરીની ખ્વાહિશ જાહેર કરી અને એમણે આપી દીધી ! અને જો તરત રજા ન આપે તો જીદ કે આગ્રહ પછી તો જરૂર એમના ફર્માનના તાબે થયા !"

લોકો માર્ગો અને ગૈરમહરમોના ઘરોમાં સ્ત્રીઓનું બેપર્દાપણુ, નામહરમોથી આંખો મિલાવીને વાતચીત કરવી અથવા ઓછામાં ઓછું પરપુરૂષો અને તે પણ ફાસિકો ફાજિરો બલ્કે કાફિરો, બદઅમલ ખુદાથી ન ડરનારાઓની નજરો પડવાના તમાશો ખૂદ જુએ છે અને બીજાઓની સ્ત્રીઓના માટે એને સખત નાપસંદ પણ કરે છે અને સાચી રીતે ઈસ્લામી તરફદારીનો તકાઝા આ જ હોવો જોઈએ, પણ જાતે પણ રજા આપતાં સમયના પરિણામ પર વિચાર કરી લેવો જોઈએ.

એ અલગ વાત છે કે મૌલાએ કરીમની તરફથી હિફાઝત થઈ જશે અને અસલ ફિત્નાનો બનાવ ન બને.

પણ જણાવો ! શું શરીઅતે સ્ત્રીઓને નામહરમોના સામે આ બેપર્દાપણાની કયાંય રજા આપી છે ? **સહાબા તથા તાબઈન તો પોતાની પાક, નમાઝી, મુત્તકી અને ખુદાથી ડરનાર સ્ત્રીઓના માટે આ પાબંદીઓ રાખે અને હવે હાલ આપણા તરફથી આ આઝાદીઓ આપવામાં આવે !!** બંને હાલતો અને નજરોમાં કેટલો ફરક છે ? હવે તો પહેલાંથી અધિક પાબંદીની જરૂરત છે. અલ્લાહ હિદાયત આપે અને શરીઅતે મુતહ્હરા પર અમલની તૌફીકથી નવાઝે. આમીન.... (જમલુન્નૂર)

## ★ ઘરેણાનો ઝનકાર ! ★

આ વાત સિધ્ધ થઈ ચૂકેલી છે કે સ્ત્રીઓને શણગારના માટે સોના



ચાંદીના ઘરેણાના ઉપયોગની રજા દેવામાં આવી બલ્કે હઝરત આઈશાના કૌલ પ્રમાણે ઘરેણા વગર રહેવું નાપસંદ ગણવામાં આવ્યું, એટલે સુધી કે જો કાંઈ ન હોય તો ઓછામાં ઓછું એક દોરો પણ ગળામાં નાખી લે. (ફતાવાએ રઝવિય્યહ, ૧૧)

બલ્કે ઘરમાં નિકાહ લાયક શહઝાદીઓને ઘરેણાઓથી શણગાર કરીને રાખવાની તાકીદ કરવામાં આવી જેથી સગાઈના માટે ઓફરો જલ્દી આવે. (ઉપર મુજબ)

બલ્કે સાઝ શણગાર ન કરીને ફુવર (લઘર વઘર) બની રહેવું શિક્ષાને પાત્ર ઠરાવવામાં આવ્યું છે. આ તમામ સાઝ શણગારનો એક મકસદ એ છે કે પતિનું ધ્યાન બીજીના તરફ ન જાય, સ્ત્રીની દરેક રીતે પતિને બહેલાવતી રહે. ટૂંકમાં કે પોશાક તથા અંદાજ, ઘરેણા તથા શૃંગાર દરેક ચીજની રજા એ હદ સુધી છે કે પતિના માટે હોય, પર્દામાં હોય. પણ પર પુરૂષોમાં એનું પ્રદર્શન આવન જાવનમાં પણ જમીન પર મારતા ચાલવું જેનાથી ઘરેણાનો રણકાર પરપુરૂષોના કાનો સુધી પહોંચે એની હરગિઝ રજા નથી આપવામાં આવી. જેમ કે કુર્આને કરીમમાં ઈર્શાદ છે :

وَلَا يَضْرِبْنَ بِاَرْجُلِهِنَّ لِيُعْلَمَ مَا يُخْفِيْنَ مِنْ زِيْنَتِهِنَّ

"અને પોતાના પગ જમીન પર ન મારે જેનાથી એમનો છુપાયેલ શણગાર ખબર પડે." (સૂ. નૂર, પા. ૧૮, રુ. ૧૦)

સુનને અબૂ દાઊદ તથા નિસાઈમાં ઈબ્ને મસ્ઊદની રિવાયત જેમાં દસ બુરી આદતોની ચર્ચા કરવામાં આવી છે. એમાં આ પણ છે :–

وَالتَّبَرُّجُ بِالزِّيْنَةِ بِغَيْرِ مَحَلِّهَا

"અસ્થાને શણગારનું પ્રદર્શન કરવું બુરી આદત છે." (ઉપર મુજબ)

સુનને અબૂ દાઊદમાં જ હઝરત ઈબ્ને ઝુબૈરની રિવાયત છે કે એમની એક બાંદી ઝુબૈરની એક છોકરીને હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ ની ખિદમતમાં લઈ ગઈ. એ બાળકીના પગોમાં ગુંગરુ બંધાયેલ હતાં. હઝરત ઉમરે એને કાપીને અલગ કરી દીધાં અને ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ

صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાંભળ્યું કે :

"દરેક ગુંગરુની સાથે એક શૈતાન હોય છે." (મિશ્કાતુલ મસાબીહ, ૩૭૮)

અને તે શૈતાન ગુંગરૂના અવાજમાં એવું આકર્ષણ પેદા કરે છે કે એના રણકારની તરફ નજરો ઉઠી જાય છે અને દિલમાં તોફાન શરૂ થવા લાગે છે, પછી શૈતાન આગળ રહનુમાઈ કરતો રહે છે.

અબ્દુર્રહ્‌માન બિન હયાન અન્સારીની બાંદી બુનાનાની રિવાયત છે કે હઝરત આઈશા સિદ્દીકાની ખિદમતમાં એક બાળકી લાવવામાં આવી જે ઝાંઝર પહેરેલ હતી જેનાથી અવાજ નીકળતો હતો. હઝરત સિદ્દીકાએ ફર્માવ્યું કે ઝાંઝર કાપી નાખો પછી મારી પાસે લાવજો. મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાંભળ્યું છે કે ફર્માવે છે :

لَا تَدْخُلُ الْمَلٰٓئِكَةُ بَيْتًا فِيهِ جَرَسٌ

"જે ઘરમાં ઝાંઝર (ગુંગરૂ) હોય ત્યાં રહમતના ફરિશ્તા નથી આવતા." (સુનને અબૂ દાઊદ, ૨/૨૩૦)

આ તો સહાબા તથા સહાબિયાત અને ઉમ્મહાતુલ મો'મિનીન رضی اللہ عنہم નો અમલ છે. પણ આપણો અમલ એ છે કે આપણી સ્ત્રીઓ ઘરોમાં શું ગલીઓ, રસ્તાઓ, બજારો, ઉર્સો, શાદીની મેહફિલો અને બીજા પ્રસંગોમાં ખૂબ બેબાકીની સાથે પોતાનાં ઘરેણાં રણકાવતી ફરે છે અને આપણે ખેલ જોતા રહીએ છીએ. ખુદા આ પુરૂષો અને સ્ત્રીઓને સદ્‌બુધ્ધિ અતા કરે. શૈતાનના આ હથિયારથી બચવાની તૌફીક આપે. કેમ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ જણાવે છે કે ઝાંઝરના વિશે આપે ફર્માવ્યું કે તે શૈતાનની વાંસળી છે. (મિશ્કાતુલ મસાબીહ, ૩૭૯/૨)

શૈતાનની વાંસળી વાગશે તો નફસની બુરાઈ બમણી થશે. (ખુદાની પનાહ !) એટલા માટે શરીઅતે મુતહ્‌હરાએ આવા ઘરેણાની મનાઈ ફર્માવી દીધી જેથી શૈતાની અવાજ ભાવનાઓને ખરાબ ન કરે. (મિશ્કાતુલ મસાબીહ, ૩૭૯/૨)



## ★ ખૂશ્બૂ લગાડીને નીકળવું ★

ખૂશ્બૂ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પસંદ પામેલ ચીજ છે. ખૂશ્બૂનો ઉપયોગ રસૂલની સુન્નત છે. સ્ત્રીઓને તો ભડકવાળી ખૂશ્બૂઓની પણ રજા આપવામાં આવી પણ જ્યારે કોઈ તબઈ કે શરીઅત (શરઈ) મુજબની જરૂરતથી બહાર નીકળવાનું થાય તો એ સમયે એની મનાઈ ફર્માવી. કેમ કે ખૂશ્બૂ એવી ચીજ છે જે દિલ તથા દિમાગમાં મસ્તી તથા ખુશી પેદા કરી દે છે અને ખૂશ્બૂદાર ચીજની તરફ દિલનું આકર્ષણ વધી જાય છે અને એને પ્રાપ્ત કરવાની ખ્વાહિશ દિલમાં અંગડાઈઓ લેવા લાગે છે જેવી રીતે કોઈ વ્યકિત કોઈ બાગમાં પહોંચે છે તો રંગબેરંગી ફૂલોની ભીની ભીની મહક એના દિલ તથા દિમાગને એટલા પ્રમાણમાં સુગંધિત તથા પ્રભાવિત કરી દે છે કે આ ખૂશ્બૂદાર ફૂલોને ડાળીઓથી અલગ કરીને પોતાના ઘરની શોભા બનાવવાની ઈચ્છા દિલમાં પેદા થઈ જાય છે અને એક, બે ફૂલ લીધા વગર ગુલશન બગીચામાંથી નથી નીકળતો. હઝરત જામી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

પછી ભલા આ માનવ પ્રકૃતિના હોવા છતાં શરીઅત એની રજા કેમ કરીને આપી શકે છે કે સ્ત્રી રસ્તાઓ, બજારો અને માહોલને સુગંધિત કરતી ફરે અને ફાસિકો તથા ફાજિરોને ફિત્ના ફસાદ ખડો કરવાનો પૂરો મોકો હાથ આવે, અપહરણ અને ઝિનાના બનાવો પ્રકાશમાં આવે. પર પુરૂષો જેની સામે બેપર્દા આવવું જવું તો દૂર નરમ અવાજમાં વાત કરવી પણ મના કરવામાં આવ્યું. જેમ કે રિસાલતના જમાનામાં જ્યારે કે સ્ત્રીઓને જમાઅતની સાથે મસ્જિદમાં નમાઝ અદા કરવાની રજા હતી. ત્યારે આપે ખૂશ્બૂ લગાડીને આવનારી સ્ત્રીઓને સખત ચેતવણી ફર્માવી કે જઈને ગુસ્લ કરીને આવે. સાંભળો ! મુસ્લિમ શરીફની રિવાયત જેના અબ્દુલ્લાહ બિન મસઊદ રાવી છે :

"જ્યારે તમારામાંથી કોઈ સ્ત્રી મસ્જિદમાં આવે તો ખૂશ્બૂ ન લગાડે." (સહીહ મુસ્લિ, ૧/૧૮૨)

બીજી રિવાયત હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી છે :

"જે સ્ત્રી ખૂશ્બૂ લગાડેલ હોય તે અમારી સાથે ઈશાની નમાઝમાં

હાજર ન થાય." (ઉપર મુજબ)

સુનને અબૂ દાઊદમાં હઝરત અબૂ હુરૈરહ્ જ મરવી છે :

"જે સ્ત્રી મસ્જિદ જવા માટે ખૂશ્બૂ લગાડે એની નમાઝ ત્યાં સુધી કબૂલ નથી થતી જ્યાં સુધી કે ગુસ્લે જનાબતની જેમ ગુસ્લ ન કરી લે." (મિશ્કાતુલ મસાબીહ, ૧/૯૬)

ઈમામ તિર્મિઝીએ હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمનો ઈર્શાદ છે :

"દરેક (હવસ સાથે ગૈરને જોનારી) આંખ ઝિના કરનારી છે. બેશક ! સ્ત્રી ખૂશ્બૂ લગાડીને મજલિસમાં પસાર થાય તો તેણી ઝિના કરનાર (વ્યભિચારીણી) છે." (ઉપર મુજબ)

સારાંશ કે સ્ત્રીઓને જેટલા પ્રમાણમાં શણગાર, ખૂશ્બૂ તથા શૃંગાર કરવાની રજા છે તે માત્ર પતિના માટે તથા પર્દાની અંદર છે. અસ્થાને શણગારના પ્રદર્શનનું જાઈઝ હોવું કદી પણ નથી. સ્ત્રી પોતાના શણગારનું દરેક જગાએ બેખૌફ પ્રદર્શન કરતી ફરે અને સમાજના ઝઘડાનું કારણ બને એની કોઈ અકલમંદ, હોશમંદ એની મંજૂરી નથી આપી શકતો.

મસ્જિદ તથા જમાઅત અને ઈદની નમાઝ વગેરેમાં જવાને માટે તે પાકબાઝ, નમાઝી તથા મુત્તકી સ્ત્રીઓના માટે આ પ્રતિબંધો રાખ્યા અને તે પણ સહાબીઓના સમુહમાં જેમનો તકવો અને પવિત્રતાની કસમો ખાવામાં આવે છે અને આજકાલ એટલા પ્રમાણમાં આઝાદી આપણી વહુ, બેટીઓ અને પત્નીઓને આપવામાં આવે છે કે બજારો, શાદીની મેહફિલો, મેળાઓમાં દરેક પ્રકારની ફેશન ખૂશ્બૂ અને અત્તરો લગાડીને જાય, જ્યાં મોટા ભાગે બદમાશોથી ભેટો થાય છે એ કેટલા પ્રમાણમાં બેહયાઈ તથા બેશર્મી છે ?! હવે તો અધિક કાળજી અને પ્રતિબંધની જરૂરત છે.

**આઈનેકો ફઝામેં ઉછાલા ન કીજીએ**
**કયા કીજીએગા ? ગિરકે અગર ચૂર હો ગયા**



## ★ સ્કૂલોમાં છોકરીઓના શિક્ષણ પર એક નજર ★

**જિસ ઈલ્મકી તાષીરસે ઝન હોતી હૈ નાઝન**
**કહતે હૈં ઉસી ઇલ્મકો અરબાબે નઝર મોત !**

શિક્ષણ માનવ જિંદગીના દરેક ક્ષેત્રના માટે એક જરૂરી બાબત છે. શિક્ષણ એવું આબે હયાત છે જે રૂહાની રંગોમાં ફેલાયને ચારિત્ર્ય તથા અમલોની કેળવણી કરે છે અને વ્યકિતગત તથા સામાજિક જિંદગીની પુખ્તતા અને એમાં વસંત ખીલવવાનો બેમિષાલ ખોરાક છે. તો શું સ્ત્રીઓ ઈલ્મના અલંકારોથી શણગાર ન કરે ? એમને જાહેલિયત તથા નાદાનીની ઊંડી ખાઈઓએથી કાઢવામાં ન આવે ?

તો આના પર હું માત્ર એટલું કહીશ કે ઈસ્લામ મઝહબ જ તે એક સર્વવ્યાપી મઝહબ છે. જેણે ઈન્સાનોની અખ્લાકી તથા સમાજિક જિંદગીના નિખારના માટે ભેદભાવ વિના પુરૂષ તથા સ્ત્રીને માટે ઈલ્મ પ્રાપ્તિને માટે ફર્ઝ ઠરાવી અને ઈલ્મ તથા દાનાઈથી શણગારી અને જાહેલિયત અને માટે નાદાનીના અંધકારમાં ખોવાયેલ લોકોની વચમાં ફરક સમજાવ્યો અને ખુલ્લમ ખુલ્લા આ એલાન કર્યું કે :–

هَلْ يَسْتَوِي الَّذِيْنَ يَعْلَمُوْنَ وَالَّذِيْنَ لَا يَعْلَمُوْنَ

*"શું આલિમ અને જાહિલ બરાબર થઈ શકે છે ?"* (ઝુમર, પા. ૨૩)

અને જિંદગીના વિવિધ ક્ષેત્રે આવનાર સમસ્યાઓથી ખબરદાર થવાને માટે ઈલ્મનો સહારો લેવાનો હુકમ આપવામાં આવ્યો છે. જેણે પણ ઈમાનની અગણિત દૌલતથી પોતાના દિલનો ખજાનો ભરી લીધો છે એને જરૂરી છે કે ઈમાનના તકાઝાઓની સ્વીકૃતિના માટે એટલું શરીઅતનું ઈલ્મ પ્રાપ્ત કરે જેનાથી પોતાની જિંદગીને સુધારી શકે, ઈબાદતો તથા મામલાઓમાં હુકુકુલ્લાહ અને હુકુકુલ ઈબાદ (બંદાના હક્કો) અલ્લાહની જાત તથા સિફતો અને તમામ અકીદાની બાબતોનું વિશ્વસનીય જ્ઞાન પ્રાપ્ત કરી લે. જેમ કે સરવરે કાએનાત صلی اللہ تعالیٰ علیہ وسلمનું ફર્માન છે :

طَلَبُ العلمِ فريضةٌ علىٰ كُلِّ مُسلِمٍ

"ઈલ્મે દીન પ્રાપ્ત કરવું દરેક મુસલમાનના માટે ફરજ છે."
(મિશ્કાતુલ મસાબીહ, ૩૪)

અને ઈલ્મે દીન એ એવો મહત્વનો ફરીઝો છે જેના પર બીજી ફરજોની મજબૂતી તથા સુધારણા બલ્કે ઈમાન તથા અકીદાની સલામતીનો દારોમદાર છે. આ જ કારણે ઈસ્લામ મઝહબે માતા પિતા પર જેવી રીતે ઔલાદની તર્બિયતના માટે અન્ય ઔલાદના ગણાવ્યા છે તેવી રીતે પણ વાજિબ કર્યું છે કે પોતાની ઔલાદને દીનનું ઈલ્મ શીખવાડે, એમના માટે સારા, લાયક, દીનદાર ઉસ્તાદોની પસંદગી કરે જેથી નેક ઉસ્તાદની સંગતમાં નેક ફર્માંબરદાર શરીઅતનો રક્ષક બનીને ભવિષ્યમાં કુટુંબ તથા સમાજની સેવા કરી શકે. ખાસ કરીને છોકરીઓની કેળવણી તથા શિક્ષણ એની હિદાયત કરવામાં આવી છે કે બાળપણથી જ ઈબાદતો, પવિત્રતાઓ અને પર્દા તથા હિજાબની તાલીમ આપે. એના માટે કોઈ નેક, દીનદાર, નમાઝી મુઅલ્લિમાની ખિદમાત પ્રાપ્ત કરે જેથી એની સારી સંગતની સારી અસર પડે.

સારાંશ કે તાલીમની મહત્વતા તથા ફાયદાનો દરેક રીતે ખયાલ કરવામાં આવ્યો છે. પણ તે તાલીમ જેનાથી ચારિત્ર્ય સુધરે છે, માનવી માનવી રહીને ખુદાની મઅરેફત હાંસલ કરી શકે, પોતાના ઈમાન તથા અકીદાને ઓળખે. જિંદગીના દરેક વળાંક પર પોતાના અખ્લાકના કાચ થકી બેકાર પથ્થરોને ટાંકીને નગીનો બનાવી દે !

પણ આધુનિક સમયનું શિક્ષણ ખાસ કરીને સ્ત્રી તાલીમનું નિરીક્ષણ કરવામાં આવે તો જણાશે કે ૯૫% સ્ત્રીઓ આવી તાલીમથી અથવા તો બિલ્કુલ વંચિત છે અથવા આ તાલીમ એમની અમલી જિંદગીમાં અદ્રશ્ય થઈને રહી ગઈ છે. બાળકીઓ હજુ પૂરા હોશમાં પણ નથી આવતી કે તેમને અંગ્રેજી તાલીમ તથા કેળવણીના હવાલે કરી દેવામાં આવે છે જ્યાં તેમને બાળપણથી જ અંગ્રેજી જિંદગીની રીત અને અંગ્રેજી સંસ્કૃતિની આશિક બનાવી દેવામાં આવે છે. તાલીમ, રીતભાત દરેક ચીજમાં ઈસ્લામી કાનૂનની વિરૂધ્ધ શીખવવામાં આવે છે, પછી આગળ જતાં કોઈ સ્કૂલમાં દાખલ કરી દેવામાં



આવે છે જ્યાંના આઝાદ માહોલમાં તે પુખ્તવયે પહોંચે છે. એક તો બાળપણથી ઈસ્લામી રીતભાતથી વંચિત રહી, એના પર અજબની વાત એ છે કે વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓનો ભેળસેળ્યો માહોલ મળી ગયો, જ્યાંના આઝાદ માહોલમાં કોઈ મેલજોલ તથા સંબંધ પર કોઈ રોકટોક નથી. ઈશ્ક તથા મહોબ્બત, ગીત તથા આનંદ, ગંદુ સાહિત્ય, આઝાદીવાળો માહોલ અને બેહયાઈ તેમની તાલીમનો પ્રથમ હેતુ બની જાય છે. વળી તાલીમ પણ એવી કે જેમાં નાસ્તિકતા તથા અધર્મતાના ઝેહરીલા જંતુઓ ઈમાન તથા અકીદાના આપોઆપ ઉછરેલા છોડને નુકસાન પહોંચાડનાર કીડાની જેમ ખાઈ જાય છે. એક બાજુ અકીદો અને ઈમાનથી હાથ ધોઈ બેસે છે તો બીજી તરફ ચારિત્ર્ય તથા કિરદારની તે અવગતિ બને છે કે શરમ, હયા, ઈજ્જત, આબરૂનો જનાઝો જ નીકળી જાય છે !

તમો એવું કહી શકો છો કે સ્કૂલોમાં ભણનારી સર્વ છોકરીઓ આવી નથી હોતી, ઘણી બધી વિદ્યાર્થીનીઓ એવી છે જે સ્કૂલમાં રહેવા છતાં પણ ત્યાંની આઝાદીથી પ્રભાવિત નથી થતી જેથી છોકરીઓની એ તાલીમ પર કેવી રીતે પ્રતિબંધ મૂકવામાં આવે ? સૌને એક દોરીમાં કેવી રીતે જકડી શકાય ?

તો હું એટલું કહું કે પ્રથમ આ તાલીમ લાઝિમ તથા જરૂરી નથી બલ્કે એમના પર અને એમના સરપરસ્તો પર તો એ વાજિબ હતું કે દીનની તાલીમ અપાવે જેની તેમને સખત તથા ખાસ જરૂર છે. તદઉપરાંત હસ્તકલા, ઘરકામ શીખવે જેનાથી તે પર્દામાં રહીને પણ આર્થિક સબળ થવા મદદ લઈ શકે છે અને પોતાના કુટુંબની પણ મદદ કરી શકે છે. પણ આ તાલીમ જેનાથી દુનિયા તથા આખેરતની ઢગલાબંધ ખરાબીઓ અને તબાહીઓ જોડાયેલી છે એમાં સ્ત્રીઓને ફસાવીને એમની સ્ત્રીમય હેસિયતને ખંડિત કરવું છે. તેણીઓ માત્ર ગૃહસ્થી બાબતોની મલેકા છે. ગૃહસ્થી ઈલ્મો જ એના માટે ઘણું છે. એમને ડોકટર, એન્જીનીયર અને શિક્ષક બનાવીને આપણો હાકિમ બનાવવું છે અને બાળકોને માની મમતાથી વંચિત કરવું છે.

બીજુ એ કે ઈસ્લામી તાલીમની પ્રાપ્તિમાં પણ એમને એ ચીજની પાબંદ બનાવવામાં આવી છે કે ઈસ્લામી પર્દો શરીરને ઢાંકવા અને ધાર્મિક

કદરો બરબાદ ન થાય, ન ગેરમહરમોનો સામનો થાય, ન એનાથી એકાંત થાય, બલ્કે ઈસ્લામી તાલીમ પણ સાફ અને ચોખ્ખા માહોલમાં દીનદાર મુત્તકીયા સ્ત્રીથી પ્રાપ્ત કરે, પછી એની મંજૂરી કેવી રીતે આપી શકાય છે કે દુનિયવી જરૂરત વગરની તાલીમના માટે તેમને બેપર્દા ગૈરમહરમોની વચમાં બેધડક ભટકતી કરી દેવામાં આવે જ્યાં ફાસિકો અને બદમાશોની નજરોનો શિકાર બને અને હયા તોડનાર તાલીમ બેહયાઓથી પ્રાપ્ત કરે. ન રસ્તાઓમાં ગૈરોની નજરોથી પર્દો, ન શિક્ષણ ક્ષેત્રોમાં એનાથી છૂટકારો. જો તે પોતે દિલની બુરી નથી તો શું જરૂરી છે કે રસ્તાઓ અને શિક્ષણ ક્ષેત્રોમાં જેનાથી સંપર્ક થાય છે એમની નિય્યતો પણ પાક હોય. બલ્કે રોજ બરોજ જોવામાં આવે છે કે સ્કૂલની વિદ્યાર્થીનીઓના શરીરના અંગોની બલાઓ લેનારા બદમાશ લફંગા જુદી જુદી રીતે રસ્તાઓમાં બલ્કે ત્યાં સુધી કે સ્કૂલોમાં છોકરીઓને છેડે છે અને પરેશાન કરે છે, તો પણ તે છોકરીઓને શરમ આવે છે ન એમના પાલકો શરમ અનુભવે છે. ઝિના, અપહરણ, નાજાઈઝ ગર્ભ આ સર્વના બનાવો મોટા ભાગે જોવા તથા સાંભળવા મળતા રહે છે, પછી આવા માહોલથી છોકરીઓ પ્રભાવિત નથી થઈ શકતી જે બેખબર નાદાન કે આપના ખયાલમાં સીધી સાદી અને નેક છે ! કહે છે કે, **"તરબૂઝા દેખ કે રંગ પકળતા હૈ"**

જમાનાની પરિસ્થિતિ અને અમલની બુરાઈના કારણે જ્યારે મસ્જિદ તથા જમાઅત અને ઈદગાહ તથા જલ્સાગાહથી મનાઈ કરી દેવામાં આવી જ્યાં ફકત ઈબાદત અને વઅઝ તથા નસીહતનું ગ્રહણ કરવું એમનો મકસદ હતો. સહાબાએ કિરામે પાકબાઝ બીબીઓને મસ્જિદ તથા ઈદગાહથી મના ફર્માવી દીધું કે હવે નજરોમાં ખરાબી આવી ગઈ ! તો આ જમાનાની સ્ત્રીઓ અને છોકરીઓના માટે કેવી રીતે જાઈઝ થઈ શકે છે કે બેપર્દા થઈને હજાર બનાવ શણગાર કરીને બદમાશોની નજરોથી પસાર થતી થતી સ્કૂલ અને કોલેજના આઝાદ માહોલમાં છોકરાઓ સાથે ખભેખભા ન માત્ર વર્ગોમાં બલ્કે પાર્કો અને ફરવાની જગાઓમાં આઝાદીનું પ્રદર્શન કરે. વળી આશિકાના શેઅરો, ગંદાં ગીતો ગાય અને ડ્રામા તથા નાચ જેવા અન્ય પ્રોગ્રામોમાં ભાગ લે ! શું આ ગંદા કૃત્યો તથા હરકતોથી આ નાઝુક



શીશીઓના ચારિત્ર્ય તથા કિરદાર પર બુરી અસર નહીં પડે ?

ફતહે મક્કાના મોકા પર એક સહાબી જેમનો અવાજ સૂરીલો હતો તે હદીષ પઢતા જઈ રહ્યા હતા. એના પર સરકારે કાએનાત صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને ચેતવણી ફર્માવી અને સ્ત્રીઓના નાઝુક દિલોને કાચ સાથે સરખાવ્યાં કે સૂરીલો અવાજ એમના દિલના કાચને કયાંક ચૂર ન કરી દે. જેથી ઈર્શાદ થયો :

"કાચ જેવા દિલો પર નરમીના માટે ધીમે...."

સારાંશ કે ઈસ્લામે ચારિત્ર્ય, કિરદાર, તકવા તથા પવિત્રતાની હિફાઝતના માટે સ્ત્રીઓને વાતચીતમાં નરમી અને લચક, આવારા નજર દોડાવવું, ઘરેણાઓનો રણકાર અને ભડકદાર ખૂશ્બૂઓથી મના ફર્માવ્યું છે. તો પછી આ આઝાદી ભરી રીત રસમ, મેલજોલવાળી તાલીમ અને ગૈર ઈસ્લામી ઢબની જિંદગીની રજા કેવી રીતે આપવામાં આવી શકે ?!

પણ જે લોકો ઈસ્લામી તાલીમાત અને ખુદાઈ હુકમોથી બેખબર તથા બેપરવા અને દુનિયાની ઈજ્જત, માન, મોભો અને નામની ઉન્નતિના ખુશનુમા શીશ મહલના બાંધકામમાં લાગેલા છે તેઓ પોતાની જાહેરી ખ્યાતિ માટે છોકરીઓને એમના જાતી હક્કોથી વંચિત કરીને એમનો સ્ત્રીત્વમય પ્રભાવ, એમની કુદરતી હયા અને ઈજ્જત, પાકદામનીને બદનામ અને બ્લેકમેલ કરી રહ્યા છે બલ્કે પોતાની કૌમી અને સામાજિક જિંદગીની મોતનો સામાન કરી રહ્યા છે. ડોકટર ઈકબાલે કેટલું સરસ કહ્યું છે :

**જિસ ઈલ્મકી તાષીરસે ઝન હોતી હૈ નાઝન**
**કહતે હૈં ઉસી ઇલ્મકો અરબાબે નઝરે મૌત**

આ સ્કૂલની તાલીમની જ તો અસર છે કે પુરૂષોની ઘણી બધી કમાઈનો એક મોટો ભાગ ફેશન પરસ્તીને ભેટ ચઢી રહ્યો છે. છોકરીઓ પોતાના અંદાજ, રીતભાતમાં તે રીતો અપનાવે છે કે તે સૌ પુરૂષોના ધ્યાનનું કેન્દ્ર બની શકે. આ આધુનિક પ્રકારના પોશાક, હજારો પ્રકારના શણગાર શું એટલા માટે છે કે એમના પતિ એમનાથી ખુશ રહે ?! જો એવી વાત હોત તો પોતાના ઘરો સુધી શણગાર અને ઉમદા પહેરવેશની હદ રાખતી. પણ મકસદ

તો એ છે કે બજારમાં કોઈ સ્ત્રી એનાથી સારી ફેશન અને નવા શણગારમાં ન હોય ! દરેક પસાર થતો પુરૂષ માત્ર અને માત્ર એને જ ધ્યાનનું કેન્દ્ર સમજે ! મતલબ કે આ નવી સંસ્કૃતિ અને અંગ્રેજી તાલીમની મતવાલી સ્ત્રીઓના માટે જો આ દુનિયામાં પરવા ન રાખવાને પાત્ર છે તો એ એનો પતિ છે ! એના સિવાય બધા પુરૂષો નજરના કેન્દ્રસ્થાને છે. એટલે કે પોતે પર પુરૂષોને જ ધ્યાનમાં રાખી શણગાર કરે છે, તેમની સામે જ પ્રદર્શન કરે છે, પતિ માટે નહીં !

આ તાલીમ છોકરીઓને શ્રેષ્ઠ નર્તકી, માડર્ન તવાઈફ, ખૂબસૂરત અદાકાર અને મશ્હૂર ગાયિકા તો બનાવી દે છે પણ એક વફાદાર પત્ની, મમતાળુ માં અને રહમદિલ પડોશણ કે ઈજ્જતદાર સ્ત્રી નથી બનાવી શકતી. પછી એનાથી એ ઉમ્મીદ કેવી રીતે કરવામાં આવશે કે દીનદાર, પાકબાઝ અને રોઝા તથા નમાઝની પાબંદ બનાવી દે !

**ગુમ હો ગયા મગરિબકી સિયહબખ્ત ઘટામેં**
**તેહઝીબે હિજાઝીકા દરખ્શન્દા સિતારા** (બદરુલ કાદરી)

સ્ત્રીની કુદરતી સ્વપ્રદર્શનની ભાવના અને આવારા નજરોના રોકઠામના માટે સરવરે કાએનાત صلی اللہ تعالیٰ علیہ وسلم એ હુકમ આપ્યો કે "એમને મકાનના ઉપરના ભાગ પર ન રાખો કે શૈતાનને ફિત્ના ફસાદના દરવાજા ખોલવાનો મોકો ન મળે."

એવી રીતે ફિત્નાના પ્રતિકારના માટે હુકમ આપ્યો કે એમને લખવાનું ન શીખવાડો કે એ ફિત્નાનો દરવાજો છે. હઝરત લુકમાન علیہ الصلوٰۃ والسلام એ એક મકતબમાં આવી તાલીમ થતાં જોઈને ફર્માવ્યું :

"આ તલ્વાર કોના માટે તે જ કરવામાં આવી રહી છે ?" જેમ કે ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૧૧, નિસ્ફ આખરમાં છે કે, "છોકરીઓ માટે વર્તમાન ઢબની તાલીમ ખાસ કરીને સ્કૂલોમાં કોઈ પણ રીતે ભલી નથી બલ્કે ફિત્નાઓને હવા આપવી છે અને અલ્લાહ તઆલાનું ફર્માન છે :

وَالْفِتْنَةُ اَكْبَرُ مِنَ الْقَتْلِ

*"ફિત્નો કત્લથી મોટો ગુનોહ છે."*



હા ! દીનીયાતની તાલીમ જેનાથી દીન તથા દુનિયા સુધરી શકે છે તે મહત્વના ફર્ઝમાંથી છે, બલ્કે માં બાપ પર જરૂરી છે કે પોતાની છોકરીઓને દીની તાલીમથી શોભાવીને એક ઉદાહરણરૂપ સ્ત્રી બનાવે, હસ્તકલા તથા હુન્નર પણ શીખવાડે.

## ★ પ્રોગ્રામોમાં સ્ત્રીઓની હાજરી ★

આગલાં પૃષ્ઠોના અભ્યાસથી એ વાત પણ સારી રીતે સ્પષ્ટ અને રોશન થઈ ચૂકી કે જલ્સા તથા જુલૂસ, શાદી, વિવાહ, ઔલિયાના ઉર્સો તથા અન્ય પ્રસંગોમાં પણ સ્ત્રીઓની હાજરી શરીઅતની રૂએ મનાઈ કરેલ છે. અધિક સ્પષ્ટતા અને એની બુરાઈના વિસ્તારપૂર્વકના ઈલ્મના માટે ઈમામે એહલે સુન્નત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ની કિતાબ "મુરવ્વજુન્નજાઅ્ લિ ખુરૂજુન્નિસાઅ્" માંથી થોડુક વાંચકોને ભેટ ધરી રહ્યો છું :–

અસલ કાયદો એ છે કે સ્ત્રીને પોતાના મહરમ પુરૂષો તથા સ્ત્રીઓની પાસે એમને ત્યાં બીમારની ખબર લેવા કે મરણ પામેલને ત્યાં બેસવા કે અન્ય કોઈ મન્દૂબ કે મુબાહ દીની કે દુનિયાવી જરૂરત અથવા માત્ર મળવાના માટે જવું મુત્લકન્ જાઈઝ છે જ્યારે કે શરીઅતની મના કરેલ બાબતોથી મુકત હોય. જેમ કે બેપર્દા ન હોય, ફાસિકોનો મજમો ન હોય, શરીઅતમાં મના કરેલ પ્રોગ્રામ ન હોય, નાચગાનની મેહફિલ ન હોય, બેહયા અને બેપરવા આઝાદ સ્ત્રીઓની સંગત, શૈતાની ગીત, વેવાઈઓની (શાદી વેળાની રસમ) ગીતોમાં ગાળો સાંભળવું, સંભળાવવું, નામહરમ દુલ્હાને જોવો, જોવડાવવો, રાત્રી જાગરણમાં ઢોલ વગેરે ન હોય.

પરપુરૂષોને ત્યાં કે જ્યાંના પુરૂષ તથા સ્ત્રી સૌ તેણીના નામહરમ હોય ત્યાં શાદી, ગમી, મુલાકાત, બીમારની ખબર પૂછવા તેમના કોઈ પ્રસંગમાં જવાની રજા નથી, ભલે ને પતિ રજા આપે, પતિ રજા આપશે તો પોતે પણ ગુનેહગાર થશે.

મહરમોને ત્યાં પણ (વિશ્વસનીય કિતાબોમાં ઈમામોના જાહેરી લખાણ મુજબ) શાદીઓમાં જવાની મનાઈ છે ભલે મહરમો સાથે હોય. અલ્લામા તહતાવીએ એના પર જઝ્મ (સમર્થન) કર્યું અને અલ્લામા મુસ્તફા

રહમતી તથા અલ્લામા શામીએ એનો ઈસ્તેઝહાર કર્યો અને હદીષે અબ્દુલ્લાહ બિન અમ્ર તથા હદીષે ખૌલા બિન્તે નુઅ્માન તથા હદીષે ઉબાદા બિન સામત رضي الله عنهم નો એ જ તકાઝો છે."

અહાદીષે ષલાસહ્માં ઈર્શાદ થયો, **"સ્ત્રીઓના ભેગા થવામાં ભલાઈ નથી."** હદીષીને અવ્વલીનમાં એની ઈલ્લત (કારણ) બયાન ફર્માવી કે જ્યારે તેણીઓ ભેગી થાય છે તો બેહૂદા વાતો કરે છે. હદીષે ષાલિષમાં ફર્માવ્યું કે એમના ભેગા થવાનું ઉદાહરણ એવું છે જેમ કે પોલીશ કરનારે લોઢું તપાવ્યું, જ્યારે આગ થઈ ગઈ તો ઠોકવાનું શરૂ કર્યું, જે ચીજ પર એની ચિન્ગારી પડી તેને સળગાવી દીધું.

સ્ત્રીઓ બુધ્ધિની ઉણપ અને દીની અજ્ઞાનતાના કારણે સખ્ત દિલ અને દીની બાબતો પ્રતિ કમ આકર્ષણ ધરાવે છે. લોઢા સાથે સરખામણી કરવામાં આવી અને વાસનાની આગ તથા બેહયાઈ એમનામાંથી પુરૂષોથી ૧૦૦ ગણી વધારે વપરાયેલ અને એમનું બેબાક થઈને એકત્ર થવું જાણે લોહારની ભટ્ટીમાં લોખંડનું તપવું અને તેને મળી હથોડાની સંગત હવે ચિન્ગારી ઉડશે તે દીન, શરમ, હયા, ઈજ્જત અને જેના પર પડશે સાફ ફૂંકી મારશે.

સલમા પવિત્ર છે, હા પવિત્ર છે : વબારકલ્લાહ ! પણ જાને બિરાદર ! શું પવિત્ર સ્ત્રીઓ માસૂમ (ગુનો જ ન કરી શકે તેવી) હોય છે ? એમનાથી ગુનો નથી થઈ શકતો ? શું બુરી સંગતમાં અસર નથી ? દેખરેખ રાખનારાઓથી અલગ પોતે આઝાદ એક મકાનમાં જમા થયેલી અને દેખરેખ રાખનારાઓના આવવા તથા જોવાથી પણ નચિંત !

فَاِنَّمَا خُلِقَتْ مِنْ ضِلْعٍ اَعْوَجَ

*"વાંકાથી બનેલ વાંકી જ ચાલશે."*

પોતે નાદાન છે તો ક્રમે ક્રમે શીખીને રંગ બદલશે. જેને સ્ત્રીની સુધારણાની પરવા નથી કે જમાનાની હાલતોની જાણકારી નથી. પ્રથમ જાલિમનું તો નામ જ ન લો અને બીજા નેકને કહેશો.



**મઅઝૂરદાર મત કે તૂ ઉરા ન દીદાઈ**

સ્ત્રીઓના મજમાની બુરાઈઓ એવી છે કે જીભ પર લાવવું યોગ્ય નથી તો કેમ કરીને લખવામાં આવે. જેમણે આ નાઝુક કાચોને ટકરાવાથી બચાવવી હોય તો રસ્તો એ જ છે કે આ શીશીઓ પણ શરઈ જરૂરત વગર ન મળવા પામે કે એકબીજામાં મળીને પણ ઠેસ ખાઈ જાય છે. શરઈ જરૂરતો એ જ છે જેની ઉલ્માએ કિરામે સ્પષ્ટતા કરી દીધી. મતલબ અહાદીષે મુસ્તફા صلى الله تعالى عليه وسلم નો ઈર્શાદ બેકાર નથી કે સ્ત્રીઓના મજમામાં (ભેગા થવામાં) ભલાઈ તથા સુધારણા નથી. "આઈન્દા ઈખ્તિયાર બદસ્તે મુખ્તાર." (અહકામે શરીઅત, ૩/૮૫)

વાઅઝની મેહફિલમાં સ્ત્રીઓની હાજરીના વિશે એક વધુ લખાણ વાંચો :–

એ જ પ્રમાણે જો સ્ત્રીઓની આદત વિશે ખબર તથા ગુમાન છે કે વઅઝની મજલિસના નામે તથા ઝિક્રે અકદસના નામે જાય અને ન સાંભળે ન સંભળાવે પરંતુ ખાસ ઝિક્રના સમયે પોતાની ખીચડીઓ રાંધે ! જેવું કે વર્તમાનકાળની મોટા ભાગની સ્ત્રીઓની આદત છે. તો પણ મનાઈની જ સૂરત છે કે હવે આ જવું ભલે ભલાઈના નામે છે. પણ એ નામે એક ધોકા છે.

અને ઈન્સાફ કરશો તો સ્ત્રીનું સંપૂર્ણ પર્દા સાથે પોતાના ઘરની પાસેની મસ્જિદમાં મહરમોની સાથે તકબીરના સમયે જઈને નમાઝમાં શરીક થવું હરગિઝ ફિત્નાની શકયતાઓનો એવો ખતરો નથી ધરાવતું જેવું અન્ય મહોલ્લામાં મહરમના સંગાથ વિના પરપુરૂષોના ઘરે અને ગૈરોની વચમાં જઈને બુધ્ધિ તથા દીનમાં ઉણપ ધરાવનારાઓ સાથે ખચકાટ વિના રહેવું (ખતરનાક છે). તેમ છતાં ઉલમાએ મસ્જિદની હાજરીને સમયનો લેહાઝ કરીને મના કરી દીધી, એટલે સુધી કે સહીહ હદીષોમાં એની મનાઈની મનાઈ કરેલી છે ! અને ઈદોની હાજરી બાબતે તો ત્યાં સુધી કે "હૈઝવાળીઓ પણ આવે, જો ચાદર ન હોય તો બીજી તેણીને પોતાની ચાદરોમાં લઈ લે, મુસલ્લાથી અલગ બેસે. અને ભલાઈ તથા મુસલમાનોની દુઆથી બરકત પામે." છતાં એમને ઉલમાએ મનાઈ કરી, તો પછી આ (અન્યના મહોલ્લે જવું મહરમ વિના.... વગેરે) તો ઔર સખત રીતે મના થશે.

પવિત્ર શરીઅત કેવળ ફિત્નાથી મનાઈ જ નથી કરતી બલ્કે પાયામાંથી તેને રોકવાની વ્યવસ્થા કરે છે અને હિલા તથા વસીલાની નાકાબંધી કરે છે. ગૈરોના ઘરે તો ગૈરોના ઘરે જ્યાં ન આપણો કાબૂ ન પહોંચ, પણ હદીષમાં તો પોતાનાં ઘરોના સંબંધે આવ્યું કે "ઔરતોને ઉપલા માળો પર ન રાખો !" આ એ જ નજરોના પંછીની પાંખો કાતરવા માટે છે. શરીઅતે પાક એવું નથી ફર્માવતી કે તમે ખાસ લયલા કે સલમા પર બદગુમાની કરો અથવા ખાસ ઝૈદ કે અમ્રના ઘરને ખરાબીવાળાં ગુમાન કરો અથવા કોઈ સ્ત્રીના ગૃપને ખરાબ બતાવો, પણ સાથો સાથ એ પણ ફર્માવે છે કે, "બદગુમાની પણ એક સાવધાની છે."

બુરો કે ભલો કોઈના મોઢા પર લખેલુ નથી હોતું. જાહેર હજાર ઠેકાણે વિશેષતઃ આ ફિત્નાના યુગમાં આતરિક કરતાં વિરૂધ્ધ હોય છે. અને સરખુ હોય તો પણ શું નેક પુરૂષો તથા સ્ત્રીઓ માસૂમ છે ? ઝૈદ કહે છે કે ઘણીવાર એવા મજમા થાય છે પણ કદી ફિત્નો નથી થયો. જાને બિરાદર ! બનાવનો ઈલાજ શું બનાવ પછી થવો જોઈએ ?! ઘડો કૂવેથી દર વખતે સલામત નથી જતો ! ખાવા પીવાની સેંકડો ચીજો બાબતે ડોકટરો લખે છે કે "આ નુકસાનકર્તા છે' અને અનુભવ છે કે તબીઅતની શકિત રોગ પ્રતિકાર શકિત તકદીરની બલિહારી કે નુકસાન નથી થતું. એના પરથી શું એને નુકસાનરહિત સમજવામાં આવે ?! ખુદા પનાહ આપે ! **બુરી ઘડી કહીને નથી આવતી !** પરપુરૂષોથી પર્દાનુ વાજિબ કરવું ફિત્નાની રોકઠામના માટે છે." (સાર–અહકામે શરીઅત, ૩/૨૯)

## ★ સ્ત્રી અને રોજીની કમાણી ★

સ્ત્રી જો પતિ વિનાની છે અથવા પતિ તો છે પણ કાંઈ કામનો નથી, તેની દેખભાળ નથી કરતો અને દિવસ પસાર કરવા માટે તેણીની પાસે પણ કાંઈ નથી, ન સગાંઓ તરફથી કાંઈ સપોર્ટ છે ન તેમનામાં શકિત છે ન તો બૈતુલ માલની વ્યવસ્થા છે જેનાથી તેણીને કાંઈ મળી શકે, ન ખૂદ પોતાનામાં હસ્તકલાની કાબેલિયત છે કે ઘરે બેઠાં બેઠાં કાંઈક કમાઈ શકે, ન પોતાના મહરમોને ત્યાં કમાણીનો કોઈ ઝરીયો છે અને ન પતિ વિનાની સ્ત્રીને



શાદીની ઈચ્છા છે. આ સંજોગોમાં પરાયા લોકોને ત્યાં નોકરી જાઈઝ છે. પણ એમાં પણ પર્દા તથા આબરૂની હિફાઝત રાખવી જરૂરી છે તથા રોજીનો જાઈઝ ઝરીયો હોવો જોઈએ. શકય હોય ત્યાં સુધી ત્યાં એવું કામ લે જે ઘરે લાવીને કરી શકે, નહીં તો તે ઘરમાં નોકરી કરે જ્યાં કેવળ ઔરતો હોય અથવા નાબાલિગ બાળકો હોય. નહીં તો જયાંના પુરૂષ મુત્તકી તથા પરહેઝગાર હોય. હા ! જો સ્ત્રી ૬૦–૭૦ વરસની બદસૂરત વૃધ્ધા છે તો તેના માટે એકાંતમાં પણ કાંઈ વાંધો નથી.

મોટા ભાગે લોકો નોકરી ધંધાના નામે મજબૂર સ્ત્રીઓની ઈજ્જતનો સોદો કરી લે છે અને તેમણે પોતાના પેટની આગ અને નાબાલિગ ઔલાદના ખાતર સર્વ કાંઈ સહેવું પડે છે. આવી નોકરી તથા આવી દૌલતથી મૌત સારી !

**અય તાઈરે લાહૂતી ઉસ રિઝ્કસે મૌત અચ્છી**
**જિસ રિઝ્કસે આતી હો પરવાઝમેં કોતાહી !**

આ પરથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે અચ્છા ખાસા (માલદાર) ઘરાનાની ઔરતો જેમના પતિ ખૂદ સારી દૌલત તથા સંપત્તિના માલિક છે, જેમના બાપદાદા સારા હોદ્દાઓ પર બિરાજમાન હોય તેમના માટે સર્વિસ તથા નોકરી હરગિઝ જાઈઝ નથી.

સારાંશ કે ઈસ્લામી શરીઅતે સ્ત્રીઓને ઈજ્જત તથા આબરૂના સ્ત્રીત્વમય વકાર તથા પૈદાઈશી હૈસિયતની સલામતીના માટે અમુક શરઈ તથા તબઈ જરૂરતો સિવાય ઘરોના પુરસુકૂન માહોલને ત્યારે છોડવાની રજા આપી છે જ્યારે કે તેણીઓની પાસે કોઈ રોજીનું સાધન ન હોય ન કોઈ હાલ પૂછનારું હોય.

કેવળ ફેશનપરસ્તી તથા આંધળા અનુકરણમાં પોતાના સ્ત્રીત્વના સન્માનના ખયાલ તથા ઈજ્જત આબરૂની ફિકર કર્યા વિના સ્કૂલો, ઓફિસો અને કારખાનાંઓમાં પુરૂષોથી ખભે ખભા મિલાવી નોકરીના નામ પર ભટકવાની ઈજાઝત તે જ આપી શકે છે જેના દિલમાં પોતાની તથા ખાનદાની ઈજ્જત આબરૂનો કાંઈ ખયાલ ન હોય, અને ઈજ્જત તથા હયા નામની

ચીજ તેના દિલેથી વિદાય લઈ ચૂકી હોય. નહીં તો જેના દિલમાં રજમાત્ર ઈમાની ગૈરત, મઝહબી જોશ તથા માનવતા હશે તે કદી પણ એ માન્ય રાખશે નહીં કે પોતાના ઘરની સ્ત્રીઓ સર્વિસના નામે ગૈરોની વાસનાભરી નિગાહોનો શિકાર બને.

**યા રબ દિલે મુસ્લિમકો વો ઝિંદા તમન્ના દે**
**જો કલ્બકો ગરમા દે જો રૂહકો તળપા દે**

સ્ત્રીઓની નોકરી સંબંધે એક સવાલ અને તેનો જવાબ વાંચકો સમક્ષ રજુ કરી રહ્યો છું જેનાથી મસ્અલાની અધિક સ્પષ્ટતા થઈ જશે.

**સવાલ** :– શું ફર્માવે છે દીનના ઉલમા આ મસ્અલામાં કે ઝૈદની પત્ની નાદારીના સબબે એક વિશ્વાસપાત્ર જગાએ નોકરી કરે છે અને ઝૈદ તથા તેની પત્ની કૌમના શરીફ લોકોમાંથી છે. કપડાં એવાં નથી પહેરવામાં આવતાં કે જેનાથી બેપર્દાપણુ થાય. કેટલાક લોકો કહે છે કે ઝૈદની પાછળ નમાઝ પઢવી ન જોઈએ કેમ કે તેની પત્ની ગૈરમર્દોને ત્યાં બેપર્દા રહે છે. જો ઝૈદની પત્ની નોકરી ન કરે તો કેવળ ઝૈદના પગાર પર ગુજારો નથી થઈ શકતો ?!

**જવાબ** :– અહીં પાંચ શરતો છે : (૧) કપડાં બારીક ન હોય જેનાથી વાળ અથવા પહોંચુ વગેરે પર્દામાં રાખવાની કોઈ ચીજનો કોઈ હિસ્સો ઉઘાડો થાય. (૨) કપડાં તંગ તથા ચુસ્ત ન હોય જે શરીરના દેખાવને પ્રદર્શિત ન કરે. (૩) વાળો અથવા પેટ અથવા પહોંચા અથવા પિંડલીનો કોઈ ભાગ જાહેર ન થતો હોય. (૪) કદી નામહરમ સાથે કાંઈક થોડીકવારના માટે પણ એકાંત ન થતું હોય. (૫) તેના ત્યાં રહેવા અથવા બહાર આવવા જવામાં કોઈ ફિત્નાનો સબબ ન હોય. આ પાંચ શરતો મુજબ બરાબર છે, તો વાંધો નથી અને એમાંથી એક પણ કમ છે તો હરામ. પછી જો ઝૈદ એના માટે રાજી છે અથવા શકિત અનુસાર બંદોબસ્ત નથી કરતો તો જરૂર એના પર ઈલ્ઝામ છે, નહીં તો નહીં.... અલ્લાહ બેહતર જાણનાર છે.

(ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૧૧, આખર, પેજ–૨૫૧/૨૫૨)



## ☆ યે હૈ ખ્વાજા કા હિંદુસ્તાન ☆

યે હૈ ખ્વાજા કા હિંદુસ્તાન મેરે ખ્વાજા કા હિંદુસ્તાન
ઈસકે લિયે ગર વકત પળા તો દે દેંગે હમ જાન
યે હૈ ખ્વાજા કા હિંદુસ્તાન મેરે ખ્વાજા કા હિંદુસ્તાન
ઈસીમેં હમ સબ કી ઈઝ્ઝત ઔર હમારી શાન
યે હૈ ખ્વાજા કા હિંદુસ્તાન..........

ફઝ્લે ખુદા ઔર ફૈઝે નબી સે કિલ–એ શિર્ક ઉખાળા થા
આકર ખ્વાજાને અજમેર પે દીન કા ઝંડા ગાળા થા
હિંદ કી ધરતી પર જિતને ભી દીન કે દુશ્મન રહતે થે
અલ્લાહૂ કા ઝર્બ લગાકર હર ઝાલિમ કો પછાળા થા
જિસને ભી દેખા આપકો ખ્વાજા લે આયા ઈમાન
યે હૈ ખ્વાજા કા હિંદુસ્તાન..........

યહીં પે ખ્વાજા સઈદ ફખ્રુદ્દીન હિશામુદ્દીન ભી હૈં
યહીં પે કુતબુદ્દીન નિઝામુદ્દીન અલાઉદ્દીન ભી હૈં
યહીં પે શમ્સુદ્દીન અલ્તમશ યહીં નસીરુદ્દીન ભી હૈં
યહીં પે શર્ફુદ્દીન મુનીરી સૂફી હમીદુદ્દીન ભી હૈં
ઈન સબકી ચૌખટ સે બટતા હૈ જામે ઈરફાન
યે હૈ ખ્વાજા કા હિંદુસ્તાન..........

યહીં પે મસ્ઊદે ગાઝી ને અપને સર કો કટાયા હૈ
યહીં પે મખ્દૂમે અશરફ ને પરચમે હક્ક લહરાયા હૈ
યહીં પે હાજી અલી વ હાજી મલંગો મખ્દૂમે માહિમ
વારિસ, મીના બાબા તાજુદ્દીન કા હમ પર સાયા હૈ
ઈન સબ કી અઝમત પે કરું મૈં તન, મન, ધન, કુર્બાન
યે હૈ ખ્વાજા કા હિંદુસ્તાન..........

☆ ☆ ☆